

પેજ-08

યામી ગૌતમ રામલલ્લાના દર્શન કરીને ભાવુક....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

જસપ્રીત બુમરાહ ન્યુઝીલેન્ડ વનડે શ્રેણી બહાર થતા ચર્ચા




| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 37.00 | 26 .00 |
| વડોદરા | 37.00 | 25.00 |
| સુરત | 36.00 | 24.00 |

પેજ 5 — croma — ક્રોમાએ મેગા ફેસ્ટિવ સેવિંગ્સ સાથે 'ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ'નો પ્રારંભ કર્યો


16 OCTOBER-2026 FRIDAY


સ્પેસએક્સ યુદ્ધ હથિયાર જેલ સજા અંગે આકરા નિયમો બનાવ્યા



પેજ 10

.....સુવિચાર.....

પ્રગતિનો એક જ રસ્તો છે, ક્યારેય પાછળ વળીને ન જોવું.


વર્ષ-15 । અંક-332 । વિક્રમ સંવત-2082 । આસો સુદ - 06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## તમિલનાડુ સરકારનો આદેશ રદ... સુપ્રીમ કોર્ટ ધર્માંતરણ અનામત ચુકાદો બહાલ રાખી મોટો આદેશ

# ધર્માંતરણ પછી અનામત ના મળે... સુપ્રીમનો ઐતિહાસિક ચુકાદો



(એજન્સી) નવીદિલ્હી । તા. 15

સુપ્રીમ કોર્ટે હિન્દુમાંથી ઈસ્લામ ધર્મ અપનાવનાર વ્યક્તિ OBC ક્વોટાનો દાવો ન કરી શકે તેવો મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને બહાલ રાખી સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હિન્દુ સામાજિક વ્યવસ્થાનું પછાતપણું અન્ય ધર્મમાં ટ્રાન્સફર થઈ શકે નહીં. તમિલનાડુ સરકારે ઈસ્લામ સ્વીકારનારાઓને 'પછાત વર્ગ મુસ્લિમ' શ્રેણી હેઠળ અનામત આપી હતી, જે હવે રદબાતલ ઠરી છે.હિન્દુ ધર્મ છોડીને અન્ય ધર્મનો અંગીકાર કર્યા બાદ OBC કે SC ક્વોટા હેઠળ અનામતના અધિકાર મુદ્દે સુપ્રીમ કોર્ટે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હિન્દુ સામાજિક વ્યવસ્થાના પછાત વર્ગ કે અનુસૂચિત જાતિ સાથે જોડાયેલી વ્યક્તિ અન્ય ધર્મ અપનાવ્યા પછી અનામતનો દાવો કરી શકે નહીં.

### તમિલનાડુની સરકારે હિન્દુમાંથી મુસ્લિમ ધર્મ અંગીકાર કરનારાને આપી હતી અનામત

નોંધનીય છે કે અગાઉ તમિલનાડુ સરકારે ઈસ્લામ સ્વીકારનારા લોકોને 'પછાત વર્ગ મુસ્લિમ' શ્રેણી હેઠળ અનામતનો લાભ લેવાની છૂટ આપી હતી. જે બાદ મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારના એ સરકારી આદેશને રદ કર્યો હતો. આજે સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ પી. કે. મિશ્રા અને જસ્ટિસ શ્રી ચંદ્રશેખરની વિશેષ પીઠે આ મામલે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને સંપૂર્ણપણે બહાલ રાખ્યો છે. કોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું કે હિન્દુ સામાજિક વ્યવસ્થામાં જાતિગત પછાતપણું એક ખાસ વ્યવસ્થા અંતર્ગત આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ ધર્માંતરણ કરે છે, ત્યારે તે સામાજિક પછાતપણું આપોઆપ બિન-હિન્દુ વ્યવસ્થામાં પહોંચી જતું નથી. કોર્ટ કહ્યું કે, હિન્દુ સામાજિક વ્યવસ્થાના પછાત વર્ગ કે અનુસૂચિત જાતિ સાથે સંકળાયેલી વ્યક્તિ કોઈ અન્ય ધર્મ અપનાવ્યા પછી અનામતનો લાભ મેળવવાનો દાવો કરી શકે નહીં. ધર્મ પરિવર્તન પછી હિન્દુ સામાજિક વ્યવસ્થાનું પછાતપણું બીજા ધર્મમાં કે બિન-હિન્દુ સામાજિક વ્યવસ્થામાં સ્થાનાંતરિત થઈ શકતું નથી.

**તમિલનાડુ સરકારનો સરકારી આદેશ અને 7 મુસ્લિમ સમુદાયોનો મામલો |** તમિલનાડુ સરકારે રાજ્યમાં 7 મુસ્લિમ સમુદાયોને પછાત વર્ગ તરીકે માન્યતા આપવા સંબંધિત સરકારી આદેશ બહાર પાડ્યો હતો. આ આદેશ અંતર્ગત અન્ય પછાત વર્ગના એવા લોકોને પણ 'બેકવર્ડ ક્લાસ મુસ્લિમ' શ્રેણીમાં સામેલ કરવાની મંજૂરી આપવામાં આવી હતી જેમણે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. મદ્રાસ હાઈકોર્ટે આ આદેશને રદ કર્યો હતો, જેને તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

# SIR વિવાદ વચ્ચે ચૂંટણી પંચનો મોટો નિર્ણય, ગુજરાત સહિત 17 રાજ્યોમાં મતદાર યાદીનું SSR હાથ ધરાશે

### ૧૭ રાજ્યોમાં વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ અભિયાનની જાહેરાત કરાઈ

(એજન્સી) નવીદિલ્હી । તા. 15

ચૂંટણી પંચે 17 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદી સુધારવા 'વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ' (SSR) ની જાહેરાત કરી છે. 1 જાન્યુઆરી, 2027ને લાયકાતની તારીખ ગણી, ગુજરાત સહિતના રાજ્યોમાં નવા અને યુવા મતદારોને જોડવામાં આવશે. 4 જાન્યુઆરી, 2027ના રોજ આખરી યાદી પ્રસિદ્ધ થશે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને સચોટ બનાવવાનો છે. ચૂંટણી કાર્ડની યાદી અને SIRને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે દેશના ચૂંટણી પંચે એક મોટો નિર્ણય લીધો છે. ચૂંટણી પંચે 15 ઓક્ટોબર 2026ના રોજ પત્ર જારી કરીને દેશના 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાતા યાદીમાં ખાસ સુધારો કરવા માટે 'વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ' (SSR) યોજવાની જાહેરાત કરી છે. આ પ્રક્રિયા માટે 1 જાન્યુઆરી 2027ને લાયકાતની તારીખ તરીકે નક્કી કરવામાં આવી છે. પંચે તમામ સંબંધિત રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને પત્ર લખીને આ અંગે જાણ કરી દીધી છે. 'જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950'ની કલમ 21 મુજબ ચૂંટણી પંચ પાસે વિધાનસભાની મુદત પૂરી થવાના 6 મહિના પહેલાં પણ ચૂંટણી યોજવાની સત્તા હોય છે. આથી ચૂંટણી ધરાવતા રાજ્યોમાં મતદાતા યાદી સમયસર સુધારવી અત્યંત જરૂરી બની જાય છે.

### કયા રાજ્યોમાં યોજાશે આ પ્રક્રિયા?

આ 17 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની યાદીમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર, ગોવા, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, છત્તીસગઢ, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, અંદમાન અને નિકોબાર, લક્ષદ્વીપ અને પુડુચેરી સામેલ છે. 03 વિધાનસભા બેઠકો ધરાવતી ઉત્તર પ્રદેશ વિધાનસભાની મુદત આગામી વર્ષે 22 મેના રોજ પૂરી થઈ રહી છે. મણિપુર (60 બેઠકો), ગોવા (40 બેઠકો), પંજાબ (117 બેઠકો) અને ઉત્તરાખંડ (70 બેઠકો) વિધાનસભાની મુદત માર્ચ 2027માં પૂર્ણ થશે. 'જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950'ની કલમ 21 મુજબ ચૂંટણી પંચ પાસે વિધાનસભાની મુદત પૂરી થવાના 6 મહિના પહેલાં પણ ચૂંટણી યોજવાની સત્તા હોય છે.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 17 October, 2026 | 7:00 PM | Rajkot |

Venue: Platinum Hotel Jawahar Road, Opposite Jubilee Garden and Pathikashram in Rajkot

Name: Shashwat Sood | Mobile : 9687767006

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.






# મીડિયાના સવાલોથી ભાગતા ભાજપના આદિવાસી નેતાઓ, જનતાના પ્રશ્નોનો જવાબ આપવાની નૈતિક ફરજ ભૂલ્યા : નિરંજન વસાવા AAP



**જમીનો અને પાણી ગુમાવનારા સ્થાનિક આદિવાસીઓને આજે પણ વળતર અને હક નથી મળ્યા : નિરંજન વસાવા AAP ; ૩૧ ઓક્ટોબર પહેલાં કેવડિયાના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો વડાપ્રધાનના કાર્યક્રમનો સખત વિરોધ કરાશે : નિરંજન વસાવા AAP**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ અને સંગઠન મંત્રી નિરંજન વસાવાએ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, ગઈકાલે કેવડિયા ખાતે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત આદિવાસી મોરચાની પ્રદેશ કક્ષાની બેઠક યોજાઈ હતી, જેમાં ધારાસભ્યો, સાંસદો, મંત્રીઓ અને સંગઠનના ઉચ્ચ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જોકે, આ જ કેવડિયામાં પોતાના ઘર-જમીનો ગુમાવનારા વિસ્થાપિતો આજે પણ ન્યાય માટે ટાવરો પર ચડી રહ્યા છે. જે ડેમો અને કેનાલોથી હજારો કિલોમીટર દૂર પાણી પહોંચે છે, ત્યાંના સ્થાનિક આદિવાસીઓ આજે પણ પીવાના અને સિંચાઈના પાણીથી વંચિત છે. ખોપી ગામ જેવા વિસ્તારોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી આદિવાસીઓ આંદોલન કરી રહ્યા છે, પરંતુ ભાજપના નેતાઓ માત્ર મુલાકાતો લઈને અને મોટી મોટી વાતો કરીને વાહવાહી લૂંટી રહ્યા છે તથા આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે. પ્રદેશ બેઠક દરમિયાન જ્યારે મીડિયાએ આદિવાસી પ્રદેશ અધ્યક્ષ ગણપત વસાવા અને અન્ય પ્રતિનિધિઓને વિસ્થાપિતો અને ખેડૂતોના પ્રશ્નો અંગે પૂછપરછ કરી, ત્યારે તેઓ જવાબ આપવાને બદલે ત્યાંથી ઊભા થઈને ચાલ્યા ગયા હતા.

વર્ષોથી આદિવાસી બેલ્ટમાંથી ચૂંટાઈને આવતા નેતાઓની નૈતિક જવાબદારી બને છે કે તેઓ પ્રજાની સમસ્યાઓ સાંભળે અને તેનો યોગ્ય ઉકેલ લાવે. કેન્દ્ર અને રાજ્ય બંને જગ્યાએ સરકાર હોવા છતાં, આજે પણ પાણી, જમીન અને સનદના હક માટે આદિવાસીઓએ પોલીસ તથા ફોરેસ્ટ વિભાગ સાથે ઘર્ષણ કરવું પડે છે. નિરંજન વસાવાએ વહીવટીતંત્ર અને સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો આગામી ૩૧ ઓક્ટોબર પહેલાં કેવડિયાના વિસ્થાપિતોના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવામાં નહીં આવે, તો તેઓ તમામ સંગઠનો અને આગેવાનોને સાથે રાખીને દેશના વડાપ્રધાનના કાર્યક્રમનો સખત વિરોધ કરશે.

# રાજકોટ શહેરમાં બની રહેલા હત્યા અને લૂંટના બનાવ મુદ્દે આમ આદમી પાર્ટીએ પોલીસ કમિશનરને આપ્યું આવેદનપત્ર

રાજકોટ | રાજકોટ જાણે ક્રાઈમ કેપિટલ તરફ વધી રહ્યું હોય તેમ એક પછી એક ગુના વધતા જાય છે. આ સંજોગોમાં એક જાગૃત વિપક્ષ તરીકે આમ આદમી પાર્ટી દ્વારા આજે રાજકોટ શહેર પોલીસ કમિશનરને રાજકોટ શહેરમાં બની રહેલા હત્યા અને લૂંટના બનાવવા મુદ્દે આવેદનપત્ર આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તેજસ ગાજીપરા, રાજકોટ લોકસભા પ્રમુખ દિલીપસિંહ વાઘેલા, રાજકોટ શહેર પ્રમુખ રાજેશભાઈ ડાંગરિયા, વરિષ્ઠ આગેવાન શિવલાલભાઈ બારસીયા, વોર્ડ નંબર 11 પ્રમુખ હરેશભાઈ ગજેરા, વોર્ડ નંબર 18 પ્રમુખ હિતેશભાઈ પ્રજાપતિ, શીતલબેન ગોહેલ, દિનેશભાઈ ખાટરીયા, રાઘવજીભાઈ અજુડીયા, મહેશભાઈ ગોહેલ, દિલીપભાઈ વોરા, વિવેકભાઈ લીંબાસીયા, વાલજીભાઈ કણજારીયા, કાંતિભાઈ અજાણી, નિલેશભાઈ મોભેરા, જીવરાજભાઈ રામાણી અને જીગ્નેશભાઈ સોની




સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા.આ દરમિયાન આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તેજસ ગાજીપરાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં છેલ્લા 48 કલાકમાં 2 હત્યાઓ થઈ છે, આના પરથી દેખાઈ રહ્યું છે કે શહેરમાં કાયદો અને વ્યવસ્થા ખરડાઈ રહી છે. પ્રશાસન પોતાનું કામ કરે છે પણ જ્યાં જે ડ્રાઈવ ચાલવી જોઈએ અને જનતા માટે અવેરનેસ આવવી જોઈએ એ નથી આવી, એના હિસાબે ગુનેગારો રાજકોટમાં બેફામ ફરી રહ્યા છે. સામાન્ય બાબતોમાં મારામારી અને હત્યાઓ થઈ રહી છે, આવા લોકો પર કાયદાની તાકાત અજમાવીને કડક પગલાં લેવામાં આવે અને બીજો કોઈ વ્યક્તિ આવું કોઈ પગલું ભરતા સો વાર વિચાર કરે એવું વાતાવરણ ઊભું કરવા અમે આજે રજૂઆત કરવા આવ્યા છીએ, રાજકોટ સિટીમાં ક્રાઈમ ઘટે અને લોકો શાંતિથી તહેવારો મનાઈ શકે એવું વાતાવરણ ઊભું કરવા રજૂઆત કરી હતી.

### લાઈટના ઉત્પાદન અને માંગ વચ્ચેનું સંતુલન ખોરવાતાં ભાજપ સરકાર નિષ્ફળ : ગોપાલ ઈટાલિયા

# નવરાત્રીના પવિત્ર તહેવારમાં સમગ્ર ગુજરાતના ગામડાઓમાં વીજકાપની ભયંકર સમસ્યા : ગોપાલ ઈટાલિયા આમ આદમી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતના ગામડાઓમાં વીજળી જવાની અને ભારે ટ્રિપિંગની ફરિયાદો ચિંતાજનક હદે વધી ગઈ છે. તાલાળા, સુત્રાપાડા, રાણાવાવ, કુતિયાણા, પોરબંદર, ભાવનગર, ઉમરાળા, બોટાદ અને સુરેન્દ્રનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કાઠિયાવાડના વિસ્તારોમાં છેલ્લા ૨૦ દિવસથી વીજસંકટ ઘેરું બન્યું છે. વર્ષમાં એક વાર આવતા નવરાત્રીના પવિત્ર તહેવારમાં પણ ભાજપ સરકાર લોકોને પૂરતી વીજળી આપી શકતી નથી. માતાજીની આરતી વખતે અને બહેનો-દીકરીઓ ગરબે રમતી હોય ત્યારે જ વીજળી ગુલ થઈ જાય છે, જેનાથી લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અધિકારીઓ પાસે રજૂઆત કરવામાં આવે ત્યારે તેઓ એકબીજા પર દોષારોપણ કરીને લોડ શેડિંગ કે



રિપેરિંગના બહાના હેઠળ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથેની વાતચીતમાંથી સામે આવ્યું છે કે, રાજ્ય સરકાર પાસે વીજળીની માંગ અને ઉત્પાદન વચ્ચેનું બેલેન્સ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સરકાર પાસે વીજ ઉત્પાદન ઘટી ગયું હોવાથી શહેરો અને મોટા ઉદ્યોગોને અવિરત વીજ પુરવઠો આપવા માટે ગામડાં, જ્યોતિગ્રામ અને ખેતીવાડી ફીડરોની લાઈટો કટકે-કટકે કાપી નાખવામાં આવે છે. શહેરોમાં અડધો કલાક પણ વીજળી જાય તો સમાચાર બને છે, પરંતુ અંતરિયાળ ગામડાંઓનો અવાજ દબાઈ જાય છે. આ પરિસ્થિતિ પાછળ ખાનગી સોલાર અને પવનચક્કી કંપનીઓ સાથેની સાંઠગાંઠ હોય છે. ગોપાલ ઈટાલિયાએ ચેતવણી આપી છે કે, જો ભાજપ સરકાર વહેલી તકે આ વીજ સમસ્યાનો ઉકેલ નહીં લાવે તો પ્રજાના ભારે આક્રોશનો સામનો કરવો પડશે.

## વારંવાર થતા વીજકાપથી મુદ્દે ગોપાલ ઈટાલિયા જૂનાગઢ ખાતે PGVCL કચેરીમાં કરશે રજૂઆત

જુનાગઢ | જૂનાગઢ સહિત આસપાસના વિસ્તારોમાં વારંવાર વીજકાપની સમસ્યાને કારણે ખેડૂતોને ખેતીકામમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ, નવરાત્રિ જેવા તહેવાર દરમિયાન પણ વીજળીની અનિયમિતતા લોકોને પરેશાન કરી રહી છે. આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના નેતૃત્વમાં અને સંગઠન પ્રભારી રાજુભાઈ બોરખતરીયાની ઉપસ્થિતિમાં જૂનાગઢ જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યોની ટીમ દ્વારા શુક્રવાર, તા. 16 ઑક્ટોબર 2026ના રોજ સવારે 11 વાગ્યે જૂનાગઢ સ્થિત PGVCL સર્કલ ઓફિસ ખાતે રજૂઆત કરવામાં આવશે. આમ આદમી પાર્ટી દ્વારા તમામ ખેડૂતમિત્રોને અને આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને અપીલ કરવામાં આવી હતી છે કે જેમના ગામમાં અથવા સીમ વિસ્તારમાં વીજળીની સમસ્યા હોય તેઓ પોતાની ફરિયાદો અને પ્રશ્નો સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી રજૂઆતને મજબૂત બનાવે.આ મુદ્દે અગાઉ આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતના ગામડાઓમાં વીજળી જવાની અને ભારે ટ્રિપિંગની ફરિયાદો ચિંતાજનક હદે વધી ગઈ છે. તાલાળા, સુત્રાપાડા, રાણાવાવ, કુતિયાણા, પોરબંદર, ભાવનગર, ઉમરાળા, બોટાદ અને સુરેન્દ્રનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કાઠિયાવાડના વિસ્તારોમાં છેલ્લા ૨૦ દિવસથી વીજસંકટ ઘેરું બન્યું છે. વર્ષમાં એક વાર આવતા નવરાત્રીના પવિત્ર તહેવારમાં પણ ભાજપ સરકાર લોકોને પૂરતી વીજળી આપી શકતી નથી. માતાજીની આરતી વખતે અને બહેનો-દીકરીઓ ગરબે રમતી હોય ત્યારે જ વીજળી ગુલ થઈ જાય છે, જેનાથી લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અધિકારીઓ પાસે રજૂઆત કરવામાં આવે ત્યારે તેઓ એકબીજા પર દોષારોપણ કરીને લોડ શેડિંગ કે રિપેરિંગના બહાના હેઠળ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. જો ભાજપ સરકાર વહેલી તકે આ વીજ સમસ્યાનું ઉકેલ નહીં લાવે તો પ્રજાના ભારે આક્રોશનો સામનો કરવો પડશે.

# બેલ્જિયમની મહિલા અને કોન્સ્યુલેટ જનરલને નોટિસ

અમદાવાદ | ગુજરાત હાઈકોર્ટે સુરતના એક રહેવાસી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કેન્દ્ર સરકાર, મુંબઈ સ્થિત બેલ્જિયમના કોન્સ્યુલેટ જનરલ અને એક બેલ્જિયમ મહિલાને નોટિસ પાઠવી છે. સુરતના અરજદારે તેમની અઢી વર્ષની પુત્રીના ભારતીય નાગરિકત્વના રક્ષણ માટે સત્તાવાળાઓ પાસે તાકીદના હસ્તક્ષેપની માંગ કરી છે. આ બાળકીને તેમની અલગ થયેલી પત્ની કથિત રીતે બેલ્જિયમ લઈ ગઈ છે.

અરજદારે પોતાની જાતને પુત્રીના કુદરતી વાલી ગણાવતા દાવો કર્યો છે કે, બાળકીની માતા જે બેલ્જિયમની નાગરિક છે, તેના કહેવાથી તેને બેલ્જિયમ ખસેડવામાં આવી રહી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે, પત્નીએ તેમની ડિજિટલ સહી કપટપૂર્વક મેળવી હતી અને સગીર બાળકી માટે બેલ્જિયમનું ડોમિસાઈલ, કાયમી રહેઠાણ અને નાગરિકત્વ સુરક્ષિત કરવા માટે તે સહીવાળા બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો.

અરજદારના વકીલે નાગરિકત્વ કાયદા, 1955 ની કલમ 9 નો સંદર્ભ આપતા દલીલ કરી હતી કે નાગરિકત્વની સમાપ્તિ અંગેના વિવાદોનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરવાનો હોય છે. તેમણે નાગરિકત્વ નિયમો, 2009 ના નિયમ 40 નો પણ આધાર લીધો હતો, જે ભારતીય નાગરિક દ્વારા અન્ય દેશનું નાગરિકત્વ પ્રાપ્ત કરવા અંગે નિર્ધારણ કરવા માટે સત્તાવાળા માટે શિડ્યુલ III હેઠળની પ્રક્રિયા નક્કી કરે છે.

અરજદારે આ બાબતે તાકીદની સુનાવણી પર ભાર મૂક્યો હતો કારણ કે તેમની પત્નીએ બાળકીની કસ્ટડી, ઓળખ અને નાગરિકત્વના વિવાદ અંગે બેલ્જિયમની કોર્ટનો સંપર્ક કર્યો છે. સુનાવણી દરમિયાન રજૂઆત કરવામાં આવી હતી કે વિદેશ મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી, જેણે 12, ઓગસ્ટે જવાબ આપ્યો હતો કે આ મામલો હાલ બેલ્જિયમની કોર્ટ સમક્ષ વિચારાધીન છે અને અરજદારને આખરી નિર્ણયની રાહ જોવાની સલાહ આપવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે તે કોર્ટના આદેશનું પાલન કરશે. વિદેશ મંત્રાલયે અનૌપચારિક સુવિધા માટે આ બાબત બેલ્જિયમ સ્થિત ભારતીય કમિશનને મોકલી આપી છે.

અરજદારે વધુમાં જણાવ્યું હતું કે તેમની પાસે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નહોતો, અને હવે બેલ્જિયમની કોર્ટ પણ ગુજરાત હાઈકોર્ટની કાર્યવાહીના પરિણામની રાહ જોઈ રહી છે. ગયા અઠવાડિયે સુનાવણી બાદ હાઈકોર્ટે સ્ટેન્ડિંગ કાઉન્સિલ દ્વારા કેન્દ્ર સરકાર અને તેના સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જાહેર કરી હતી.

## વિકાસના દાવા વચ્ચે ગુજરાતનો જગતનો તાત ₹૧.૬૮ લાખ કરોડના દેવા તળે દબાયો : પંકજ રાણસરીયા



મોરબી |આમ આદમી પાર્ટી કિસાન સેલના પ્રદેશ ઉપપ્રમુખ અને મોરબી જિલ્લા પ્રભારી પંકજ રાણસરીયાએ ગુજરાત સરકારના 'સમૃદ્ધિ' ના દાવાઓ સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓનો હવાલો આપતાં જણાવ્યું કે, વિકાસના બણગા ફૂંકતી ભાજપ સરકારમાં ગુજરાતનો ખેડૂત ભારે દેવાદાર બની ગયો છે. કેન્દ્રના આંકડા મુજબ ગુજરાતના ખેડૂતો પર કુલ ૧,૬૮,૪૬૦ કરોડનું કિસાન દેવું છે, જેમાં ૧,૦૫,૦૯૭ કરોડ જેટલો મોટો બોજો તો માત્ર પાક લોનનો છે. આ આંકડા કોઈ અંગત બનાવટ નથી પણ સરકારી રેકોર્ડ છે, જે દર્શાવે છે કે અન્ય ઘણા રાજ્યોના કુલ સરવાળા જેટલું એકલું દેવું ગુજરાતના ખેડૂતો માથે છે. માત્ર ચોપડા પર જ ખેડૂત સમૃદ્ધ દેખાય છે, જ્યારે વાસ્તવિકતામાં તે દિવસેને દિવસે આર્થિક સંકટમાં ધકેલાઈ રહ્યો છે.સરકારની ખેડૂત વિરોધી નીતિઓ પર પ્રહાર કરતાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પંકજ રાણસરિયાએ ઉમેર્યું કે, તાજેતરમાં દ્વારકા સહિત અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન થયું હોવા છતાં સરકારે તેમને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને રાહત આપી નથી. બીજી તરફ, ખેતી માટે જરૂરી ડીએપી ખાતર, વીજળી અને ટ્રેક્ટરમાં વપરાતા ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે, જેનાથી ખેતીનો ઉત્પાદન ખર્ચ આસમાને પહોંચ્યો છે. ખેડૂત ઉત્પાદન વધારે છે પણ તેની પડતર મોંઘી થતાં તે દેવાના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળી શકતો નથી. પંકજ રાણસરીયાએ ગુજરાતના આશરે ૬૦ લાખ ખેડૂતોને અપીલ કરી છે કે આ બેધારી નીતિ ધરાવતી સરકાર સામે પોતાના હક અને ન્યાય માટે એક થઈને લડત આપે અને ૨૦૨૭ની ચૂંટણીમાં આ નીતિઓનો યોગ્ય જવાબ આપે.

### હજુ પરમદિવસે જ વિજેતા બનેલા આમ આદમી પાર્ટીના ભાડથર જી.પં.સભ્ય વિરુભાઈ આહીર જનહિતના કામે પણ લાગી ગયા

## આમ આદમી પાર્ટીના ભાડથર જી.પં. સભ્ય વિરુભાઈ આહીરે દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા કલેકટરને સોંપ્યું આવેદનપત્ર

દેવભૂમિ દ્વારકા | હજુ પરમદિવસ જ દ્વારકા જિલ્લાની ભાડથર જિલ્લા પંચાયત બેઠક પર ઐતિહાસિક જીત મેળવીને વિજેતા બનેલા આમ આદમી પાર્ટીના ભાડથર જિલ્લા પંચાયત સભ્ય વિરુભાઈ આહિર જનહિતના અને વિકાસના કામે પણ લાગી ગયા છે. વિરુભાઈ આહીરે આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેક્ટરને આવેદનપત્ર આપી દેવભૂમિ દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ કરી હતી. આ આવેદનપત્રમાં આમ આદમી પાર્ટીના નેતા વિરુભાઈ આહિરે જણાવ્યું હતું કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદની અછતના કારણે ખેતી અને પશુપાલન કરતા પશુપાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદની અછતના કારણે ખેતીના પાકને નુકસાન થવાની અને પશુઓ માટે ઘાસચારા તથા પીવાના પાણીની અછત ઉભી થવાની સમસ્યા સર્જાઈ શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમારી આપને નમ્ર વિનંતી છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદની સ્થિતિ, પાકના નુકસાન અને ભૂગર્ભ જળસ્તર તથા ઘાસચારા અને પીવાના પાણીની ઉપલબ્ધતાનું તાત્કાલિક સર્વેક્ષણ કરાવવામાં આવે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા અને ભાડથર જિલ્લા પંચાયત સભ્ય વિરુભાઈ આહિરે જણાવ્યું હતું કે સર્વેક્ષણના આધારે જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માટે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવામાં આવે, સાથે જ ખેડૂતોને પાક નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવામાં આવે, પશુપાલકોને પૂરતો ઘાસચારો આપવામાં આવે, પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે અને સરકારની દુષ્કાળ રાહત યોજનાનો લાભ મળે એવી વ્યવસ્થા કરવામાં આવે. જેથી ખેડૂતો અને પશુપાલકોને આર્થિક મુશ્કેલીઓમાંથી રાહત મળી શકે, અમારી રજૂઆતને ગંભીરતાથી લઈને જનહિતમાં વહેલી તકે યોગ્ય નિર્ણય લેશો એવી અમને આશા છે.

## "ભાજપના શાસકો માટે સૌથી મહત્વની વસ્તુ છે કમિશન" : મહેશ અણઘણ

સુરત | સુરત મહાનગરપાલિકામાં વોર્ડ નં. ૩ ના આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘણે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગાઢ નિંદ્રામાં સુતા ભાજપના શાસકો માટે સૌથી મહત્વની વસ્તુ છે કમિશન. પણ આ કમિશન કોણ લે છે? ચોમાસામાં જે રોડ રસ્તા ખરાબ થયા છે એ બનવા જોઈએ, પરંતુ 100 કરોડથી વધુના ટેન્ડર ખુલી ગયા છે પણ ચાર મહિનાથી એ ફાઈલો સેક્રેટરીની ઓફિસમાં ધૂળ ખાય છે અને ભાજપના કોઈ નેતાને એવું નથી થતું કે આ કામ કોઈ કોન્ટ્રાક્ટરને સોંપી દઈએ. આ બધા ટેન્ડરો ઝડપથી ખુલવા જોઈએ એવા 150 કરોડથી વધારેના ટેન્ડરો વિવિધ ઝોનમાં ધૂળ ખાઈ રહ્યા છે પરંતુ એની બીડ ખોલાતી નથી, જેના કારણે પ્રોસેસ ૪-૬ મહિના લંબાશે અને છ મહિના સુધી નવા રોડ નહીં બને. જે કામ થઈ ગયા છે એના પેમેન્ટ



રિલીઝ થવા જોઈએ, જેથી કોન્ટ્રાક્ટર બીજા કામને શરૂ કરી શકે. પરંતુ ૨૦૦ કરોડના પેમેન્ટ અટકેલા છે અને અમને જાણવા મળ્યું છે કે સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં રૂપિયા જ નથી અને એટલે જ ગ્રાન્ટ નથી આવી. ત્યાં સુધી આ પેમેન્ટને રોકવામાં આવ્યા છે. અત્યારે ફાઈલો મંજૂર થવી જોઈએ જેથી દિવાળી પછી રોડ રસ્તાના કામ શરૂ થાય.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘણે જણાવ્યું હતું કે, આ કામ ખબર નહિ ક્યારે થશે અને જ્યારે આપવામાં આવશે ત્યારે એક મહિના સુધી કામ નહીં થાય અને ત્યારબાદ હોળી આવી જશે અને ત્યારે લેબર વર્ગ પાછા જતા રહેશે, પછી થોડા સમય બાદ ચોમાસુ આવશે, ચોમાસા બાદ આચારસંહિતા લાગુ થશે, તો શું આખા વર્ષ દરમિયાન રોડ રસ્તા નહીં બને? ગાઢ નિંદ્રામાં સુઈ રહેલા શાસકોને શું કોઈની કંઈ પડી જ નથી? ૧૧૫ કોર્પોરેટરો શું આ બાબતે અવાજ ઉઠાવે છે? જનતાની ચૂંટીને બેસાડી દીધા તો શું હવે એમનું કામ પતી ગયું? જ્યારે આમ આદમી પાર્ટી સદનમાં બેસતી હતી ત્યારે ૫૦૦ કરોડથી વધારાના રોડ રસ્તાના કામ મંજૂર કરવામાં આવ્યા હતા. જો આ કામોના ટેન્ડર નહીં સોંપાય તો ૫૦૦ કરોડના રસ્તાઓનો શું થશે? શું શાસકોની એટલી તાકાત નથી કે સરકારનો કાન ખેંચીને ગ્રાન્ટ મંગાવી શકે? આ લોકોના કારણે શહેરના લોકોએ હેરાન થવું પડે છે. તો સ્થાયી સમિતિના ચેરમેનને અમારી વિનંતી છે કે આવતી સ્થાયી સમિતિની બેઠકમાં આ તમામ કામ લેવામાં આવે અને સૂચના પણ આપવામાં આવે કે, જે પણ બીડ ખોલવાની બાકી છે એ બીડ ઝડપથી ખોલવા માટે અધિકારીઓને સુચના આપવામાં આવે જેથી આગળની કાર્યવાહી શરૂ થાય.

# ન્યુ રાણીપમાં વિદેશ મોકલવાના બહાને લાખોની છેતરપિંડી કરી...

**કેનેડાના પીઆર વિઝા અપાવવાની લાલચે ₹16.77 લાખ પડાવ્યા; વિઝા ન થતાં નાણાં પરત કરવા આપેલા ચેક બાઉન્સ થયા**




અમદાવાદ | અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારમાં વિદેશ મોકલવાના બહાને એક યુવક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. કેનેડાના પી.આર. વિઝા અપાવવાની લાલચ આપીને પ્રણીલ એજ્યુકેશન સર્વીસના ડાયરેક્ટરે ભોગ બનનાર યુવક પાસેથી અલગ અલગ સમયે કટકે-કટકે કુલ 16,77,000 ની માતબર રકમ પડાવી લીધી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ન્યુ રાણીપના 33 વર્ષીય આનંદ પ્રવિણભાઈ પટેલે જુલાઈ 2024માં કેનેડાના પી.આર. વિઝા મેળવવા માટે પ્રણીલ એજ્યુકેશન સર્વીસના ડાયરેક્ટર અરવિંદ તિવારીનો સંપર્ક કર્યો હતો. અરવિંદ તિવારીએ રજિસ્ટ્રેશન અને એન્ડોર્સમેન્ટની પ્રક્રિયા બતાવીને ફરિયાદી પાસેથી ચેક, ગુગલ પે અને રોકડ માધ્યમથી અલગ અલગ તારીખે કુલ 16,77,000 મેળવ્યા હતા.

લાંબો સમય વિતવા છતાં વિઝાનું કામ ન થતાં બંને પક્ષો વચ્ચે એક નોટરાઇઝ એગ્રીમેન્ટ કરાયો હતો, જેમાં નક્કી થયા મુજબ જાન્યુઆરી 2026 સુધીમાં વિઝા ન મળે તો તમામ નાણાં પરત કરવાના હતા. સમયમર્યાદા પૂરી થતાં અરવિંદ તિવારીએ માર્ચ 2026માં રૂ. 1.50 લાખ, રૂ. 3.50 લાખ અને રૂ. 5 લાખના ત્રણ ચેક આપ્યા હતા, જેમાંથી બેંકમાં જમા કરાવેલા બે ચેક ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી બાઉન્સ થયા હતા.

ચેક બાઉન્સ થયા બાદ આરોપી અરવિંદ તિવારીએ ફરિયાદીનો ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને પોતાની ઓફિસે પણ મળવાનું બંધ કરી દીધું હતું. આખરે પોતાની સાથે 16,77,000 ની મોટી છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાનું જણાતાં ભોગ બનનાર યુવાને આરોપી વિરુદ્ધ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધીને વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## જુલાઈમાં વરસાદ સમયે ₹ 31 લાખના ફૂડ પેકેટનું વિતરણ:હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીમાં દરખાસ્ત, સ્મશાનમાં લાકડા સપ્લાય કરવા કોન્ટ્રાક્ટ અપાશે

અમદાવાદ | અમદાવાદમાં 23 અને 24 જુલાઈએ પડેલા ભારે વરસાદના પગલે શહેરમાં જળબંબાકારની સ્થિતિ હતી. ખાસ કરીને પશ્ચિમ વિસ્તારમાં બે દિવસ સુધી પાણીનો નિકાલ થયો ન હતો, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા વિવિધ વિસ્તારોમાં 31 લાખના ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ફૂડ પેકેટના રકમના બિલની ચુકવણી માટેની દરખાસ્ત મુકવામાં આવી છે. 31 જુલાઈના રોજ પડેલા 5 ઈંચ વરસાદમાં પણ 2.92 લાખના ફૂડ પેકેટનું વિતરણ કરવાનું બિલની ચુકવણી કરવામાં આવનાર છે.

જુલાઈ મહિનામાં ત્રણ દિવસ પડેલા ભારે વરસાદના કારણે શહેરના અલગ અલગ વિસ્તારોમાં લોકોના ઘરમાં પાણી ભરાયા હતા. લોકોના ઘરમાં પાણી ભરાઈ જવાના કારણે સામાન પલળી ગયો હતો લોકોને જમવામાં તકલીફ ઉભી પડી હોવાના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ વિસ્તારોમાં શાક-પુરી, ખીચડી સહિતની અલગ અલગ ચીજ વસ્તુના ફૂડ પેકેટ પહોંચાડવામાં આવ્યા હતા. જો કે માત્ર બે દિવસ જ નાગરિકોને હાલાકી પડી હતી, પરંતુ 24થી 27 જુલાઈ સુધી એમ ચાર દિવસ ફૂડ પેકેટના વિતરણ કરવામાં આવ્યા હતા, જેનું 28.39 લાખ રૂપિયાનું બિલ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા મૂકવામાં આવ્યું છે.

ચાર દિવસ સુધી શહેરમાં કોર્પોરેશન દ્વારા ફૂડ પેકેટો પહોંચાડવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે જ્યારે 31 જુલાઈના રોજ પણ પાંચ ઈંચ જેટલો વરસાદ પડ્યો તેમાં પણ 2.92 લાખ રૂપિયાના ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હોવા અંગેની દરખાસ્ત મુકવામાં આવી છે. ફુડ વિભાગના અધિકારી દ્વારા કેટલા ફૂડ વિતરણ કરવામાં આવ્યા અને તેના બિલ અંગેની ચકાસણી કર્યા બાદ આ દરખાસ્ત મુકવામાં આવી છે જેને આવતીકાલે 16 ઓક્ટોબરના રોજ મળનારી હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીમાં મૂકવામાં આવી છે. જેને ભાજપના સત્તાધીશો દ્વારા મંજૂરી આપવામાં આવી શકે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત 24 સ્મશાન ગૃહ અને નવા બનનારા સ્મશાન ગૃહોમાં સૂકા અને જલાઉ લાકડા તેમજ ખાડા ખોદવા માટે કોન્ટ્રાક્ટ આપવા માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. સ્મશાન ગૃહોમાં મૃતદેહના અંતિમ વિધિ માટે સુવિધા સેવા સમિતિ નામની સંસ્થાએ પ્રતિ મણ 91.35 રૂપિયાનો ભાવ ભર્યો છે જ્યારે પ્રતી ખાડાનો એક રૂપિયાનો દર મૂકવામાં આવ્યો છે જેને મંજૂરી આપવા માટેની દરખાસ્ત મુકવામાં આવી છે. અગાઉ અપાયેલા કોન્ટ્રાક્ટર કરતા 9 રૂપિયા વધારે ભાવ મૂકવામાં આવ્યો છે. વર્ષ 2024માં 82.25 રૂપિયા ભાવ મૂકવામાં આવ્યો હતો. જો કે હવેના ટેન્ડરમાં વધુ ભાવ રાખવામાં આવ્યો છે.

અગાઉ વિવેકાનંદ ગ્રામ ઉદ્યોગ નામની સંસ્થાને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. તો જે વિવાદમાં આવી હતી જેના પગલે તેને બ્લેકલિસ્ટ કરવા માટેની પણ દરખાસ્ત મૂકવામાં આવી હતી.

# હોટલ હયાતે ગ્રાહકને 4 હજાર આપવા પડશે:બે કોફીના બિલ ઉપર 34.50 રૂપિયા લેખે સર્વિસ ચાર્જ અને 6.22 રૂપિયા લેખે GST વસૂલ્યો'તો હતો, ગ્રાહક કમિશનનો આદેશ

અમદાવાદ | ગ્રાહક કમિશને હોટેલ હયાત અમદાવાદને કોફીના બિલ પર વસૂલવામાં આવેલ સર્વિસ ચાર્જ અને તે રકમ પર લાદવામાં આવેલ GST ગ્રાહકને પરત કરવાનો આદેશ આપ્યો છે. કમિશને ઠેરવ્યું છે કે બિલમાં આપમેળે સર્વિસ ચાર્જ ઉમેરવો એ અયોગ્ય વેપાર નીતિ ગણાય છે.

કમિશને હોટેલને સર્વિસ ચાર્જ તરીકે વસૂલેલા 34.50 રૂપિયા અને તેના પર GST તરીકે વસૂલેલા 6.22 રૂપિયા વાર્ષિક 9% વ્યાજ સાથે પરત કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત હોટેલ ગ્રાહકને માનસિક ત્રાસ બદલ 2 હજાર રૂપિયાનું વળતર અને કાનૂની ખર્ચ પેટે 02 હજાર રૂપિયા ચૂકવવાનો પણ નિર્દેશ આપ્યો છે.

આ ફરિયાદ રોહિત પટેલ નામના વ્યક્તિ દ્વારા નોંધાવવામાં આવી હતી. જેમણે 11 સપ્ટેમ્બર, 2025 ના રોજ હોટેલની મુલાકાત લીધી હતી અને બે કોફી, એક કેપુચિનો અને એક કોલ્ડ કોફી ઓર્ડર કરી હતી, જેમાંથી પ્રત્યેકની કિંમત 345 રૂપિયા હતી. કોફી અને સર્વિસ ચાર્જ પરના જીએસટી ઉપરાંત 34.50 રૂપિયાના સર્વિસ ચાર્જ સાથે કુલ બિલ 854.92 રૂપિયા થયું હતું.

ગ્રાહકે અમદાવાદ જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ કમિશન સમક્ષ હોટેલ સામે કેસ દાખલ કર્યો હતો અને સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી દ્વારા 4 જુલાઈ, 2022 ના રોજ બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાનો હવાલો આપતાં દલીલ કરી હતી કે હોટેલો અને રેસ્ટોરન્ટ્સ આપમેળે સર્વિસ ચાર્જ લાદી શકે નહીં અને તેના પર જીએસટી વસૂલી શકે નહીં. તેમણે વિવાદિત રકમ પરત કરવાની માંગ કરી હતી અને આક્ષેપિત અયોગ્ય વેપાર નીતિ બદલ હોટેલ ગ્રાહક કલ્યાણ ભંડોળ માં 1 લાખ રૂપિયા જમા કરાવે તેવી પણ માંગ કરી હતી. નોટિસ પાઠવવામાં આવી હોવા છતાં, હોટેલ કમિશન સમક્ષ હાજર થઈ ન હતી કે કોઈ જવાબ રજૂ કર્યો ન હતો, જેના પગલે આ મામલે એકતરફી કાર્યવાહી કરવામાં આવી હતી.

કમિશને નોંધ્યું હતું કે બિલમાં સર્વિસ ચાર્જ મરજિયાત છે,તેવું લખવામાં આવ્યું હતું. છતાં ચૂકવવાપાત્ર રકમમાં તે ચાર્જ સામેલ કરી દેવામાં આવ્યો હતો. સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીની માર્ગદર્શિકા અને માર્ચ 2025 ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાનો સંદર્ભ આપતાં કમિશને જણાવ્યું હતું કે સર્વિસ ચાર્જ આપમેળે અથવા ડિફોલ્ટ રૂપે ઉમેરી શકાય નહીં અને તેની ચુકવણી સંપૂર્ણપણે ગ્રાહકની મરજી પર આધારિત હોવી જોઈએ.

જો કે કમિશને ગ્રાહક કલ્યાણ ભંડોળમાં 1 લાખ રૂપિયાના યોગદાનની માંગને ફગાવી દીધી હતી અને અવલોકન કર્યું હતું કે આ પ્રથાથી કેટલા ગ્રાહકો પ્રભાવિત થયા છે અથવા તેના દ્વારા કુલ કેટલી રકમ એકઠી કરવામાં આવી છે તે સાબિત કરવા માટે કોઈ વિશ્વસનીય પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### કુવાડવા રોડ પાંચમા માળેથી નીચે ફેંકી દેવાની ઘટનાથી સનસનાટી, પ્રેમસંબંધ અને પતિ સાથે ઝઘડો હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું

# રાજકોટમાં 5મા માળેથી બાળકી પડવાના કેસમાં મોટો ઘટસ્ફોટ!

(એજન્સી) રાજકોટ । તા. 15

ગુજરાતના રાજકોટ શહેરમાંથી એક અત્યંત હ્રદયદ્રાવક અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે, જેને જાણીને આખો પરિવાર અને સમાજ સ્તબ્ધ થઈ ગયો છે. રાજકોટ શહેરના કુવાડવા રોડ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં સવા બે વર્ષની નિર્દોષ માસૂમ બાળકીને પાંચમા માળેથી નીચે ફેંકીને ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી. શરૂઆતમાં આ ઘટનાને એક રહસ્યમય અકસ્માત કે કોઈ અજાણ્યા શખ્સનું કૃત્ય માનવામાં આવી રહ્યું હતું, પરંતુ જ્યારે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો ત્યારે જે સત્ય બહાર આવ્યું તેણે સૌને હચમચાવી દીધા. આ નિર્દયી હત્યા કરનાર બીજું કોઈ નહીં પરંતુ સગા જન્મેલી બાળકીની પોતાની માતા જ હોવાનું પોલીસ પૂછપરછમાં સ્પષ્ટ થઈ ગયું છે.

ઘટનાની શરૂઆતની કડીઓ પર નજર કરીએ તો, ૧૨ ઓક્ટોબરના રોજ સાંજના સમયે આ બે વર્ષ અને ચાર મહિનાની માસૂમ બાળકી અચાનક પાંચમા માળેથી નીચે પટકાઈ હતી, જેના કારણે તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ દુર્ઘટના બાદ ૧૪ ઓક્ટોબરે આરોપી પરિણીતાએ મીડિયા અને પડોશીઓ સમક્ષ નિવેદન આપતી વખતે આંસુ સારતા ભારે નાટક કર્યું હતું. તેણે દાવો કર્યો હતો કે, '૧૨ ઓક્ટોબરની સાંજે હું બાથરૂમમાં હતી ત્યારે મને મમ્મી-મમ્મી એવો અવાજ સંભળાયો હતો. હું બહાર આવીને બધાને પૂછવા ગઈ કે મારી દીકરી અહીં છે કે નહીં? બાદમાં પાંચમા માળે જઈને જોયું તો ખબર પડી કે કોઈનું બાળક નીચે પડી ગયું છે.' આ બધી દયનીય વાતો જણાવતી વખતે તે મહિલાએ બેથી ત્રણ વખત બેભાન હોવાનો ડોળ પણ કર્યો હતો જેથી કોઈને તેના પર જરાય શંકા ન જાય.

બાળકી જ્યાંથી નીચે પડી હતી તે જગ્યાએ આશરે ચાર ફૂટ ઊંચી મજબૂત દીવાલ આવેલી હતી, જેના પર આટલી નાની વયની બાળકી જાતે ચડીને નીચે પડી શકે તેવી કોઈ જ શક્યતા નહોતી. આ



ગંભીર સંજોગોને જોતા બાળકીને કોઈ અજાણ્યા ઈસમે કે શંકાસ્પદ વ્યક્તિએ ઊંચકીને નીચે ફેંકી દીધી હોવાની પ્રબળ શંકા પરિવારજનોએ વ્યક્ત કરી હતી. જેને પગલે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પીઆઈ જી.આર. ચૌહાણ સહિતની તપાસકર્તા ટીમે ટેક્નિકલ સોર્સ, સીસીટીવી ફૂટેજ અને આસપાસના પડોશીઓ સહિત ૧૪ જેટલા શંકાસ્પદ લોકોની આકરી પૂછપરછ હાથ ધરી હતી.

શરૂઆતમાં પોલીસને ગેરમાર્ગે દોરવા માટે માતા સતત એવો દાવો કરતી રહી કે કોઈ બહારની વ્યક્તિ બાળકીને ફેંકી ગયું છે, પરંતુ પોલીસની વ્યુહરચના અને કડક પૂછપરછ આગળ તેનું જૂઠાણું ટકી શક્યું નહીં. આકરી પૂછપરછ દરમિયાન પરિણીતા ભાંગી પડી હતી અને તેણે સ્વીકાર્યું કે આ કોઈ અકસ્માત કે બીજાનું કૃત્ય નહોતું, પરંતુ તેણે પોતે જ પોતાની સવા બે વર્ષની માસૂમ પુત્રીને પાંચમા માળેથી નીચે ફેંકીને હત્યા કરી હતી. પૂછપરછમાં સામે આવ્યું કે પતિ સાથેના સતત ઝઘડાઓ અને અન્ય કોઈ વ્યક્તિ સાથેના અનૈતિક પ્રેમસંબંધના કારણે તેણે આ ભયાનક પગલું ભર્યું હતું. પોલીસે બાળકીનાતિાને ફરિયાદી બનાવવાની કાનૂની તજવીજ હાથ ધરી છે.

મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના સામે આવ્યા બાદ સમગ્ર રાજકોટ શહેરમાં ભારે રોષ અને આશ્ચર્યની લાગણી ફેલાઈ ગઈ છે. જે માતાએ બાળકને નવ મહિના ગર્ભમાં રાખીને જન્મ આપ્યો, તે જ માતા પોતાના અંગત સ્વાર્થ અને સંબંધો માટે કેટલી ક્રૂર બની શકે છે તે જોઈને સૌ કોઈ દંગ રહી ગયા છે. પોલીસ દ્વારા આરોપી મહિલા સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવામાં આવી રહી છે અને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ ચાલુ છે.

## એસ.ટી. નિગમ જૂનાગઢ વિભાગ દ્વારા સપ્ટેમ્બર માસમાં કડક દંડનાત્મક કાર્યવાહી

નરેન્દ્ર દવે જૂનાગઢ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) ના જૂનાગઢ વિભાગ દ્વારા મુસાફરોની સુરક્ષા, એસ.ટી. પરિસરમાં સ્વચ્છતા તેમજ કાયદાકીય શિસ્તનું પાલન થાય તે માટે સતત સઘન તપાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જૂનાગઢ વિભાગીય નિયામકશ્રી વી.બી.ડાંગરની યાદીમાં જણાવ્યા અનુસાર, માહે સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી ખાસ ચેકિંગ કામગીરી દરમિયાન વિવિધ ગેરરીતિઓ અને નિયમભંગ બદલ કડક પગલાં ભરવામાં આવ્યા છે. આ ઝુંબેશ દરમિયાન મુસાફરો પાસેથી રૂ.૧૦ ની રકમ વસૂલ કરી ટિકિટ ન આપનાર ૦૧ કંડક્ટરને વિજિલન્સ ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો, જેની સામે નિગમના ધારાધોરણ મુજબ ખાતાકીય તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, બસમાં ટિકિટ લીધા વિના મુસાફરી કરતા ૨૭ જેટલા અનધિકૃત મુસાફરોને પકડી પાડી તેમની પાસેથી સ્થળ પર જ રૂ.૮,૫૨૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.જાહેર આરોગ્ય અને સ્વચ્છતા પ્રત્યે ગંભીરતા દાખવતા, જૂનાગઢ વિભાગ હેઠળના તમામ ૦૯ ડેપો, બસ તથા બસ સ્ટેશન પરિસરમાં ધૂમ્રપાન કરનારા અને પાન- માવો ખાઈને ગંદકી ફેલાવનારા ૪૧૪ લોકો સામે કેસ દાખલ કરી રૂ. ૫,૮૮૫ નો દંડ વસૂલ કરાયો છે. સાથે જ, એસ.ટી. વિભાગના વિસ્તારમાં ટ્રાફિક અડચણરૂપ અને નો-પાર્કિંગ હેઠળ પાર્ક કરેલા ૩૫ વાહનોને ડિટેઈન કરી રૂ. ૧,૦૧,૨૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

## ભેસાણના તડકા પીપળીયા ખાતે મહિલા કિસાન દિવસ નિમિત્તે મહિલા ખેડૂતો માટે ક્ષમતાવર્ધન તાલીમ યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | મહિલા કિસાન દિવસ નિમિત્તે આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ભેસાણ તાલુકાના તડકા પીપળીયા ગામ ખાતે મહિલા ખેડૂતો માટે ક્ષમતાવર્ધન તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન મહિલા ખેડૂતોને સ્વરોજગાર અને મૂલ્યવર્ધન તરફ પ્રોત્સાહિત કરવાના હેતુથી બેકરી શાળા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા વિવિધ બેકરી વાનગીઓ બનાવવાની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી.તાલીમ દરમિયાન વિવિધ વાનગીઓ બનાવવાની પદ્ધતિનું નિદર્શન કરી, જરૂરી સામગ્રી, બનાવટની પ્રક્રિયા તથા ગુણવત્તા જાળવવા અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે મહિલા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મહત્વ, તેની વિવિધ પદ્ધતિઓ, ઉપયોગિતા અને ફાયદાઓ અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડનો સ્ટાફ, બેકરી શાળા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો તેમજ મોટી સંખ્યામાં મહિલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ જિલ્લાના દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને આધાર વેરીફિકેશન પૂર્ણ કરવા અનુરોધ

જૂનાગઢ જિલ્લામાં દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબોને એક ગાયના નિભાવ ખર્ચ માટે સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન 1-Khedut પોર્ટલ મારફતે અરજી કરી મંજૂર થયેલા અને માર્ચ-૨૦૨૬ સુધી યોજનાનો લાભ મેળવેલા તમામ જૂના લાભાર્થીઓને વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ હપ્તાનો લાભ મેળવવા માટે હવે નવા 1-Khedut 2.0 પોર્ટલ પર પ્રોફાઈલ બનાવી આધાર વેરીફિકેશન કરાવવાનું રહેશે.આ અંગે આત્મા તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સ્ટાફ અને ખેડૂત મિત્રો દ્વારા લાભાર્થીઓને તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં આધાર વેરીફિકેશન પૂર્ણ કરવા જાણ કરવામાં આવી હતી. તેમ છતાં કેટલાક લાભાર્થીઓ દ્વારા હજુ સુધી વેરીફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી નથી. આધાર વેરીફિકેશન બાકી રહેવાના કારણે લાભાર્થીની સ્થળ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ શકતી ન હોવાથી તેઓ યોજનાના લાભથી વંચિત રહી શકે છે.જૂનાગઢ જિલ્લાના યોજનાના તમામ જૂના લાભાર્થીઓને 1-Khedut 2.0 પોર્ટલ પર પ્રોફાઈલ બનાવી આગામી ૧૦ દિવસમાં આધાર વેરીફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવે છે. લાભાર્થીઓ 1-Khedut 2.0 પોર્ટલ પર પ્રોફાઈલ બનાવવા તથા આધાર વેરીફિકેશન કરાવવા માટે ગ્રામ પંચાયત, ઈન્ટરનેટ કનેક્ટિવિટી ધરાવતા કેન્દ્રો, ખેડૂત મિત્ર, તાલુકા કક્ષાના આત્મા તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સ્ટાફનો સંપર્ક કરી શકશે. ઉપરાંત, ખેડૂત તાલીમ કેન્દ્ર, સરદારબાગ, જૂનાગઢ ખાતે આવેલી કચેરીનો પણ સંપર્ક કરી શકાશે. તેમ પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા જૂનાગઢની યાદીમાં જણાવ્યું છે.

## સેવા, સાદગી અને સમર્પણના ત્રિવેણી સંગમ નારાણભાઈ સોની (મોટી ખોંભડી) નો આજે જન્મદિવસ

મહેશ એલ.સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાના ખોંભડી મોટી ગામના ગૌરવ અને મારૂ કંસારા સોની સમાજના અગ્રણી નારાણભાઈ સોની આજે ૪૮ વર્ષ પૂરી કરી ૪૯મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.સફળતા સાથે સાદગી જાળવવી એ વિરલ વ્યક્તિત્વનું કામ છે, જે નારાણભાઈમાં સહજ જોવા મળે છે. વ્યવસાયની સાથે તેઓશ્રી નખત્રાણા તાલુકા સોના-ચાંદી મહામંડળના મહામંત્રી, મારૂ કંસારા સોની પશ્ચિમ કચ્છ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી,



પશ્ચિમ કચ્છ સોની સમાજ નેત્રા ઘટકના પ્રમુખ, ૐ સેવા ટ્રસ્ટના મહામંત્રી તરીકે કાર્યરત છે તેમજ કચ્છ જિલ્લા ઓલ ઈન્ડિયા મારુ કંસારા સોની મહામંડળના મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે.શ્રી મારૂ કંસારા સોની સમાજના સગપણ ગ્રુપમાં તેમનું યોગદાન પાયાના પથ્થર સમાન છે, તો નખત્રાણા તાલુકા ભાજપ યુવા મોરચામાં મંત્રી-ઉપ્રમુખ તરીકે પણ પોતાની સેવા આપી ચૂક્યા છે.નખત્રાણા સ્થિત શ્રી નિલકંઠ જ્વેલર્સ દ્વારા તેઓ વ્યવસાયમાં વિશ્વાસનું પ્રતીક રૂપ બન્યા છે.તેમની પુત્રી નંદિની LLB અને પુત્ર માનવ MBBSનો અભ્યાસ કરી ઉજ્જવળ ભવિષ્ય ઘડી રહ્યા છે.તેમના આજના જન્મદિવસ નિમિતે સગા સ્નેહીઓ, જ્ઞાતિજનો, મિત્રવર્તુળ તરફથી શુભેચ્છા સંદેશાઓનો ધોધ વરસી રહ્યો છે.

## સાંદીપની શાળામાં હોસ્ટેલમાં રહી ધોરણ-૧૧ના અભ્યાસ કરતા વિદ્યાર્થીનું શંકાસ્પદ સંજોગોમાં મોત..

**સાંદીપની શાળાનાં હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવતા ચકચાર; સાપુતારા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ..**

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતે આવેલી પ્રતિષ્ઠિત સાંદીપની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહના ૧૭ વર્ષીય વિદ્યાર્થી અંકિતભાઈ બાળુભાઈ સહારેનું ગળેફાંસો ખાધેલી હાલતમાં મોત નિપજતાં શૈક્ષણિક જગતમાં ચકચાર મચી જવા પામી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, વિદ્યાર્થી અંકિતભાઈ સહારે હોસ્ટેલમાં રહી ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો હતો.આ દરમિયાન, હોસ્ટેલના રૂમમાં બારીની ગ્રીલ સાથે દોરી બાંધી પંખા પાસે ગળેફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવતાં શાળા કેમ્પસમાં દોડધામ મચી જવા પામી હતી.બાદમાં આ ઘટનાની જાણ સાપુતારા પોલીસ મથકે કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે શાળા અને હોસ્ટેલના પરિસરમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

આ વિદ્યાર્થીએ કયા કારણોસર આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે તે અંગે હાલ કોઈ સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થઈ નથી.ઘટનાના ચોક્કસ કારણો જાણવા પોલીસ તપાસ બાદ જ હકીકત બહાર આવે તેવી શક્યતા જોવા મળી રહી છે.આ ઘટનાની જાણ થતાં સાપુતારા પોલીસની ટીમ તાત્કાલિક શાળાએ પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમની કાર્યવાહી માટે શામગહાન સામુહીક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડ્યો હતો.હાલમાં સાપુતારા પોલીસે સમગ્ર ઘટનાને લઈને આગળની તપાસ હાથ ધરી છે. હાલમાં વિદ્યાર્થીના મોત પાછળનું ચોક્કસ કારણ અકબંધ છે.પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ ઘટનાની હકીકતો સ્પષ્ટ થશે.

## રાજકોટ જિલ્લામાં 9 દૂધ મંડળીને તાળાં લાગ્યા, અધધ 90 લાખ લિટર દૂધ ઘટયું

(એજન્સી) રાજકોટ । તા. 15

રાજકોટ જિલ્લામાં 2024-25 થી 2025-26 દરમિયાન દૂધ સહકારી ક્ષેત્રે ચિંતાજનક સ્થિતિ જોવા મળી છે. 9 દૂધ મંડળીઓને તાળાં લાગ્યા અને 5,989 સભ્યો ઘટતાં કુલ દૂધ સંકલન 90 લાખ લિટરથી વધુ ઘટ્યું છે. વિંછીયા અને જસદણમાં સભ્યોની સંખ્યા વધી, જ્યારે ગોંડલ, જામકંડોરણા અને ધોરાજીમાં સભ્યો અને દૂધ સંકલનમાં મોટો ઘટાડો નોંધાયો. પશુઓના વિયાણ ચક્રમાં ફેરફાર અને વધતો ખર્ચ આ ઘટાડાના મુખ્ય કારણો છે.

એક તરફ ચોમાસું નબળું રહેતા દૂષ્કાળની સ્થિતિ સર્જાઈ છે ત્યારે રાજકોટ જિલ્લામાં પશુપાલન અને દૂધ સહકારી ક્ષેત્રના બે વર્ષના હિસાબ-કિતાબ ચિંતાજનક રહ્યા છે. ગામડાં સુધી દૂધ ખરીદીનું સહકારી માળખું વિસ્તર્યું છે, પણ 9 દૂધ મંડળીઓને તાળાં લાગ્યા છે તો 4 નવી મંડળીઓ ચાલુ થઈ છે. તેની સામે દૂધ ભરતા 5,989 સભ્યો તૂટયા છે અને કુલ દૂધ સંકલન પણ અધધ 90 લાખ લિટરથી વધારે ઘટયું છે. એટલે કે, અસલી દૂધની અછત વર્તાઈ છે, તો બનાવટી દૂધની નદીઓ વહે છે.

વર્ષ 2024-25માં રાજકોટ જિલ્લામાં 532 દૂધ સહકારી મંડળીઓ હતી અને તેમાં 42,306 સભ્યો દૂધ ભરતા હતા. વર્ષ 2025-26માં મંડળીઓની સંખ્યા 527 થઈ, અને દૂધ ભરતા સભ્યો ઘટીને 36,317 રહ્યા. એટલે મંડળીઓમાં પાંચનો ઘટાડો થયો, જ્યારે સક્રિય દૂધ ભરતા સભ્યોમાં 5,989નો ઘટાડો થયો. આની સીધી અસર દૂધ સંકલન પર પડી. 2024-25માં 14.31 કરોડ લિટર દૂધ એકત્રિત થયું હતું, જે 2025-26માં ઘટીને આશરે 13.40 કરોડ લિટર થયું. એટલે એક વર્ષમાં 90.72 લાખ લિટર દૂધ ઓછું એકત્રિત થયું હતું. સમગ્ર રાજકોટ જિલ્લાની સ્થિતિ એકસરખી નથી. વિંછીયા સૌથી મોટું દૂધ સહકારી કેન્દ્ર બનીને સામે આવે છે. અહીં મંડળીઓ બે મંડળીઓ વધી અને દૂધ ભરતા સભ્યો પણ 6,132થી વધીને 8,597 થયા. એટલે નવા માળખા સાથે પશુપાલકોની ભાગીદારી પણ વધી છે. જસદણમાં બીજી રસપ્રદ સ્થિતિ છે. અહીં મંડળીઓ 97થી ઘટીને 93 થઈ, છતાં દૂધ ભરતા સભ્યો 6,939થી વધીને 8,531 થયા. એટલે મંડળીની સંખ્યા ઓછી થવી એ હંમેશા પશુપાલન ઘટયું હોવાનો આધાર નથી.

### તનવી ગોલ્ડ કર્મચારી દ્વારા અંદરની ટીપ આપવામાં આવી હતી

# રાજકોટ જ્વેલર્સ લૂંટ હત્યા ઉદયપુર ધરપકડથી મોટો ખુલાસો



(એજન્સી) રાજકોટ । તા. 15

ગુજરાતના રાજકોટ શહેરમાં ચકચાર મચાવનાર અને સમગ્ર સોની બજારને હચમચાવી નાખનાર હાઈ-પ્રોફાઈલ લૂંટ અને હત્યાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે આકાશ પાતાળ એક કરીને મોટી સફળતા મેળવી છે. રાજકોટના આજી જીઆઈડીસી વિસ્તારમાં ગત ૧૪ ઓક્ટોબરના રોજ તનવી ગોલ્ડ નામની જ્વેલર્સ પેઢીના કર્મચારીને ગોળી મારીને ૧.૫૩ કરોડ રૂપિયાના સોના-ચાંદીના કિંમતી દાગીના લૂંટી લેવાના સનસનાટીભર્યા કેસમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજસ્થાનના ઉદયપુરમાં દરોડા પાડીને કુલ ૯ કુખ્યાત આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ અત્યંત સઘન અને ટેક્નિકલ તપાસમાં સૌથી મોટો અને ચોંકાવનારો ઘટસ્ફોટ એ થયો છે કે આ લૂંટને અંજામ આપવા માટે કોઈ બહારના નહીં પરંતુ ખુદ તનવી ગોલ્ડના જ એક કર્મચારીએ લૂંટારૂઓને અંદરની માહિતી (ટીપ) પૂરી પાડી હતી.

૧૪મી ઓક્ટોબરની રાત્રે આજી જીઆઈડીસી વિસ્તારમાંથી તનવી ગોલ્ડ પેઢીના ૫૩ વર્ષીય અનુભવી કર્મચારી લાલજીભાઈ સરધારા પોતાની નિયમિત કામગીરી પતાવીને પરત ફરી રહ્યા હતા, ત્યારે કારમાં આવેલા ચાર જેટલા અજાણ્યા શખસોએ તેમને આંતરી લીધા હતા. લૂંટારૂઓએ લાલજીભાઈ પર હુમલો કરીને તેમની છાતીના ભાગે સીધી ગોળી મારી દીધી હતી અને તેમની પાસે રહેલો ૧.૫૩ કરોડ રૂપિયાની તોતિંગ કિંમતના સોના-ચાંદીના દાગીના ભરેલો થેલો આંચકીને નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા લાલજીભાઈને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજતા આ લૂંટનો મામલો સીધો નિર્દયી હત્યામાં પરિણમ્યો હતો.

ઘટનાની ગંભીરતા અને શહેરમાં ફેલાયેલા રોષને ધ્યાને લઈને રાજકોટ પોલીસ કમિશનરના આદેશથી ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ સક્ષમ ટીમો તપાસમાં જોતરાઈ હતી. ટેક્નિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે સતત પીછો કરીને લૂંટારૂઓનું લોકેશન ટ્રેસ કર્યું હતું. રાજસ્થાનના ઉદયપુર વિસ્તારમાં પહોંચેલી ક્રાઈમ બ્રાન્ચે સ્થાનિક પોલીસની મદદથી દરોડો પાડીને પરપ્રાંતિય લૂંટારૂ ગેંગના ૪ મુખ્ય માસ્ટરમાઈન્ડ અને તેમને મદદ કરનારા અન્ય સહાયકો સહિત કુલ ૯ શખસોની ધરપકડ કરી લીધી છે. રાહતની વાત એ છે કે પોલીસે લૂંટાયેલો ૧.૫૩ કરોડનો તમામ મુદ્દામાલ સંપૂર્ણપણે રિકવર કરી લીધો છે. પોલીસની પ્રાથમિક અને સઘન પૂછપરછમાં અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી છે. તનવી ગોલ્ડ પેઢીમાં જ કામ કરતા એક અંદરના કર્મચારીએ કિંમતી દાગીનાના ટ્રાન્સપોર્ટેશનનો સમય, રૂટ અને લાલજીભાઈની આવન-જાવનની વિગતો પરપ્રાંતિય લૂંટારૂ ગેંગને લીક કરી હતી.

### રાજુલા - જાફરાબાદ વિસ્તારમાં SH-34 ના ચાર માર્ગીય (૪-લેન વિસ્તરણ પ્રોજેક્ટ અંતર્ગત ચાર ગામના ખેડૂત દ્વારા

# રાજુલા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું : આર.ઓ.ડબલ્યુ. દ્વારા વરત વિના જમીન હડપ કરવા ની નિતી સામે ૫ ગામના ખેડૂત દ્વારા આવેદનપત્ર સાથે મૌખિક રજૂઆતો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં SH-34 ના ચાર માર્ગીય (4-Lane) વિસ્તરણ પ્રોજેક્ટ અંતર્ગત લોઠપુર, લુણસાપુર, વાંઢ, મિતિયાળા અને જાફરાબાદ ગામે ગેરકાયદેસર જમીન સંપાદન, આર.ઓ.ડબલ્યુ. (ROW) ના ભ્રામક દાવાઓ અને ખેડતોની જમીન, પાક તેમજ પર્યાવરણને ભોગે થતી કાર્યવાહી અટકાવવા માટે ચાર ગામના ખેડૂતો દ્વારા આવેદનપત્ર જણાવેલ કે રાજુલા જાફરાબાદ ખેડૂત સંકલન સમિતિ' વતી આ પત્ર દ્વારા રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે (SH-34) ના ચાર માર્ગીય (4-Lana) વિસ્તરણ સંદર્ભે સ્થાનિ ખેડૂતોની વેદના, હકો અને કાનૂની વાસ્તવિકતા આપણા સમક્ષ રજૂ કરીએ છીએ.આ બાબતમાં અમારા મુખ્ય અને ગંભીર મુદ્દાઓ નીચે મુજબ છે:ઉપરોક્ત ગામે જમીન સંપાદનનો સંપૂર્ણ અભાવહાલ જે રોડ વિસ્તરણની કામગીરી ધરવામાં આવી રહી છે. તેમાં લોઠપુર થી લુણસાપુર, વાંઢ, મિતિયાળા ગામોમાંથી પસાર થતો માર્ગ આવે છે. સત્તાવાર રેકોર્ડ મુજબ આ વિસ્તારમાં ક્યારેય પણ પણ ખેડતો પાસેથી કાયદેસરની જમીન સંપાદન (Land Acquisition) ની પક્રિયા હાથ ધરવામાં આવી નથી કે કોઈ વળતર ચૂકવવામાં આવ્યું નથી. આર.ઓ.ડબલ્યુ. (ROW) અને માર્ગની 1962 પહેલાની વાસ્તવિકતાદસ્તાવેજી રેકોર્ડ અને જમીન હકીકત મુજબ માર્ગ અને મકાન વિભાગ (R&B) ની હદ (ROW) ક્યારેય 30 મીટર કે તેથી વધુ હોવાના કોઈ આધારભૂત પુરાવા નથી. આઝારીના સમયથી આ માર્ગ માત્ર એક સામાન્ય ગાડા કેડો (Cart Track) હતો. અંદાજે 1960-70ની આસપાસ આ માર્ગ પાકી સડક (B.T. Road) માં રૂપાંતરિત કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યારે પણ કોઈપણ ખેડુતોને જમીનનું વળતર આપ્યા વગર કે કાયદેસરની સંપાદન પ્રક્રિયા કર્યા વગર મનસ્વી રીતે કામ ચલાવવામાં આવ્યું હતું. આજે તેને આધારે 30 થી વધુ મીટરની રેન્જ ગણાવી ખેડૂતોની



માલિકીની જમીન પર દબાણ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. હાલ જે પણ ખેડૂતો દ્વારા માપણી કરવામાં આવી છે તેમની જમીન રસ્તા માં નીકળે છે તેમજ એક પણ નોંધ જમીન કપાત ની રેકોર્ડ પર હાલ મળતી નથી.સ્થાનિક પર્યાવરણ, પ્રદૂષણ અને કૃષિ પાકોના ભોગે થતા વનીકરણ (CA) ના કાયદાકીય છીંડા: વન (સંરક્ષણ એવમ સંવર્ધન) નિયમો, 2023 ના નિયમ 13(1) તથા કેમ્પા (CAMPA) ની જોગવાઈઓમાં રહેલી નીતિગત અને કાયદાકીય છીંડા (Loopholes) ને કારણે સ્થાનિક સ્તરે ગંભીર અન્યાય થઈ રહ્યો છે, જે માર્ગ પર (SH-34) ભારે વાહનોની અવરજવર વધવાથી વાયુ પ્રદૂષણ, ધૂળ અને કાર્બન ઉત્સર્જનનું સંકટ ચાસપાસના વિસ્તારમાં સર્જાવાનું છે, ત્યાં સ્થાનિક રક્ષિત જંગલ (PF) ના વૃક્ષો કાપી નાખવામાં આવે છે. તેના બદલે, વળતરયુક્ત વનીકરણ (CA) ના નામે સેંકડો કિલોમીટર દૂર આવેલા અન્ય જિલ્લામાં (જેમ કે કચ્છની સેન્ડ બેંક) બિન-જંગલ વૃક્ષારોપણ કરવાના દાવા કરવામાં આવે છે, અને હવે રસ્તાની બજન્ને બાજુ PF ની જમીન પણ રહેતી નથી,જે સ્થાનિક પર્યાવરણીય ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે.રોડની બંને બાજુના રક્ષિત જંગલો (PF) એ સ્થાનિક ખેડૂતોની ફળદ્રુપ જમીનો અને પાકો (જેમ કે કપાસ, કેરી, શાકભાજી વગેરે) માટે કુદરતી વિન્ડ- બ્રેકર અને પ્રદૂષણ વિરોધી રક્ષા કવચ તરીકે કાર્ય કરે છે. આ સુરક્ષા કવચ નાશ પામવાથી પ્રદષણની સીધી અને ઘાતક અસર ખેડૂતોના પાકો. જમીનની ફળદ્રુપતા અને ગ્રામીણ અર્થવ્યવસ્થા પર પડશે.કાયદાકીય આધાર અને બંધારણીય જોગવાઈઓ:ભારતીય બંધારણની કલમ 300A: કોઈ પણ વ્યક્તિને કાયદાની સત્તા વિના તેની મિલકતથી વંચિત રાખી શકાય નહીં.જમીન સંપાદન અધિનિયમ, 2013: ખાનગી જમીન હસ્તગત કરવા માટે યોગ્ય વળતર, પુનર્વસન અને પારદર્શક કાનૂની પ્રક્રિયા અનુસરવી અનિવાર્ય છે.માનનીય સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ :Vidya Deviv. State of Himachal Pradesh (2020) તથા Sukh Dutt Ratra v. State of Himachal Pradesh (2022) મુજબ, રાજ્ય સરકાર દ્વારા કાયદેસરની પ્રક્રિયા અને વળતર વિના ખાનગી જમીનનો કબજો લેવો એ બંધારણીય અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. ખેડૂતો ની મુખ્ય માગણીઓ-ચાર નાળા થી જાફરાબાદ ગામે SH-34 ના 4-લેન વિસ્તરણની કામગીરી તાત્કાલિક સ્થગિત કરવામાં આવે. જમીન સંપાદન, ROW, JMS,KJP, માપણી શીટ તેમજ સંબંધિત તમામ દસ્તાવેજોની જાહેર માહિતી આપવામાં આવે. ખેડૂતોની જમીન, પાક અને પર્યાવરણના હિતનું રક્ષણ થાય તે રીતે પ્રોજેક્ટનું પુનર્વિચાર કરવામાં આવે.સ્થળ પર સંયુક્ત સર્વે/તપાસ કરી ખેડૂતોના વાધા ઓનો ન્યાયપૂર્ણ નિકાલ કરવામાં આવે. જ્યાં સુધી સરકાર દ્વારા ખેડૂતો ને હદ માપણી કરી માપણી શીટ નહીં આપવામાં આવે ત્યાં સુધી ખેડૂતો ના ખેતરો નો કબજો ન લેવામાં આવે તેમજ ત્યાં સુધી કામગીરી બંધ રાખવામાં આવે.ખેડૂતો દ્વારા ૩ દિવસનું અલ્ટિમેટમ (ચેતવણી):આ આવેદનપત્ર મળ્યાથી દિન-૩ (ત્રણ દિવસ)* ની અંદર જો આ બાબતે યોગ્ય અને સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તથા કામગીરી અટકાવવામાં નહીં આવે, તો ના છૂટકે અમારે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનાત્મક પગલાં ભરવા પડશે. અમારી જમીન, અમારો પાક અને પર્યાવરણને ભોગે કોઈપણ સંજોગોમાં 4-લેન પ્રોજેક્ટ આગળ'વધવા દઈશું નહીં, જેની સંપૂર્ણ નૈતિક અને વહીવટી જવાબદારી સરકારશ્રીની રહેશે.આશા છે કે આપ આ ગંભીર બાબતે ત્વરિત હસ્તક્ષેપ કરી સંબંધિત અધિકારીઓને યોગ્ય આદેશો કરશો. તેવું પાંચ ગામના ખેડૂતો દ્વારા આવેદનપત્ર જણાવેલ છે.

## રાજકોટ પરેશ ચૌહાણ હત્યા કેસ આરોપી ઝડપાયા પોલીસને સફળતા

(એજન્સી) રાજકોટ । તા. 15

રાજકોટ શહેરના વ્યસ્ત ગણાતા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર થોડા દિવસો પૂર્વે પરેશ ચૌહાણ નામના યુવકની નિર્દયતાપૂર્વક છરીના ઘા ઝીંકીને કરવામાં આવેલી સનસનાટીભર્યા હત્યા કેસમાં પોલીસ તંત્રએ મોટી સફળતા મેળવી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમે આ ગંભીર ગુનામાં સંડોવાયેલા એક સગીર સહિત કુલ ત્રણ કુખ્યાત આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પકડાયેલા આરોપીઓમાં મુખ્ય સૂત્રધાર અનિલ ઉર્ફે કાનો પરમાર અને નામચીન શખસ ધર્મેશ ઉર્ફે રાધે રાઠોડનો સમાવેશ થાય છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક ફરાર આરોપીની શોધખોળ સઘન રીતે ચલાવવામાં આવી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી આસ્થા ચોકડી પાસેની પાનની દુકાન નજીક રાત્રિના સુમારે પરેશ ચૌહાણ (ઉ.વ. ૨૮) પર અચાનક જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. તાલુકા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ પોલીસ કમિશનરના આદેશથી એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો કામે લાગી હતી. પોલીસે મુખ્ય આરોપી અનિલ ઉર્ફે કાનો મુકેશ પરમાર (રહે. આંબેડકરનગર, ૧૫૦ ફૂટ રિંગ રોડ) ને દબોચી લીધો હતો, જેની સામે અગાઉ જુગારધારા સહિતના ત્રણ ગુના નોંધાયેલા છે. આ ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચે નામચીન ધર્મેશ ઉર્ફે રાધે હરેશ રાઠોડ અને એક સગીરને પણ સકંજામાં લીધા છે. ધર્મેશ સામે અગાઉ દારૂના વેચાણ, મારામારી અને ધાક-ધમકી આપવા જેવા કુલ આઠ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

તાલુકા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, મૃતક પરેશ ચૌહાણ અને આ તમામ આરોપીઓ અગાઉ એકસાથે જ બેસતા હતા અને મિત્રવર્તુળમાં રહેતા હતા. પરંતુ સમય જતાં મૃતક વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જમાવવાની કોશિશ કરી રહ્યો હતો, જે વાત આરોપીઓને પસંદ નહોતી આવતી.

## મધ્યાહન ભોજન યોજનામાં NGO પ્રથા સામે ભારે વિરોધ:વઘઈમામલતદારને આવેદનપત્ર



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના અને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાની કામગીરી ખાનગી સંસ્થાઓ એટલે કે એન.જી.ઓ. (NGO) ને સોંપવાની હિલચાલને પગલે સ્થાનિક સંચાલકો, રસોઈયા અને મદદનીશોમાં ભારે અસંતોષ અને વિરોધનો વંતોળ ઊઠ્યો છે.આ મામલે 'દક્ષિણ ગુજરાત પી.એમ. પોષણ કર્મચારી યુનિયન' દ્વારા વઘઈના મામલતદાર મારફતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ઉદ્દેશીને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, મધ્યાહન ભોજન યોજના શરૂ થઈ ત્યારથી જ જે-તે ગામના ગરીબ પરિવાર, વિધવા બહેનો, ત્યકતા બહેનો તેમજ આદિમજૂથ અને અતિ પછાત જાતિમાંથી આવતા કર્મચારીઓ ખૂબ જ નાના પગારથી સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે. હાલમાં આ સંચાલકો અને રસોઈયાઓ દ્વારા પ્રાથમિક શાળાઓમાં બાળકોને તાજું, સ્વચ્છ, ગરમ અને આરોગ્યપ્રદ શાકભાજી તથા નાસ્તો તૈયાર કરીને પીરસવામાં આવે છે. જો આ યોજના એન.જી.ઓ.ને સોંપવામાં આવશે તો ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી પરિવારના કર્મચારીઓની આજીવિકા અને રોજીરોટી છીનવાઈ જવાની ગંભીર ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.યુનિયને વધુમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, ડાંગ જેવા આદિવાસી અને અંતરિયાળ વિસ્તારમાં નદીઓ, કોતરો, ડુંગરાળ અને વિષમ રસ્તાઓ હોવાથી બહારની એન.જી.ઓ. માટે સમયસર ગરમ ભોજન પહોંચાડવું શક્ય જ નથી. આથી, આદિવાસી વિસ્તારમાં એન.જી.ઓ. પ્રથા કોઈપણ સંજોગોમાં શરૂ ન થવી જોઈએ. આવેદનપત્રમાં કર્મચારીઓ દ્વારા મુખ્ય બે સ્પષ્ટ માંગણીઓ મુકવામાં આવી છે:૧. મધ્યાહન ભોજન યોજનામાં એન.જી.ઓ. (NGO) પ્રથા તાત્કાલિક રદ કરવી. ૨. એસ.એમ.સી. (SMC) સમિતિમાં મધ્યાહન ભોજન યોજનાનો સમાવેશ કરવો નહીં. સ્થાનિક કર્મચારીઓની રોજગારીનું રક્ષણ કરવા માટે વર્તમાન વ્યવસ્થા જ યથાવત્ રાખવા અને તેમની આ ન્યાયિક માંગણીઓ પર હકારાત્મક વિચારણા કરવા માટે સરકારને નમ્ર અપીલ કરવામાં આવી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. પારિવારિક ચિંતાઓને તમારૂ ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. પોતાના પર દયા ખાવામાં સમય વેડફવા કરતાં જીવનનો પાઠ શીખવાનો પ્રયાસ કરો.

**વૃષભ : બ. વ. ઉ.**
તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો.

**મિથુન : ક. છ. ઘ.**
જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો.

**કર્ક : ડ. હ.**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરનું કામ થકાવનારૂ હશે.

**સિંહ : મ. ટ.**
સ્વાસ્થ્ય સારૂ રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**કન્યા : પ. ઠ. ણ.**
સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**તુલા : ર. ત.**
લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો.

**વૃશ્ચિક : ન. ય.**
તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે.

**મકર : ખ. જ.**
ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. પરિવારના સભ્ય ‍તેમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**મીન : દ. ચ. ઝ. થ.**
શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.

## ભાવિકોને ભાવભર્યું નિમંત્રણ

### નખત્રાણા ધોડમ ટેકરી બિરાજમાન માં મોમાઈ દશામાં માતાજીના મંદિરે શારદીય નવરાત્રીની આસો સુદ આઠમે મહાહવન

મહેશ એલ. સોની નખત્રાણા

આદ્યશક્તિ માં જગદંબાની આરાધનાના પાવન પર્વ સમી શારદીય નવરાત્રીના દિવ્ય અવસરે, કચ્છની ધરતીના આસ્થાના કેન્દ્ર સમાન એવા નખત્રાણા મુકામે ધોડમ ટેકરી ઉપર બિરાજમાન, ભક્તોની મનોકામના પૂર્ણ કરનાર શ્રી મોમાઈ (દશામાં) માતાજીના ભવ્યાતિભવ્ય મંદિર પરિસરમાં આગામી આસો સુદ આઠમ, વાર



સોમવાર ના શુભ દિને પવિત્ર મહાહવનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.શ્રી મોમાઈ દશામાં મિત્ર મંડળ, નખત્રાણા દ્વારા અખબારી યાદી અનુસાર, સોમવારના રોજ સવારે બરાબર 9:00 કલાકે વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાહવનનો પ્રારંભ થશે, ત્યારબાદ બપોરે 12:39 કલાકે શ્રીફળ હોમનું દિવ્ય અનુષ્ઠાન સંપન્ન થશે. હોમ-હવન પૂર્ણ થયા બાદ ભોજન મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે.માં મોમાઈની અસીમ કૃપા સર્વે ભક્તો પર વરસતી રહે અને નગરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનું સામ્રાજ્ય સ્થપાય, તે ઉમદા હેતુથી આ ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન કરાયું છે.આ પાવન પ્રસંગે હવન-દર્શનનો દિવ્ય લાભ લેવા માટે ભુજ-લખપત હાઈવે પર આવેલ શ્રી મોમાઈ મંદિર, નખત્રાણા નગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના તમામ ધર્મપ્રેમી, ભાવિક ભક્તજનોને શ્રી મોમાઈ દશામાં મિત્ર મંડળ, નખત્રાણા દ્વારા હાર્દિક અને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

---

**મુસાફરોને નુકસાન પહોંચાડવાના ઈરાદે આ ટુકડો મૂકવામાં આવ્યો**

# જામનગરના સણોસરા પાસે રેલવે ટ્રેક પર લોખંડનો ટુકડો મૂકતાં કાનાલુસ-પોરબંદર ટ્રેનના એન્જિન સાથે અથડાયો

(એજન્સી જામનગર | તા.15

જામનગર જિલ્લાના લાલપુર અને ગોપગામ રેલવે સ્ટેશન વચ્ચે સણોસરા ગામની સીમમાં રેલવે ટ્રેક પર આશરે ત્રણ ફૂટ લાંબો જૂનો લોખંડનો ટુકડો મૂકવામાં આવતાં કાનાલુસ-પોરબંદર ટ્રેન નંબર 59205ના એન્જિન સાથે અથડાવાની ઘટના બની હતી. રેલવે ટ્રેક પર અવરોધ ઊભો કરી ટ્રેનના મુસાફરોને નુકસાન પહોંચાડવાના ઈરાદે આ ટુકડો મૂકવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાતાં રેલવેની સલામતીને લગતો ગંભીર મામલો સામે આવ્યો છે.આ બનાવ અંગે લાલપુર રેલવે કોલોનીમાં રહેતા અને ભાવનગર ડિવિઝનના રેલવે એન્જિનિયરિંગ વિભાગમાં જુનિયર સેક્શન એન્જિનિયર તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ રામખીલાડીભાઈ મીનાએ લાલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેઓ છેલ્લા છ વર્ષથી રેલવે એન્જિનિયરિંગ વિભાગમાં ફરજ બજાવે છે અને છેલ્લા બે વર્ષથી લાલપુર-ગોપગામ રેલવે ટ્રેકની જાળવણી તથા સલામતીની કામગીરી સંભાળે છે.ફરિયાદની વિગતો મુજબ, તા.13



ઓક્ટોબરના રોજ બપોરે 2:52 વાગ્યે ભાવનગરના એન્જિનિયરિંગ કંટ્રોલ રૂમમાંથી રાજેશભાઈ મીનાને ફોન આવ્યો હતો. તેમાં લાલપુરથી ગોપજામ તરફના રેલવે ટ્રેક પર સણોસરા ગામની સીમમાં કિલોમીટર 883/08થી 883/09 વચ્ચે કાનાલુસ-પોરબંદર ટ્રેન નંબર 59205ના એન્જિન સાથે મીટરગેજનો આશરે ત્રણ ફૂટ લાંબો જૂનો લોખંડનો ટુકડો અથડાયો હોવાની જાણ કરવામાં આવી હતી. ટ્રેનના ચાલક અને ગાર્ડે આ અંગે કંટ્રોલ રૂમને જાણ કરી હતી.આ માહિતી મળતાં રાજેશભાઈ મીના લાલપુર રેલવે સ્ટેશનના ટ્રોલીમેન વિજયભાઈ મગનભાઈ સઠોડને સાથે લઈને ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થળ પર તપાસ કરતાં રેલવેના પાટા પર ઘસાવાનાં નિશાન જોવા મળ્યાં હતાં. પાટાની બાજુમાં આવેલા પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટના સ્લીપર પર પણ ઘસાવાનાં નિશાન જણાયાં હતાં.

ત્યારબાદ તેમણે ભાવનગરના એન્જિનિયરિંગ કંટ્રોલ રૂમને ટ્રેકની સ્થિતિ અંગે જાણ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, બનાવના દિવસે સવારે આશરે 9 વાગ્યે રાજેશભાઈ મીના ગોપજામ રેલવે સ્ટેશન તરફ ટ્રોલી નિરીક્ષણ માટે નીકળ્યા હતા. સવારે 10 વાગ્યાની આસપાસ તેઓ આ સ્થળેથી પસાર થયા ત્યારે રેલવે ટ્રેક પર કોઈ અવરોધ નહોતો. ત્યારબાદ સવારે 10:41 વાગ્યે કીમેન વેજાભાઈ ભીખાભાઈ પણ ત્યાંથી પસાર થયા હતા. બપોરે આશરે 12:15 વાગ્યે મોતીહારી એક્સપ્રેસ ટ્રેન નંબર 19270 પણ આ સ્થળેથી પસાર થઈ હતી, ત્યારે કોઈ બનાવ બન્યો નહોતો.આથી બપોરે 12:15 થી 2:28 વાગ્યા વચ્ચેના સમયગાળામાં કોઈ અજાણ્યા શખ્સે રેલવે ટ્રેક પર લોખંડનો ટુકડો મૂક્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

---

**ધોકા, પાઇપ અને છરીથી હુમલો, ત્રણને ઈજા**

# સિક્કા ન.પાલિકાની ચૂંટણીની અદાવતમાં જૂથ અથડામણ

(એજન્સી જામનગર | તા.15

સિક્કા નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રક ભરવાના મુદ્દે થયેલા વિવાદની અદાવત રાખીને એક જૂથના શખ્સોએ એકસંપ થઈ ધોકા, લોખંડના પાઈપ અને છરી વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. આ હુમલામાં ફરિયાદીને માથા અને ગરદનના ભાગે ઈજાઓ થઈ હતી, જ્યારે એક સાહેદને હાથની કલાઈ પાસે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચી હતી. ફરિયાદીના ભાઈને પણ છરી વડે ગાલના ભાગે ઈજા પહોંચાડવામાં આવી હતી.પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદી તુષાર હસમુખભાઈ પરમાર (ઉંમર વર્ષ 20) ના માતા બીનાબેને સિક્કા નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રક ભર્યું હતું, જે બાબત આરોપી મુકેશ પરમારને પસંદ ન હોવાથી અગાઉ ફરિયાદીના પિતા સાથે બોલાચાલી થઈ હતી. આ અગાઉના ઝઘડાની અદાવત રાખીને આરોપીઓએ ભેગા મળી હુમલો કર્યાનો આક્ષેપ છે.ફરિયાદ મુજબ ભરત મેહુલભાઈ પરમાર, કરણ તુલસીભાઈ પરમાર, મુકેશ મંગાભાઈ પરમાર, અર્જુન તુલસીભાઈ પરમાર અને ભરત ઉર્ફે ટકો પરમાર વગેરે આરોપીઓ સફેદ રંગની નંબર પ્લેટ વગરની કારમાં હથિયારો સાથે આવ્યા હતા. ભરતભાઈએ મેહુલભાઈ પરમારના હાથમાં લાકડાનો ધોકો અને લોખંડનો પાઈપ આપ્યો હતો તેમજ કરણ તુલસીભાઈ પરમાર લાકડાનો ધોકો લઈને આવ્યો હતો.

---

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં 'માતુશ્રી એસ.બી.વી. ચાવડા સરસ્વતી હાઈસ્કુલ'નો દબદબો, વિવિધ વિભાગોમાં મેળવ્યા પ્રથમ અને દ્વિતીય ક્રમ

પાલનપુર:પાલનપુર તાલુકાની નામાંકિત શૈક્ષણિક સંસ્થા માતુશ્રી એસ.બી.વી. ચાવડા સરસ્વતી હાઈસ્કુલે ફરી એકવાર શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. તારીખ ૯ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ NIB સ્કૂલ ઓફ સાયન્સ ખાતે યોજાયેલ SVS કક્ષાના પાલનપુર તાલુકા ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન માં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ઝળહળતી સફળતા મેળવી છે.આ વિજ્ઞાન મેળામાં શાળાના બાળ વૈજ્ઞાનિકોએ પોતાની અદભુત પ્રતિભા અને ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ રજૂ કરીને નીચે મુજબના ક્રમાંકો મેળવ્યા છે:
પ્રથમ વિભાગ (વિભાગ-૧): પ્રથમ નંબર

ચોથો વિભાગ (વિભાગ-૪): બીજો નંબર, પાંચમો વિભાગ (વિભાગ-૫): બીજો નંબર.આ ભવ્ય સફળતા બદલ શાળા



પરિવારમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ છે. શાળાના ટ્રસ્ટી મંડળ અને આચાર્યશ્રી દ્વારા આ પ્રોજેક્ટ્સ તૈયાર કરાવનાર તમામ વિજ્ઞાન શિક્ષકોને તેમના કુશળ માર્ગદર્શન બદલ અને રાત-દિવસ મહેનત કરીને શાળાનું નામ રોશન કરનાર તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે, તેમજ તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

---

## ભાવનગરમાં ભાડે બેંક એકાઉન્ટ આપી સાયબર ફ્રોડ કરાવનાર શખ્સ ઝબ્બે

ભાવનગર: ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે સાયબર ફ્રોડના નાણાંની હેરફેર માટે પોતાના બેંક એકાઉન્ટ ભાડે આપતા અને કમિશન મેળવતા તત્વો સામે કડક ઝુંબેશ હાથ ધરી છે. મ્યુલ હન્ટ ૨.૦ ડ્રાઈવ અંતર્ગત પોલીસે કાર્યવાહી કરીને સાયબર ઠગોને એકાઉન્ટ ભાડે આપનાર એક આરોપીની અટકાયત કરી કાયદેસરના પગલાં લીધા છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી. આઈ. એમ.સી. ચૌધરી અને પી.એસ.આઈ. ડી.એમ. ગોહિલની ટીમ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં સામે આવ્યું કે, વિશાલએ કમિશન મેળવવાની લાલચે પોતાની બેંકની પાસબુક, ચેકબુક, એટીએમ કાર્ડ તેમજ એકાઉન્ટ સાથે લિંક થયેલું સિમ કાર્ડ સાયબર ફ્રોડ આચરતા ઠગોને ભાડે આપ્યું હતું. આ મામલે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૭(૨) અને ૫૪ મુજબ ગુનો નોંધી વિશાલ રમેશભાઈ તલાવીયા (ઉં.વ. ૨૬, રહે. નિલેશ સોસાયટી, નારી ચોકડી પાસે, ભાવનગર, ધંધોથ હીરા મજૂરી) ની ધરપકડ કરવામાં આવી છે.પોલીસે વિશાલને ચીફ કોર્ટ, ભાવનગર સમક્ષ રજૂ કરતા અદાલતે તેના ૨ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. આ ગુનામાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે દિશામાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.સાયબર ક્રાઈમ પોલીસે લોકોને ચેતવણી આપતા જણાવ્યું છે કે, કોઈ પણ વ્યક્તિએ પોતાના બેંક એકાઉન્ટનો ઉપયોગ અજાણી વ્યક્તિને નાણાંની લેવડ-દેવડ માટે ન આપવો.

---

**મુખ્યમંત્રીને મગફળીના ખાલી ઝાંખરાનું પાર્સલ મોકલ્યું**

## દેવભૂમિ દ્વારકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે કોંગ્રેસનો વિરોધ



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલુ વર્ષે તદ્દન નહિવત્ વરસાદ પડતાં સમગ્ર વિસ્તારમાં ભયાનક દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ છે. અતિ વિકટ પરિસ્થિતિ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા દ્વારકા સહિતના અસરગ્રસ્ત જિલ્લાઓને હજુ સુધી દુષ્કાળગ્રસ્ત જાહેર ન કરાતાં ખેડૂતો અને રોષે ભરાયેલી કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોને સાથે રાખીને નિષ્ફળ ગયેલા મગફળીના પાકના ખાલીખમ્મ ઝાંખરાનું પાર્સલ કુરિયર મારફતે સીધું મુખ્યમંત્રીને મોકલી આપવામાં આવ્યું છે.સમગ્ર દેશમાં આ વખતે સૌથી ઓછો માત્ર 16 ટકા વરસાદ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયો છે. ચોમાસું નિષ્ફળ જતાં છેવાડાના આ જિલ્લાના ધરતીપુત્રોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. પાણીની તીવ્ર અછત અને મોસમ નિષ્ફળ જવાથી ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે. આમ છતાં, સરકાર દ્વારા દ્વારકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો નથી કે ખેડૂતોને મળવાપાત્ર કાયદેસરની સહાય કે વળતર ચૂકવવામાં આવ્યું નથી, જેને લઈને સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ વ્યાપ્યો છે.આ વિરોધ પ્રદર્શન અંગે માહિતી આપતાં કિસાન નેતા પાલભાઈ આંબલીયાએ સરકાર પર તીખા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, 'સરકાર પાસે દુષ્કાળનો સરવે કરવાનો સમય નથી અને રાજ્યના કૃષિમંત્રી સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવવામાં વ્યસ્ત છે. એટલા માટે જ અમે મુખ્યમંત્રીને મગફળીના આખા નમૂના મોકલી રહ્યા છીએ જેથી તેઓ પરિસ્થિતિ સમજી શકે.'

આ સાથે તેમણે માંગ કરી હતી કે દેવભૂમિ દ્વારકા ઉપરાંત જામનગર અને પોરબંદર જેવા અસરગ્રસ્ત જિલ્લાઓને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે, ખેડૂતોના તમામ પાક ધિરાણ માફ કરવામાં આવે.

---

## દાહોદ જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમના અધ્યક્ષસ્થાને 'મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના' અંગે આયોજન બેઠક યોજાઈ

| દિપક રાવલ | દાહોદ

જિલ્લા કલેક્ટર કચેરી, દાહોદ ખાતે જિલ્લા કલેકટર સુશ્રી સુરભી ગૌતમના અધ્યક્ષસ્થાને 'મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના'ના આગોતરા આયોજન તેમજ યોજનાકીય કામગીરીની સમીક્ષા અર્થે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં યોજના અંતર્ગત જિલ્લાને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ/રકમ અને તેના સુચારુ ઉપયોગ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ખેડૂતોને આજીવિકા વધારવા માટે આપવામાં આવતા દુધાળા પશુઓ, બકરાં વિતરણ તેમજ સિંચાઈની સુવિધા માટે મંજૂર કરવામાં





આવેલા વ્યક્તિગત કૂવાઓની તાલુકાવાર લાભાર્થી સંખ્યા અને રકમની સઘન સમીક્ષા કરવામાં આવી હતી.આ ઉપરાંત વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન આ યોજના અંતર્ગત હાથ ધરાયેલા વિવિધ વિકાસકામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા છે, કેટલા કામો પ્રગતિ હેઠળ છે અને કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા છે તેની પણ વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ સમયમર્યાદામાં તમામ મંજૂર કામો પૂર્ણ કરવા અને યોજનાનો લાભ છેવાડાના ખેડૂતો સુધી પહોંચાડવા સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, પ્રાયોજન વહીવટદારશ્રી પ્રતીક જૈન, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પશુપાલન અધિકારીશ્રી, ડી. સી.એફ. મિતેષ પટેલ, સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### ગાબડિયા સબ સેન્ટરના બોર્ડમાં છબરડો!, છોટા ઉદેપુરની જગ્યાએ કવાંટ તાલુકો લખાયો

છોટા ઉદેપુર : છોટા ઉદેપુર તાલુકામાં આવેલા ગાબડિયા ગામના આરોગ્ય સબ સેન્ટરના બોર્ડમાં એક આશ્ચર્યજનક અને ગંભીર છબરડો સામે આવ્યો છે. ગાબડીયા ગામ વહીવટી રીતે છોટા ઉદેપુર તાલુકામાં આવેલું હોવા છતાં, અહીંના સબ સેન્ટરના સત્તાવાર બોર્ડ પર છેલ્લા બે વર્ષથી છોટા ઉદેપુરને બદલે 'કવાંટ તાલુકો' લખવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગની બેદરકારી દર્શાવતી આ ઘટનાથી સ્થાનિક સ્તરે ભારે ચર્ચા જાગી છે.ગાબડિયા ગામ છોટા ઉદેપુર મુખ્યાલય (હેડક્વાર્ટર)થી માત્ર ત્રણ કિલોમીટરના અંતરે જ આવેલું છે. જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામજનોને આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે અહીં સબ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં નિયમિતપણે કર્મચારીઓ બેસીને લોકોની સારવાર કરે છે. હેડક્વાર્ટરથી નજીક હોવાના કારણે અવારનવાર ઉચ્ચ અધિકારીઓની અવરજવર પણ રહે છે.

---

## સંખેડાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં 'સેવા સંકલ્પ' હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સ્વયંસેવકોએ સફાઈ અભિયાન





| કમલેશ પટેલ. સંખેડા

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લઈ કોલેજ પરિસરને સ્વચ્છ કર્યું.આ અભિયાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. તેનો ઉદ્દેશ્ય સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ પરિસર જાળવવાનો સંદેશ આપવાનો પણ હતો.આ પહેલ દ્વારા સ્વચ્છતા સામૂહિક જવાબદારી છે તેવો સંદેશ અપાયો. આચાર્ય, કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીથી આ અભિયાન સફળ રહ્યું.કાર્યક્રમનું સંચાલન NSSના પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રિયકાન્ત શ્રીમાળી દ્વારા કરાયું.

---

**SOGને મળી મોટી સફળતા**

# ઓરિસ્સાથી ખાનગી બસમાં લવાતો 17 કિલોથી વધુ ગાંજો ઝડપી પાડ્યો!

(એજન્સી) નવસારી | તા.15

નવસારી જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની ટીમે નશાકારક પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી સામે મોટો પ્રહાર કરતા એક સફળ ઓપરેશન પાર પાડ્યું છે. એસ.ઓ.જી.ની ટીમે ઓરિસ્સાથી ગુજરાત તરફ લાવવામાં આવી રહેલો ગાંજાનો વિશાળ જથ્થો પકડી પાડીને આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીથી નશાનો કારોબાર કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.મળેલી ચોક્કસ બાતમીના આધારે નવસારી SOG ની ટીમે વોચ ગોઠવીને



અમદાવાદ તરફ જઈ રહેલી એક ખાનગી બસને આંતરી હતી. બસમાં તપાસ દરમિયાન ઓરિસ્સાના રહેવાસી બે ઈસમો શંકાસ્પદ હાલતમાં 17 કિલોગ્રામથી વધુ ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ગાંજાનો જથ્થો, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળીને કુલ રૂ. 8.91 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ ગાંજાનો જથ્થો ઓરિસ્સાથી મેળવીને સુરત શહેરમાં પહોંચાડવાનો હતો.

પોલીસે સ્થળ પરથી બે આરોપીઓની ધરપકડ કરીને તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત, આ કૌભાંડમાં ગાંજો મોકલનાર અને મંગાવનાર સહિત અન્ય ત્રણ ઈસમોને વોન્ટેડ જાહેર કરીને તેમને ઝડપી પાડવા માટે પોલીસે આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

---

## હળવદમાં ભૂમાફિયાઓ પર ત્રાટકી ખાણ-ખનિજ ટીમ, એક જ અઠવાડિયામાં બીજો મોટો દરોડો, રેતી માફિયાઓમાં ભારે ફફડાટ

(એજન્સી) હળવદ | તા.15

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં નદી પટમાંથી થઈ રહેલી ગેરકાયદે ખનિજ ચોરી સામે ખાણ-ખનિજ વિભાગે લાલ આંખ કરી છે. તાલુકાના ચાડધરા ગામ નજીક આવેલી નદીમાંથી મોડી રાત્રિના અંધારાનો લાભ ઉઠાવીને મોટા પાયે ચોરી-છૂપીથી રેતીનું ખનન કરવામાં આવી રહ્યું હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે ખનિજ વિભાગની ટીમે અચાનક દરોડો પાડીને ગેરકાયદે રેતીચોરીમાં સંકળાયેલા 7 જેટલા ટ્રેક્ટરોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.મોડી રાત્રે પાડવામાં આવેલા આ સફળ દરોડા દરમિયાન ખનિજ વિભાગની ટીમે તમામ 7 ટ્રેક્ટરોને કબ્જે લીધા હતા અને આગળની કાયદાકીય કસ્ટડી માટે હળવદ પોલીસ સ્ટેશનને સોંપી દીધા હતા. પોલીસે તમામ વાહનો જપ્ત કરી સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીના કારણે રેતીચોરીનો કાળો કારોબાર ચલાવતા સ્થાનિક માફિયાઓ અને ભૂમાફિયાઓમાં ભારે દહેશત અને ફફડાટ વ્યાપી ગયો છે. નોંધનીય છે કે હળવદ પંથકમાં ખાણ-ખનિજ વિભાગ દ્વારા છેલ્લા 1 અઠવાડિયાની અંદર કરવામાં આવેલો આ 2જો મોટો દરોડો છે. આ અગાઉ કરવામાં આવેલી આવી જ એક સરપ્રાઈઝ કાર્યવાહી દરમિયાન વિભાગ દ્વારા ગેરકાયદે ખનન અને વહન કરતા 3 જેટલા મોટા ડમ્પરો પણ ઝડપી લેવામાં આવ્યા હતા. સતત 2જી વાર કરવામાં આવેલી આ કડક કાર્યવાહીથી સાબિત થાય છે કે તંત્ર હવે ખનિજ ચોરો સામે કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવાના મૂડમાં નથી.

## નવો નિયમ અને નવી લિમિટ લાગુ! શિક્ષણ માટે 10 વાર ઉપાડ

# EPFOનો મોટો નિર્ણય: PFમાંથી ગમે ત્યારે પૈસા ઉપાડવા પર રોક

(એજન્સી) નવી દિલ્હી | તા 15




EPFOએ પીએફ ખાતામાંથી એડવાન્સ ઉપાડના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે દરેક કેટેગરી માટે ઉપાડની ચોક્કસ લિમિટ નક્કી કરાઈ છે. સભ્યો શિક્ષણ માટે 10 વાર, લગ્ન માટે 5 વાર અને ઘર સંબંધિત કાર્યો માટે પણ 5 વાર ઉપાડ કરી શકશે. મેડિકલ ખર્ચ માટે કોઈ સીમા નથી. EPFOએ આ નિયમો સભ્યોને નાણાકીય મુશ્કેલીમાંથી બચાવવા માટે બનાવ્યા છે.જો તમે પણ પીએફ ખાતામાંથી વારંવાર નાણાં ઉપાડો છો તો સાવધાન થઈ જજો, કારણ કે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે EPFOએ એડવાન્સ ઉપાડના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે દરેક કેટેગરી માટે પીએફમાંથી ઉપાડની ચોક્કસ લિમિટ નક્કી કરી દેવામાં આવી છે.EPFOના સુધારેલા નિયમો હેઠળ આવશ્યક જરૂરિયાતો, આવાસ સંબંધિત ખર્ચાઓ અને સ્પેશિયલ કન્ડિશન માટે વિડ્રોઅલની મર્યાદા નક્કી કરાઈ છે. આ ગાઈડલાઈનનો મુખ્ય ઉદ્દેશ્ય એ સ્પષ્ટ કરવાનો છે કે, સભ્યો અલગ-અલગ હેતુઓ માટે પોતાની પીએફ બચતનો ઉપયોગ કેટલી વાર કરી શકે છે. EPFO એ વિડ્રોઅલને ત્રણ મુખ્ય કેટેગરીમાં વહેંચ્યું છે, આવશ્યક જરૂરિયાતો, આવાસ સંબંધિત જરૂરિયાતો અને સ્પેશિયલ કન્ડિશન.શિક્ષણ સંબંધિત ખર્ચાઓ માટે સભ્ય પોતાની ઈપીએફ સભ્યપદની અવધિ દરમિયાન વધુમાં વધુ 10 વાર ઉપાડ કરી શકે છે. આ જોગવાઈ સભ્ય અને તેમના પરિવારના શિક્ષણ ખર્ચને આવરી લે છે.મેડિકલ: કેટેગરી 1 હેઠળ આવશ્યક જરૂરિયાતોનો સમાવેશ થાય છે. આ હેઠળ પીએફ સભ્ય પોતાના અને પોતાના પરિવારના મેડિકલ ખર્ચ તથા બીમારી માટે કોઈ પણ નક્કી કરેલી સીમા વિના નાણાં ઉપાડી શકે છે.

લગ્ન પ્રસંગ: લગ્ન સંબંધિત ખર્ચાઓ માટે સભ્ય પોતાની સભ્યપદ અવધિ દરમિયાન વધુમાં વધુ 5 વાર પીએફ માંથી એડવાન્સ રકમ ઉપાડી શકે છે.ઘર કે ફ્લેટની ખરીદી, ઘરનું નિર્માણ, હોમ લોન રિપેમેન્ટ અને ઘરના રિનોવેશન માટે સભ્યો પોતાની ઈપીએફ સભ્યપદ દરમિયાન વધુમાં વધુ 5 વાર ઉપાડ કરી શકે છે. જ્યારે કેટેગરી 3, જેમાં સ્પેશિયલ કન્ડિશન હેઠળ વર્ષમાં વધુમાં વધુ 2 વાર પીએફ માંથી નાણાં ઉપાડી શકાશે.આ ઉપરાંત, EPFO એ જણાવ્યું છે કે, સભ્યપદના 12 મહિના પૂરા થયા બાદ કર્મચારી પોતાના પીએફ બેલેન્સમાંથી વ્યાજ સાથે 75 ટકા રકમ ઉપાડી શકે છે, જેથી કર્મચારીઓને નાણાકીય મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

## પંજાબના ટ્રક ડ્રાઈવરની ચમકી કિસ્મત, દુબઈમાં જીતી ₹1.3 કરોડની લોટરી

દુબઈ : દુબઈમાં વર્ષોથી ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતા પંજાબના કુલવંત સિંહની કિસ્મત ચમકી છે. 53 વર્ષના કુલવંતે અબુધાબી બિગ ટિકિટની સીરિઝ 291ના ડ્રોમાં 5 લાખ દિરહમ એટલે કે અંદાજે 1.3 કરોડનું ઈનામ જીત્યું છે. ખાસ વાત એ છે કે આ ઈનામ તેઓ એકલા નહીં, પરંતુ પોતાના પાંચ મિત્રો સાથે વહેંચશે. કુલવંત અને તેમના મિત્રો છેલ્લા લગભગ બે વર્ષથી દર મહિને સાથે મળીને લોટરીની ટિકિટ ખરીદતા હતા. લાંબા સમયથી ઈનામની રાહ જોઈ રહેલા આ મિત્રોને આખરે મોટી ખુશખબર મળી છે. પંજાબના રહેવાસી કુલવંત સિંહ વર્ષ 2008થી દુબઈમાં રહે છે. તેઓ પરિવાર સાથે દુબઈના જેબલ અલી વિસ્તારમાં રહે છે અને ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરે છે. તેમને ઘણા વર્ષો પહેલાં ઓનલાઈન વીડિયો દ્વારા બિગ ટિકિટ વિશે જાણ થઈ હતી. ત્યારબાદ લગભગ બે વર્ષ પહેલાં તેમણે પોતાના મિત્રો સાથે મળીને ટિકિટ ખરીદવાનું શરૂ કર્યું હતું. ધીમે ધીમે દર મહિને ટિકિટ ખરીદવી તેમના ગ્રુપની આદત બની ગઈ હતી. આ વખતે પણ તેમણે મિત્રો સાથે મળીને ટિકિટ ખરીદી હતી. કુલવંતે ટિકિટનો નંબર કોઈ ખાસ ગણતરી વિના પસંદ કર્યો હતો. જોકે, આ જ ટિકિટ તેમના માટે મોટી ખુશી લઈને આવશે, તેનો તેમને અંદાજ નહોતો.

# News Brief

## Binance AI-સંચાલિત (AI-powered) સીક્યોરિટી સિસ્ટમ્સે (Security Systems) ક્રિપ્ટોમાં (Crypto) $4.6 અબજનું નુકસાન અટકાવ્યું

મુંબઈ : ટ્રેડિંગ વોલ્યુમ (Trading Volume) અને રજિસ્ટર્ડ યુઝર્સ (Registered Users) ની દ્રષ્ટિએ વિશ્વનાં સૌથી મોટાં ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ (Cryptocurrency Exchange) પાછળ કામ કરતી આંતરરાષ્ટ્રીય બ્લોકચેન ઈકોસિસ્ટમ (Global Blockchain Ecosystem) બાઈનાન્સે (Binance) જણાવ્યું છે કે, વર્ષ 2026ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં એની AI-સંચાલિત (AI-powered) સીક્યોરિટી સિસ્ટમ્સે (Security Systems) 8 મિલિયનથી વધારે યુઝરને (Users) સલામતી આપી હતી અને અંદાજે 4.6 અબજ ડોલર (અંદાજે 38,640 કરોડ)નું સંભવિત નુકસાન અટકાવ્યું હતું, જે અત્યાધુનિક ટેકનોલોજી (Advanced Technology) કેવી રીતે રિયલ-ટાઈમમાં (Real-time) ક્રિપ્ટો (Crypto) સાથે સંબંધિત ફ્રોડ (Fraud) અને કૌભાંડનો સામનો કરી રહી છે એ દર્શાવે છે.જેમ જેમ ડિજિટલ એસેટ્સ (Digital Assets) ની સ્વીકાર્યતા સમગ્ર ભારતમાં વધી રહી છે, તેમ તેમ ક્રિપ્ટોકરન્સીની (Cryptocurrency) સલામતી અનેક સંભવિત રોકાણકારો માટે મુખ્ય અવરોધક પરિબળ તરીકે જળવાઈ રહી છે. બાઈનાન્સના (Binance) લેટેસ્ટ સીક્યોરિટી આંકડા (Latest Security Data) દર્શાવે છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (Artificial Intelligence - AI) અને એકથી વધારે સ્તર ધરાવતી પ્રોટેક્શન સિસ્ટમ્સ (Multi-layered Protection Systems) કેવી રીતે રિયલ-ટાઈમમાં (Real-time) આ સમસ્યાઓનું સમાધાન કરે છે.બાઈનાન્સની (Binance) AIએ (Artificial Intelligence) 4.6 અબજ ડોલરનું નુકસાન કેવી રીતે અટકાવ્યું?, બાઈનાન્સની (Binance) AI-સંચાલિત (AI-powered) રિસ્ક સિસ્ટમ્સ (Risk Systems) રિયલ-ટાઈમમાં (Real-time) એક્ટિવિટી (Activity) ચેક કરે છે અને યુઝર (User) સુધી પહોંચાડતાં અગાઉ જોખમોનો સંકેત આપે છે. આ એન્ટિ-ફ્રોડ (Anti-fraud) અને એન્ટિ-સ્કેમ કન્ટ્રોલ્સ (Anti-scam Controls) પર કામ કરતા 100થી વધારે AI મોડલ્સ (AI Models) થી ચાલે છે. વર્ષ 2026ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં આ સિસ્ટમ્સે (Systems) લાખો સ્કેમ (Scam) અને ફિશિંગ (Phishing) ના પ્રયાસોને અટકાવ્યા, 42,000થી વધારે મેલિશિયસ એડ્રેસિસ (Malicious Addresses) ને બ્લેકલિસ્ટ (Blacklist) કર્યા અને દરરોજ 14,000થી વધારે રિયલ-ટાઈમ ચેતવણીઓ (Real-time Alerts) ઈશ્યૂ (Issue) કરી હતી.આ મોડલ્સ (Models) હવે જોખમ સાથે સંબંધિત 80 ટકાથી 90 ટકા રિયલ-ટાઈમ નિર્ણયો (Real-time Decisions) લે છે, જેમાં હ્યુમન રિવ્યૂઅર્સ (Human Reviewers) એવા કેસોમાં આગળ આવે છે, જેમાં વધારે બારીકી સાથે નિર્ણય લેવાની જરૂર હોય છે. આ ઉપાયોએ મળીને દુનિયાભરમાં 8 મિલિયનથી વધારે યુઝરને (Users) સલામતી આપી છે અને દુનિયામાં આશરે 4.6 અબજ ડોલર (38,640 કરોડ) ના સંભવિત નુકસાનને અટકાવ્યું હતું.

## "બાળકના ભવિષ્ય માટે વાંચન એ શ્રેષ્ઠ રોકાણ છે": વાંચનની શક્તિ વિશે અમીશ ત્રિપાઠી



અમદાવાદ : બાળકોમાં સ્ક્રીનના વધુ પડતા ઉપયોગની ચિંતા વધી રહી છે ત્યારે જાણીતા લેખક અમીશ ત્રિપાઠી, નીઓનના સ્થાપક ક્રાંતિ ગાડા અને ડૉ. સ્વાતિ પોપટ વત્સ એક ચર્ચા માટે એકસાથે આવ્યા હતા. 'વાંચન એક રોકાણ' વિષય પર યોજાયેલી આ ચર્ચામાં બાળકોમાં વાંચનની ટેવ વિકસાવવાના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. વાંચન બાળકોની સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને તાર્કિક વિચારશક્તિને વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.આ પ્રસંગે અમીશ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, "તમારા બાળકના ભવિષ્ય માટે વાંચન એ શ્રેષ્ઠ રોકાણ છે. વાર્તાઓ દ્વારા આપણે બાળકોને નિષ્ફળતાનો સામનો કરતાં, જોખમ લેવાની હિંમત કેળવતાં અને મુશ્કેલીઓમાંથી ફરી બેઠા થઈ આગળ વધતાં શીખવી શકીએ છીએ."ચર્ચાને આગળ વધારતાં ક્રાંતિ ગાડાએ જણાવ્યું હતું કે વાંચન માત્ર જ્ઞાન મેળવવા પૂરતું સીમિત નથી. તે બાળકોમાં સહાનુભૂતિ, આત્મવિશ્વાસ, શબ્દભંડોળ અને સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા પણ વિકસાવે છે. આ ગુણો બાળકોને જીવનના વિવિધ પડકારોનો સામનો કરવામાં મદદરૂપ બને છે.આ કાર્યક્રમમાં અમીશ ત્રિપાઠીની પ્રથમ બાળ નવલકથા 'ધ્રુવ એન્ડ તારા: ધ ગ્રેટ ઈન્ડિયન હિસ્ટરી ક્વિઝ'નું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. શિવ ટ્રિલોજી અને રામ ચંદ્ર સિરીઝ જેવી બેસ્ટસેલર કૃતિઓ માટે જાણીતા અમીશ ત્રિપાઠીએ આ પુસ્તકને સાત પુસ્તકોની શ્રેણીનું પ્રથમ પુસ્તક બનાવવાની કલ્પના કરી છે. આ શ્રેણીનાં પુસ્તકો વિવિધ ભારતીય ભાષાઓમાં પણ ઉપલબ્ધ થશે.બાળકોમાં વાંચનની ટેવ વિકસાવવાના આ પ્રયાસને વધુ આગળ વધારતાં નીઓનએ 'રીડિંગ કા SIP' રજૂ કર્યું છે. આ એક માસિક પુસ્તક-ભાડે લેવાની યોજના છે.

### ભાવમાં ઉછાળાને ધ્યાનમાં રાખી કવોટાની ફાળવણી વહેલી કરાઈ

## ઓક્ટોબરના બીજા પખવાડિયા માટે ૧૪ લાખ ટન ખાંડ કવોટા છૂટો કરાયો



મુંબઈ : ઓક્ટોબરના બીજા પખવાડિયા માટે કેન્દ્રએ ૧૪ લાખ ટન ખાંડ કવોટા છૂટો કર્યો છે. દશેરા તથા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી સરકારે બે દિવસ વહેલા કવોટા જાહેર કર્યો છે, જેથી ખાંડનો પૂરતો પૂરવઠો જળવાઈ રહે એમ અન્ન તથા જાહેર વિતરણ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.આ ઉપરાંત ખાંડના આયાતકારોને વધુ બે લાખ ટનની ફાળવણી કરવામાં આવી છે.છેલ્લા દસ દિવસમાં ખાંડના ક્વિન્ટલ દીઠ ભાવમાં રૂપિયા ૧૦૦૦નો વધારો થયો છે. સપ્ટેમ્બર માટે સરકારે ૨૬.૫૦ લાખ ટન અને સંપૂર્ણ ઓક્ટોબર માટે ૩૦ લાખ ટન ખાંડ છૂટી કરવામાં આવી છે. અગાઉ સરકાર મિલો માટે દર મહિને ખાંડ કવોટાની ફાળવણી કરતી હતી જે સપ્ટેમ્બરથી બદલીને દર પખવાડિયે જાહેર કરવાનું શરૂ કરાયું છે. ખાંડના રિટેલ ભાવ હાલમાં રૂપિયા ૫૫થી ૬૦ની વચ્ચે બોલાઈ રહ્યા છે. તહેવારો દરમિયાન ડિલરો દ્વારા ખાંડની સંગ્રહખોરી ટાળવા સરકારે ખાંડમાં સ્ટોક લિમિટ જેવા પગલાં હાથ ધર્યા છ.નવા નોટિફિકેશન પ્રમાણે ડિલર મહત્તમ ૧૦૦૦ ક્વિન્ટલ ખાંડનો સ્ટોક રાખી શકશે અને તે પણ પંદર દિવસ સુધી. નવી મર્યાદા ૧૫ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી અમલી રહેશે.આ અગાઉ ઓગસ્ટમાં ૪૦૦૦ ક્વિન્ટલ સ્ટોક મર્યાદા લાગુ કરવામાં આવી હતી.દરમિયાન ટેરિફ રેટ કવોટા હેઠળ ૨૦૨૬-૨૭ માટે યુરોપિયન યુનિયનમાં ૫૮૪૧ ટન ખાંડની નિકાસની સરકાર દ્વારા છૂટ આપવામાં આવી છે.આ કવોન્ટિટી ઓકટોબર, ૨૦૨૬થી સપ્ટેમ્બર, ૨૦૨૭ની વચ્ચે નિકાસ થઈ શકશે.નવા નિયમ પ્રમાણે દરેક મિલોએ તેમને ફાળવાયેલા પખવાડિક કવોટામાંથી ઓછામાં ઓછી ૪૦ ટકા ખાંડ પખવાડિયાના પ્રથમ સપ્તાહમાં અને બાકીની ખાંડ બીજા સપ્તાહમાં વેચી દેવાની રહેશે. દર પખવાડિયે કવોટા જારી કરવાથી ખાંડની સંગ્રહખોરી અટકાવવામાં મદદ મળશે એમ અન્ન મંત્રાલયના સુત્રોએ અગાઉ જણાવ્યું હતું.

## દિવાળી સુધી UPI ચાર્જ નહીં! NPCIના એક નિર્ણયથી Paytm, Pine Labs અને MobiKwikના શેરમાં તેજી




NPCIએ UPI પર MDR ચાર્જ લાગુ કરવાનો નિર્ણય થોડા અઠવાડિયા માટે મુલતવી રાખ્યો છે. આ નિર્ણયથી પેમેન્ટ કંપનીઓને રાહત મળી છે. સરકારના આ નિર્ણય બાદ Paytm, MobiKwik અને Pine Labs જેવી કંપનીઓના શેરમાં ઉછાળો જોવા મળ્યો છે.15 ઓક્ટોબરથી UPI ટ્રાન્ઝેક્શન પર લાગુ થનારા ચાર્જનો નિર્ણય હવે દિવાળી સુધી ટાળી દેવામાં આવ્યો છે. સરકાર દ્વારા 13 ઓક્ટોબર, મંગળવારે આ નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો. હવે દિવાળી પછી આ ચાર્જ લાગુ કરવામાં આવશે. જોકે, NPCIએ ચાર્જ લાગુ કરવાની નવી તારીખ અલગથી જાહેર કરવામાં આવશે તેમ જણાવ્યું છે. NPCIએ MDR ચાર્જનો નિર્ણય મુલતવી રાખવાની જાહેરાત કર્યા બાદ મંગળવારે ડિજિટલ પેમેન્ટ કંપનીઓના શેરમાં તેજી જોવા મળી હતી.- Paytm: દિવસના સૌથી નીચા સ્તરેથી કંપનીના શેરમાં 6.6%નો ઉછાળો આવ્યો હતો. બપોરે 1:45 વાગ્યે શેર 0.1%થી પણ ઓછા ઘટાડા સાથે 1,673.90 પર ટ્રેડ થઈ રહ્યો હતો.- Pine Labs: દિવસના સૌથી નીચા સ્તરેથી શેરમાં 6.8%નો ઉછાળો નોંધાયો હતો. ત્યારબાદ શેર 1.25%ના વધારા સાથે 165 પર પહોંચ્યો હતો.- MobiKwik: કંપનીના શેરમાં પણ સુધારો જોવા મળ્યો હતો. દિવસના નીચા સ્તર 230.41થી ઉપર આવીને શેર 0.6%ના વધારા સાથે 242 પર ટ્રેડ થઈ રહ્યો હતો.UPI પર MDR ચાર્જ લાગુ કરવાના નિર્ણયનો વેપારીઓનાં અનેક સંગઠનોએ વિરોધ કર્યો હતો. તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને સરકારે હાલ પૂરતો આ નિર્ણય મુલતવી રાખ્યો છે.અગાઉ એવા અહેવાલો પણ આવ્યા હતા કે આ ચાર્જ 1 જાન્યુઆરી સુધી મુલતવી રાખવામાં આવી શકે છે. જોકે, NPCIએ સ્પષ્ટ કર્યું છે કે નિર્ણય હાલ દિવાળી સુધી ટાળવામાં આવ્યો છે અને નવી તારીખ અલગથી જાહેર કરવામાં આવશે.

### ૧૧મી ઓક્ટોબરે વીજ પ્લાન્ટસ ખાતે સ્ટોક્સ ચાર વર્ષની નીચી સપાટીએ

## ઉત્પાદન વધશે નહીં તો માર્ચથી કોલસાની ફરી અછત વર્તાશે



મુંબઈ : ઉનાળાની મોસમ દરમિયાન વીજની ઊંચી માગને પહોંચી વળવા કોલસાના ઉત્પાદન તથા પૂરવઠામાં વધારો કરવામાં નહીં આવે તો થર્મલ વીજ પ્લાન્ટસ ખાતે ફેબ્રુઆરી અથવા માર્ચથી ફરી કોલસાની અછત જોવા મળવાની ધારણાં મૂકવામાં આવી રહી છે.૧૧મી ઓક્ટોબરના કોલસા આધારિત વીજ પ્લાન્ટસ ખાતે કોલસાનો સ્ટોક્સ ૫.૭૨ કરોડ ટનની આવશ્યકતા સામે ૧.૮૨ કરોડ ટન સાથે ચાર વર્ષની નીચી સપાટીએ રહ્યો હતો એમ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના ડેટા જણાવે છે. નીચા સ્ટોક્સને કારણે ૭૯ પ્લાન્ટસ ખાતે સ્ટોકનું સ્તર ચિંતાજનક નીચી સપાટીએ રહ્યું હતું.વીજ પ્લાન્ટો ખાતે મુખ્ય પડકાર પૂરવઠા ઉપરાંત કોલસાનો બફર સ્ટોક ઊભો કરવા બાબતનો પણ રહ્યો હોવાનું એક વીજ કંપનીના સુત્રોએ જણાવ્યું હતું. વર્તમાન વર્ષના એપ્રિલથી ઓગસ્ટના ગાળામાં કોલસાનો વપરાશ વાર્ષિક ધોરણે ૮ ટકા વધી ૩૯.૫૦ કરોડ ટન રહ્યાનું પણ અગાઉ એક અહેવાલમાં જણાવાયું હતું. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશમાં વીજની ટોચની માગ ૧૮ ટકા વધી ૨૭૦ ગીગા વોટ જેટલી જોવા મળી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. ઊંચા તાપમાનને કારણે વીજ માગમાં જોરદાર વધારો છતાં, કોલસા આધારિત વીજ પ્લાન્ટસ તેની સંપૂર્ણ ક્ષમતાએ કામ કરતા નથી.

## Paras Healthcare Limited (પારસ હેલ્થકેર લિમિટેડ) નો IPO બુધવાર, 21 ઓક્ટોબર, 2026 ના રોજ ખુલશે




(એજન્સી) મુંબઈ | તા 15

Paras Healthcare Limited (પારસ હેલ્થકેર લિમિટેડ) નો ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO) બુધવાર, 21 ઓક્ટોબર, 2026 ના રોજ ખુલશે.પ્રાઈસ બેન્ડ (કિંમતનો ગાળો) પ્રતિ ઈક્વિટી શેર 660 થી 693 નક્કી કરવામાં આવ્યો છે.ફ્લોર પ્રાઈસ (ન્યૂનતમ કિંમત) ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ (દાર્શનિક મૂલ્ય - 1 પ્રતિ શેર) કરતાં 660 ગણી છે, અને કેપ પ્રાઈસ (મહત્તમ કિંમત) 693 ગણી છે.બિડ/ઓફર બુધવાર, 21 ઓક્ટોબર, 2026 ના રોજ ખુલશે અને શુક્રવાર, 23 ઓક્ટોબર, 2026 ના રોજ બંધ થશે ('બિડની તારીખો').એન્કર ઈન્વેસ્ટર (મુખ્ય રોકાણકાર) માટે બિડ/ઓફરનો સમયગાળો સોમવાર, 19 ઓક્ટોબર, 2026 રહેશે.ઓછામાં ઓછા 21 ઈક્વિટી શેર માટે બિડ કરી શકાશે અને ત્યારબાદ 21 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે ('બિડની સંખ્યા'). 15 ઓક્ટોબર, 2026: Paras Healthcare Limited ('કંપની') બુધવાર, 21 ઓક્ટોબર, 2026 ના રોજ તેના ઈક્વિટી શેરના ઈનિશિયલ પબ્લિક ઓફર ('ઓફર') માટે બિડ/ઓફર પ્રક્રિયા શરૂ કરશે.આ ઓફર માટે પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર 660 થી 693 નક્કી કરવામાં આવ્યો છે ('પ્રાઈસ બેન્ડ'). ઓછામાં ઓછા 21 ઈક્વિટી શેર માટે બિડ કરી શકાશે અને ત્યારબાદ 21 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે ('ન્યૂનતમ બિડ લોટ').એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની તારીખ સોમવાર, 19 ઓક્ટોબર, 2026 રહેશે. બિડ/ઓફર બુધવાર, 21 ઓક્ટોબર, 2026 ના રોજ ખુલશે.આ ઓફરમાં 500 કરોડ સુધીના નવા ઈક્વિટી શેર (ફ્રેશ ઈશ્યૂ) અને વેચાણકર્તા શેરધારક દ્વારા 950 કરોડ સુધીના ઈક્વિટી શેરનું વેચાણ (ઓફર ફોર સેલ) સામેલ છે. ઓફરનું કુલ કદ 1450 કરોડ સુધીનું છે. દરેક ઈક્વિટી શેરનું મૂળ મૂલ્ય (ફેસ વેલ્યુ) 1 છે.'રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ' (Red Herring Prospectus) દ્વારા ઓફર કરવામાં આવનારા 1 ના મૂળ મૂલ્ય ધરાવતા ઈક્વિટી શેરોને BSE લિમિટેડ ('BSE') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ('NSE' - અને BSE સાથે મળીને, 'સ્ટોક એક્સચેન્જો') પર સૂચિબદ્ધ (લિસ્ટ) કરવાનો પ્રસ્તાવ છે.

### એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026 દરમિયાન નવરાત્રી

## દુર્ગા પૂજા અને દશેરા માટે ટોચની ડીલ્સ સાથે ખરીદી વધુ આનંદપ્રદ બની

(એજન્સી) બેંગલુરુ | તા 15

Amazon.in તહેવારોની ફેશન, પૂજા માટે જરૂરી ચીજવસ્તુઓ, ઘરની સજાવટ, મીઠાઈઓ, સૂકા મેવા, ગિફ્ટ આપવાના વિકલ્પો અને વધુ સહિત તહેવારો માટે જરૂરી ચીજવસ્તુઓના વિશાળ સિલેક્શનમાં મોટી બચતનો લાભ લાવી રહ્યું છે. ગ્રાહકો Amazon.in પર વિવિધ શ્રેણીઓમાં ગ્રેટ ડીલ્સ સાથે પરિવાર અને પ્રિયજનો સાથે તહેવારોની મોસમ ઉજવવા માટે જરૂરી બધું જ શોધી શકે છે. તહેવારમાં પહેરવા માટેના પોશાક અને એસેસરીઝ સાથે ગરબા અને નોરતાની રાતો માટે તૈયારી કરવાથી લઈને પૂજાની સામગ્રી, દીવા, ધૂપ, ફૂલો, રંગોળી કરવાના રંગો અને તહેવારની સજાવટ સાથે દુર્ગા પૂજા અને દશેરા માટે ઘર તૈયાર કરવા સુધીનું બધુ જ - ગ્રાહકો Amazon.in પર દરેક ઉજવણી માટે ઉત્પાદનો શોધી શકે છે. ગ્રાહકો તહેવારના ભોજન અને પ્રસાદ તૈયાર કરવા માટેની વસ્તુઓની સાથે જ મીઠાઈઓ, સૂકા મેવા અને નમકીન જેવી ઉત્સવની વાનગીઓ પણ શોધી શકે છે. ગ્રાહકો ઓર્ડર આપ્યાના દિવસે, બીજા દિવસે અને થોડા કલાકોમાં ડિલિવરીનો પણ લાભ મેળવી શકે છે. આ ઉપરાંત, પ્રાઈમ મેમ્બરો 2 લાખથી વધુ ઉત્પાદનો પર વધારાનું 5% ડિસ્કાઉન્ટ મેળવીને વધુ લાભ ઉઠાવી શકે છે. દરેક ખરીદી પર તમારી બચતને મહત્તમ કરવા માટે પ્રાઈમ સાથે જોડાઓ. તહેવારોમાં ઉભી થતી છેલ્લી ઘડીની જરૂરિયાતો માટે, એમેઝોન નાઉ 120+ શહેરોમાં ગણતરીની મિનિટોમાં હજારો ઉત્પાદનોની ડિલિવરી સેવા પૂરી પાડે છે. સિલેક્શનમાં તહેવારોની સજાવટ, પૂજા માટે જરૂરી વસ્તુઓ, ફૂલો, દાંડિયા લાકડીઓ, દીવા, રંગોળીના રંગો, મીઠાઈઓ, સૂકા મેવા અને અન્ય રોજિંદા તહેવારોની આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે, જે તહેવારોમાં છેલ્લી ઘડીની તૈયારીઓને સરળ બનાવવામાં મદદ કરે છે. Amazon.in આ તહેવારોની મોસમમાં ખરીદીને સરળ તથા વધુ સાહજિક બનાવી રહ્યું છે, જેમાં AI-સંચાલિત ટૂલ્સનો ઉપયોગ ઝડપથી શોધખોળ કરવા અને સ્માર્ટ નિર્ણય લેવા માટે કરવામાં આવ્યો છે. રુફસની મદદથી, ગ્રાહકો "મને 1,000 થી ઓછી કિંમતે નવરાત્રીનો શણગાર બતાવો" જેવા સહજ સંકેતો આપીને વ્યક્તિગત ભલામણો મેળવી શકે છે, તેમજ લેન્સ AIની મદદથી ગ્રાહકો બસ ઑનલાઈન અથવા ઑફલાઈન ફોટો ખેંચીને તરત જ ઉત્પાદનો શોધી શકે છે.

### પસંદગીના એપ્લાયન્સિસ ઉપર 35% સુધીની છૂટ*, ₹45,000 કેશબેક* અને અનબિટેબલ ટેક ડીલ્સ

## ક્રોમાએ મેગા ફેસ્ટિવ સેવિંગ્સ સાથે 'ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ'નો પ્રારંભ કર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 15

ટાટા ગ્રૂપનું ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમા શ્રેણીબદ્ધ ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસ પર તેના એન્યુઅલ ફેસ્ટિવ કેમ્પેઈન સાથે ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ લઈને પરત ફર્યું છે. ગ્રાહકો પસંદગીના એપ્લાયન્સિસ ઉપર 35% સુધીની છૂટ*,બેન્ક અને NBFC ઑફર્સ દ્વારા 45,000 સુધી કેશબેક* અને 20,000* સુધીના એક્સચેન્જ બોનસનો લાભ ઉઠાવી શકે છે, જે તહેવારોની ઉજવણી પહેલાં તેમના હોમ અને પર્સનલ ડિવાઈસિસને અપગ્રેડ કરવાનો શાનદાર અવસર રજૂ કરે છે.સમગ્ર ક્રોમા સ્ટોર ખાતે ઉપલબ્ધ આ કેમ્પેઈન ગ્રાહકોને તેમની મોટાભાગની તહેવારોની ખરીદી યાદગાર બનાવવા માટે પ્રોડક્ટ-સ્પેસિફિક ડિસ્કાઉન્ટ, EMI ઓપ્શન, એક્સચેન્જ બેનિફિટ્સ અને એડિશનલ ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરાવે છે. આ ઑફર્સ લાગુ પડતાં નિયમો અને શરતોને આધીન 31મી ઓક્ટોબર, 2026 સુધી માન્ય છે. એપલ ડિવાઈસિસ ઉપર સ્પેશિયલ ઑફર્સઃ ક્રો iPhone 17: એલિજિબલ એક્સચેન્જ અને કેશબેક બેનિફિટ્સ સાથે ઈફેક્ટિવ પ્રાઈસ 58,990*થી શરૂ થાય છે. મા એપલના ચાહકો માટે ભારતની પ્રિમિયર ડેસ્ટિનેશન બની ગયું છે, જે હાઈ-વેલ્યુ એક્સચેન્જ અને બેન્ક કેશબેક ઓપ્શન ઉપલબ્ધ કરાવે છે. તેની કેટલીક હાઈલાઈટ્સ નીચે મુજબ છેઃ iPhone 17 Pro: એલિજિબલ એક્સચેન્જ અને કેશબેક બેનિફિટ્સ સાથે ઈફેક્ટિવ પ્રાઈસ 94,490*થી શરૂ થાય છે. iPhone 17 Pro Max: એલિજિબલ એક્સચેન્જ અને કેશબેક બેનિફિટ્સ સાથે ઈફેક્ટિવ પ્રાઈસ 1,07,990*થી શરૂ થાય છે. MacBook Air M5: લાગુ પડતાં સ્ટુડન્ટ/ટીચર પ્રાઈસિંગ, એલિજિબલ એક્સચેન્જ અને બેન્ક કેશબેક બેનિફિટ્સ સાથે ઈફેક્ટિવ પ્રાઈસ 1,01,910*થી શરૂ થાય છે. iPad 11th જનરેશનઃ લાગુ પડતી કૂપન - સ્ટોર ડિસ્કાઉન્ટ અને બેન્ક કેશબેક બેનિફિટ્સ સાથે ઈફેક્ટિવ પ્રાઈસ 42,065*થી શરૂ થાય છે. સિનેમેટિક હોમ એન્ટરટેઈનમેન્ટ અને લાર્જ એપ્લાયન્સિસઃ બિગ સ્ક્રીન્સ અને સ્માર્ટ, એનર્જી એફિશિયન્ટ કમફર્ટ સાથે ફેસ્ટિવ ગેધરિંગ્સમાં પરિવર્તન લાવોઃ ટેલિવિઝન્સઃLG 55- ઈંચ AI નેનો 41,990*થી શરૂ સેમસંગ 65-ઈંચ 4K મિનિ LED TV 76,990*થી શરૂસોની 75-ઈંચ બ્રેવિયા 2 4K TV 1,19,900*થી શરૂ. આ ઑફર્સ જુદી-જુદી પ્રોડક્ટ્સ, પેમેન્ટ મેથડ, એક્સચેન્જ એલિજિબિલિટી અને સ્ટોરના લાભો સાથે તમામ પર્ચેજ વેલ્યુ અને પ્રોડક્ટ્સ કેટેગરી પર ગ્રાહકોને વધુ સુવિધા પુરી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. બેસ્ટ ઑફર્સ મેળવવા માટે ગ્રાહકો croma.com અને TATA Neu એપ ઉપર તેમની સૌથી નજીકના ક્રોમા સ્ટોર પર ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ ઑફર્સની માહિતી મેળવી શકે છે. ક્રોમાનો ઓમ્ની-ચેનલ શોપિંગ એક્સપિરિયન્સ ગ્રાહકોને માત્ર ઑનલાઈન પ્રોડક્ટ્સનું રિસર્ચ કરવા માટે જ નહીં પરંતુ ઈન-સ્ટોર એક્સપર્ટ આસિસ્ટન્ટ અને તેમની ખરીદીઓ માટે સુગમતાભર્યા વિકલ્પો પસંદ કરવાનો પણ લાભ પુરો પાડે છે. *આ ઑફર્સ ઉપલબ્ધતા, લાગુ પડતાં પાત્રતા માપદંડો અને લાગુ પડતા નિયમો અને શરતોને આધીન પસંદગીની પ્રોડક્ટ્સ, બ્રાન્ડ્સ અને કેટેગરી ઉપર લાગુ પડે છે. કિંમતો અને ઑફર્સ પ્રોડક્ટ્સ, સ્ટોર અને શહેર અનુસાર જુદા-જુદા હોઈ શકે છે. એપલ ઈફેક્ટિવ પ્રાઈસ ચોક્કસ ઑફર્સની ધારણા ઉપર આધારિત છે અને પાત્રતા, એક્સચેન્જ વેલ્યુ અને લાગુ પડતાં લાભો મુજબ અલગ હોઈ શકે છે.



# સલમાને પિતા સલીમ ખાન પર પ્રેમ લૂંટાવ્યો

## કાઉબોય હેટમાં ટ્વિનિંગ કર્યું, ફોટો શેર કરીને લખ્યું- 'બાપ તો બાપ હોય, તે સાચા મોન્સ્ટર છે'

(એજન્સી) મુંબઈ | તા.15

બોલિવૂડ સ્ટાર સલમાન ખાને બુધવારે મોડી રાત્રે પોતાના પિતા સલીમ ખાન સાથે તસવીરો શેર કરી. આ તસવીરોમાં બંને મેચિંગ કાઉબોય હેટ પહેરેલા જોવા મળ્યા.

સલમાને પિતા સલીમ ખાન સાથેની તસવીરોની સિરીઝ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી. પહેલી 3 તસવીરોમાં સલમાન ખુરશી પર બેઠેલા સલીમને પાછળથી ગળે લગાવતા જોવા મળ્યો.

આ ટ્વિનિંગ મોમેન્ટમાં સલમાન ખૂબ ખુશ જોવા મળ્યો. છેલ્લી તસવીરમાં સલમાન પિતાની પાસે બેઠેલો અને તેમનો હાથ પકડેલો જોવા મળ્યો.

તસવીરો શેર કરતાં સલમાને લખ્યું, "હાઉડી પાર્ટનર! હી-હૉ! 91 વર્ષની ઉંમરે એક... બાપ તો બાપ હોય છે. તેઓ અસલી મૉન્સ્ટર છે. આપણા બધાના પિતામાં દમ છે. વંદે માતરમ્."

તેણે આગળ લખ્યું, "એક દિવસ વધુ નથી મળતો, એક દિવસ ઓછો થઈ જાય છે. તમે લોકો સમજી રહ્યા છો? ભગવાન દયાળુ રહ્યા છે."

'વેરાયટી ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યુમાં સલમાને જણાવ્યું હતું કે, તે હજુ પણ પિતા પાસેથી કારકિર્દી અંગે સલાહ લે છે. તેણે કહ્યું, "આજે પણ જો હું કોઈ બાબતને લઈને મૂંઝવણમાં હોઉં, તો હંમેશાં તેમની પાસે જાઉં છું. તેઓ જે કહે છે, હું એ જ કરું છું."

સલમાને આગળ કહ્યું હતું, "સામાન્ય રીતે લોકો તમારી પાસે સલાહ લેવા આવે છે અને પછી જે તેમને કરવું હોય છે, એ જ કરે છે. મારા કિસ્સામાં એવું નથી."

સલીમ ખાનને 17 ફેબ્રુઆરી 2026ના રોજ મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને બ્રેન હેમરેજ થયું હતું. ડૉક્ટરોએ તેમને આઈસીયુમાં દેખરેખ હેઠળ રાખ્યા હતા અને સાવચેતીના ભાગરૂપે વેન્ટિલેટર સપોર્ટ પણ આપવામાં આવ્યો હતો. લગભગ એક મહિનો હોસ્પિટલમાં રહ્યા બાદ તેમને રજા આપવામાં આવી હતી.

21 માર્ચ 2026ના રોજ ઈદના અવસરે સલીમ ખાન હોસ્પિટલમાંથી પરત ફર્યા બાદ પહેલીવાર જાહેરમાં જોવા મળ્યા હતા. તેઓ સલમાન અને પરિવારના અન્ય સભ્યો સાથે મુંબઈસ્થિત પોતાના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ્સની બાલ્કનીમાં આવ્યા હતા. આ દરમિયાન તેઓ વ્હીલચેર પર બેઠેલા જોવા મળ્યા હતા અને તેમણે ચાહકોનું અભિવાદન કર્યું હતું.

તાજેતરમાં 5 ઑક્ટોબરે સલીમ ખાન પોતાની પૌત્રી સિપારાના પ્રથમ જન્મદિવસના અવસરે પણ જોવા મળ્યા હતા. સિપારા અરબાઝ ખાન અને શૂરા ખાનની દીકરી છે.

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ આતંકવાદી જૂથો ખૂબ જ ચાલાકીપૂર્વક કરી રહ્યા છે. એઆઈ મોડેલ્સ અને વિશાળ ડેટાબેઝનો સહારો લઈને આતંકીઓ અતિ જોખમી બેક્ટેરિયા, સૂક્ષ્મ જીવાણુઓ અને રોગચાળો ફેલાવનારા કિટાણુઓ બનાવવાની સંવેદનશીલ વિગતો ખૂબ સરળતાથી મેળવી શકે છે. ભૂતકાળમાં ક્યારેય જોવામાં ન આવ્યા હોય તેવા નવા જ પ્રકારના કૃત્રિમ અને ઘાતક વાયરસ જનરેટ કરવામાં પણ આ ટેકનોલોજી મદદરૂપ થઈ શકે છે. જો આ તકનીક ખોટા હાથોમાં પહોંચી જશે તો સમગ્ર વિશ્વમાં અકલ્પનીય જૈવિક હોનારત સર્જાઈ શકે છે.

બાયોવેપનના વધી રહેલા જોખમોને પહોંચી વળવા અને સમયસર તેનો ઉકેલ લાવવા માટે બ્રિટનમાં વિશેષ ટેકનોલોજી સેન્ટરો અને સુરક્ષા મોનિટરિંગ સેલ કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો સતત એઆઈના માધ્યમથી થતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને બાયોલોજિકલ ડેટાના આદાન-પ્રદાન પર નજર રાખી રહ્યા છે. જાહેરમાં ઉપલબ્ધ ડેટા સેટ્સ અને અદ્યતન એઆઈ સાધનોનો ઉપયોગ કરીને રોગચાળો ફેલાવવાના પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ડેટા શેરિંગ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. જાસૂસી વડાના મતે, આતંકવાદીઓ માટે પરંપરાગત બોમ્બ-ધડાકા કરતાં આ પ્રકારે અદ્રશ્ય જૈવિક હુમલા કરવાનું વધુ સરળ અને વધુ વિનાશક બની શકે છે.

એઆઈના જોખમ ઉપરાંત, પશ્ચિમી દેશો અને ખાસ કરીને બ્રિટન માટે રશિયાને સૌથી મોટો અને સીધો ખતરો ગણાવવામાં આવ્યો છે.

# ટ્રમ્પ તંત્ર ગ્રેસ પીરિયડ રદ થતાં ઈમિગ્રન્ટ્સ ભયમાં

(એજન્સી) વોશિંગ્ટન । તા. 15

અમેરિકામાં વસતા હજારો ભારતીયો સહિત લાખો વિદેશી કુશળ કામદારો પર આજીવિકાનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. વ્હાઈટ હાઉસમાં સત્તા પર વાપસી કર્યા બાદ શાસને ઈમિગ્રેશન નીતિઓ પર અત્યંત કડક વલણ અપનાવતાં વર્ક પરમિટ રિન્યુઅલ માટે અગાઉ મળતા ૫૪૦ દિવસના આશ્વાસનરૂપી ગ્રેસ પિરિયડને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો સત્તાવાર આદેશ જારી કરી દીધો છે. આ આકરા નિર્ણયના કારણે વર્ક પરમિટના નવીનીકરણની રાહ જોઈને બેઠેલા ૪.૩૨ લાખથી વધુ બિન-નિવાસી કામદારોએ ટૂંક સમયમાં જ પોતાના વતન પાછા ફરવું પડે તેવી અત્યંત વિષમ સ્થિતિ નિર્માણ પામી છે.

અમેરિકી ફેડરલ હોમલેન્ડ સુરક્ષા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી નવી માર્ગદર્શિકા મુજબ, હવેથી જે પણ વિદેશી નાગરિકની વર્ક ઓથોરાઈઝેશન પરમિટ પૂરી થઈ જશે અને તેની રિન્યુઅલ અરજી એજન્સી સમક્ષ પેન્ડિંગ હશે, તેને દેશમાં રોકાવાનો કોઈ વધારાનો સમયગાળો મળશે નહીં. નવી જોગવાઈઓ ઓક્ટોબર મહિનાથી જ પૂર્ણપણે અમલી બનાવી દેવામાં આવી છે. આ ફેરફારથી સૌથી મોટો ફટકો ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી વ્યાવસાયિકો અને ખાસ કરીને તેમના પર નિર્ભર જીવનસાથીઓને પડ્યો છે. અમેરિકી અર્થતંત્રમાં મહત્વનું યોગદાન આપતા ભારતીય આઈટી વ્યાવસાયિકો માટે આ નિર્ણય કાળઝાળ આઘાત સમાન સાબિત થઈ રહ્યો છે, કારણ કે તેમના જીવનસાથીઓની સ્વતંત્ર નોકરી કરવાની તકો પર પણ હવે કાયદાકીય તાળું વાગી ગયું છે. અગાઉના જો બાઈડન શાસન દરમિયાન સરકારી બાબતોમાં થતા વહીવટી વિલંબ અને બેકલોગ સામે કામદારોને રક્ષણ આપવા માટે ૫૪૦ દિવસની વિશેષ મુદત આપવામાં આવતી હતી.

### મણિપુર ઇમ્ફાલ બીએસએફ ફૂડ પોઇઝનિંગ ઘટનાથી ભારે ચકચાર

# શંકાસ્પદ ફૂડ પોઈઝનિંગને કારણે 75 BSF જવાનો સહિત 78 લોકો હોસ્પિટલમાં દાખલ

(એજન્સી) મણિપુર | તા. 15

મણિપુરના ઈમ્ફાલમાં શંકાસ્પદ ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ 75 બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) જવાનો સહિત કુલ 78 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ તમામ લોકોએ સવારનો નાસ્તો કર્યા બાદ ઉલટી અને ઉબકા આવવાની ફરિયાદ કરી હતી.ગુરુવારે મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં, શંકાસ્પદ

મણિપુરમાં ખળભળાટ



ફૂડ પોઈઝનિંગને કારણે 75 BSF જવાનો અને અન્ય ત્રણ વ્યક્તિઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉલટી અને ઉબકાની ફરિયાદ બાદ તેમને 'રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ' (RIMS) ખાતે લઈ જવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, BSF જવાનો અને ત્રણ નાગરિકોને ગુરૂવારે બપોરે લગભગ 1:00 વાગ્યે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, સવારના નાસ્તા બાદ તેમની તબિયત બગડી હતી, જેના કારણે તેમને ઉલટી અને ઉબકા જેવી સમસ્યાઓ થઈ હતી. RIMS ના એક અધિકારીએ જણાવ્યું કે તમામ દર્દીઓને ઈમરજન્સી વિભાગમાં તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. હાલમાં તેમની સ્થિતિ સ્થિર છે. પ્રાથમિક તપાસ મુજબ, આ બીમારી શંકાસ્પદ ફૂડ પોઈઝનિંગને કારણે થઈ હોવાનું જણાય છે.

**ખંડણીના આરોપસર બે ઉગ્રવાદીઓની ધરપકડ |** મણિપુરમાં સુરક્ષા દળોએ પ્રતિબંધિત સંગઠનો સાથે સંકળાયેલા બે ઉગ્રવાદીઓની ધરપકડ કરી છે, જેઓ કથિત રીતે ખંડણીની પ્રવૃત્તિઓમાં સામેલ હતા. પોલીસે બુધવારે આ માહિતી આપી હતી. પોલીસના નિવેદન મુજબ, રાજ્ય પોલીસ કમાન્ડોની એક ટીમે મંગળવારે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના સિંગજામેઈ વિસ્તારમાં એક ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં પ્રતિબંધિત જૂથ 'પીપલ્સ રિવોલ્યુશનરી પાર્ટી ઓફ કાંગલેઈપાક' (PREPAK) ના સક્રિય સભ્ય, 39 વર્ષીય અહોંગશાંગબામ પિંકુમાની સિંહની ધરપકડ કરવામાં આવી હતી. અન્ય એક અલગ ઓપરેશનમાં, સુરક્ષા દળોએ બિષ્ણુપુર જિલ્લાના ક્વાક્તા વિસ્તારમાંથી 60 વર્ષીય મોહમ્મદ અબ્દુલ હકીમની ધરપકડ કરી હતી, જે પ્રતિબંધિત 'કાંગલેઈપાક કોમ્યુનિસ્ટ પાર્ટી (વાંગલેન)' સાથે સંકળાયેલો છે. પોલીસના જણાવ્યા અનુસાર, તે આ વિસ્તારમાં ખંડણીની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો હોવાનું મનાય છે. પોલીસે જણાવ્યું હતું કે મે 2023માં રાજ્યમાં વંશીય હિંસા ફાટી નીકળ્યા બાદથી, સુરક્ષા દળો તમામ જિલ્લાઓના સરહદી અને સંવેદનશીલ વિસ્તારોમાં સતત સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.

## IAS પદેથી રાજીનામું ધરી નવા રાજકીય પક્ષનું એલાન કર્યું દિવ્યા મિત્તલે

(એજન્સી) નવી દિલ્હી | તા. 15

પૂર્વ IAS અધિકારી દિવ્યા મિત્તલે 13 વર્ષની સેવા બાદ રાજીનામું આપી રાજકારણમાં પ્રવેશ કર્યો છે. તેમણે 'જન નીતિ ભારત' નામની નવી રાજકીય પાર્ટી બનાવી, જે 2027ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી લડશે. IIT દિલ્હી અને IIM બેંગલુરુમાંથી અભ્યાસ કરનાર દિવ્યા મિત્તલે જનતાને સીધી નિર્ણય પ્રક્રિયામાં જોડવા, પારદર્શકતા અને જનતા દ્વારા મૂલ્યાંકન જેવા મુદ્દાઓ પર ભાર મૂક્યો છે. IASની નોકરીથી રાજીનામું આપીને પૂર્વ અધિકારી દિવ્યા મિત્તલે રાજકારણમાં પ્રવેશવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. તેમણે પોતાની નવી રાજકીય પાર્ટી 'જન નીતિ ભારત' બનાવવાની પણ ઘોષણા કરી છે, જે આગામી ચૂંટણી લડશે. 2013 બેચના આ પૂર્વ IAS અધિકારીએ 13 વર્ષના લાંબા અને સફળ વહીવટી કારકીર્દિ બાદ આ મોટું પગલું ભર્યું છે.

# News Brief

## ફોનની ઘંટડી વાગતા જ ખબર પડી જશે કોણે કોલ કર્યો, 1 નવેમ્બરથી નવો નિયમ લાગુ



(એજન્સી) નવી દિલ્હી | તા 15

ટેલિકોમ ક્ષેત્રે સાયબર ફ્રોડ અને સ્પામ કોલ્સ પર લગામ લગાવવા માટે સરકારે એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. 1 નવેમ્બર, 2026થી દેશના તમામ મોબાઈલ ગ્રાહકો માટે કોલ કરનાર વ્યક્તિનું નામ (Caller Name) ફોનની સ્ક્રીન પર દેખાવાની સુવિધા ફરજિયાત થઈ શકે છે. આ નવી વ્યવસ્થા હેઠળ હવે જ્યારે પણ કોઈ અજાણ્યા નંબર પરથી કોલ આવશે, ત્યારે માત્ર મોબાઈલ નંબર જ નહીં પરંતુ કોલ કરનાર વ્યક્તિનું સત્તાવાર નામ પણ સ્ક્રીન પર સ્પષ્ટપણે દેખાશે. દૂરસંચાર વિભાગ (DoT) દ્વારા કોલરની ઓળખ સંબંધિત નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે અને 13 ઓક્ટોબરના રોજ આ અંગેનો સત્તાવાર આદેશ પણ જાહેર કરી દેવાયો છે.અત્યાર સુધી કોઈ અજાણ્યા નંબર પરથી કોલ આવે ત્યારે લોકો કોઈ મહત્ત્વનો કોલ સમજીને તેને ઉપાડી લેતા હતા, પરંતુ ઘણીવાર તે સ્પામ કે ઠગાઈ કરનારા કોલ સાબિત થતા હતા. નવા નિયમ અનુસાર, હવે કોલ કરનારના નંબરની સાથે ટેલિકોમ કંપનીના સબસ્ક્રાઈબર રેકોર્ડમાં (SIM ખરીદતી વખતે) નોંધાયેલું સાચું નામ પણ આઈડેન્ટિટી તરીકે સ્ક્રીન પર દેખાશે. આ સુવિધાના કારણે ગ્રાહકો કોલ રિસીવ કરતા પહેલા જ નક્કી કરી શકશે કે ફોન ઉપાડવો કે નહીં. ખાસ કરીને વૃદ્ધો અને ઓછું ભણેલા લોકો, જેઓ અજાણ્યા કોલ પર સરળતાથી વાતચીત શરૂ કરીને ઠગાઈનો ભોગ બનતા હોય છે, તેમના માટે આ સુવિધા ખૂબ ઉપયોગી નીવડશે.રિપોર્ટ અનુસાર, કોલર નેમ દર્શાવવાની આ સેવા 2G અને 3G નેટવર્ક પર ઉપલબ્ધ રહેશે નહીં. એટલે કે જે ગ્રાહકો હજુ પણ જૂના નેટવર્ક અથવા ફીચર ફોનનો ઉપયોગ કરી રહ્યા છે, તેમને હાલમાં આ સુવિધાનો લાભ મળી શકશે નહીં. માત્ર 4G અને તેનાથી ઉપરના (જેમ કે 5G) નેટવર્કનો ઉપયોગ કરતા ગ્રાહકો જ આ સુવિધાનો પૂરો ફાયદો ઉઠાવી શકશે. સ્ક્રીન પર નામ દેખાવાથી સ્પામ અને સ્કેમ કોલ્સ ઓળખવામાં મોટી મદદ મળશે, પરંતુ તેનો અર્થ એ નથી કે નામ દર્શાવતો દરેક કોલ સંપૂર્ણપણે સલામત જ હશે. સાયબર ઠગો ઘણીવાર ફેક આઈડી કે ખોટી ઓળખ બનાવીને પણ કોલ કરી શકે છે. આથી, ગ્રાહકોએ અજાણ્યા કોલ પર પોતાના બેંક એકાઉન્ટની વિગતો, OTP કે અન્ય કોઈ પણ અંગત માહિતી ક્યારેય શેર કરવી જોઈએ નહીં. જરૂર જણાય તો જાતે સત્તાવાર નંબર પર કોલ કરીને જ માહિતીની ખાતરી કરવી. આ નવો નિયમ સામાન્ય લોકોને રાતદિન આવતા નકામા કોલ્સથી ચોક્કસપણે રાહત અપાવશે, છતાં દરેક સ્તરે સાવચેતી રાખવી અનિવાર્ય છે.

## વોટ્સએપે સૌથી મોટું ફીચર લોન્ચ કર્યું, યુઝર્સને મળશે ફ્રી કોલ સેવા, દરેકને થશે ફાયદો

(એજન્સી) નવી દિલ્હી | તા 15

વોટ્સએપે ક્રાંતિકારી 'ગેસ્ટ કોલ' ફીચર લોન્ચ કર્યું છે. હવે વોટ્સએપ યુઝર્સ કોલ લિંક દ્વારા નોન-વોટ્સએપ યુઝર્સ સાથે પણ કૉલ કરી શકશે. આ ફીચર ફ્રી છે અને એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન સાથે સુરક્ષિત છે. તેમાં સ્ક્રીન શેરિંગ સહિતની સુવિધાઓ મળશે. યુઝરે લિંક જનરેટ કરી '+' પર ક્લિક કરીને શેર કરવાની રહેશે. આ સુવિધા વ્યક્તિગત અને ગ્રુપ કોલિંગ બંનેમાં ઉપલબ્ધ છે. ટેક જાયન્ટ WhatsApp દ્વારા એક મોટો અને ક્રાંતિકારી બદલાવ કરતા તેનું અત્યાર સુધીનું સૌથી મોટું 'ગેસ્ટ કોલ' (Guest Call) ફીચર સત્તાવાર રીતે રોલઆઉટ કરી દેવામાં આવ્યું છે. આ નવા અપડેટ બાદ હવે યુઝર્સ એવા લોકો સાથે પણ સરળતાથી વોટ્સએપ કોલ કરી શકશે, જેઓ વોટ્સએપનો ઉપયોગ નથી કરતા અથવા તો જેમના સ્માર્ટફોનમાં આ એપ ડાઉનલોડ પણ થયેલી નથી. આ સુવિધા તમામ યુઝર્સ માટે એકદમ ફ્રી રહેશે. થોડા અઠવાડિયા પહેલા જ આ ફીચરના ટેસ્ટિંગના સમાચાર સામે આવ્યા હતા, ત્યારબાદ હવે કંપનીએ તેને વૈશ્વિક સ્તરે લોન્ચ કરી દીધું છે.આ ફીચર અંતર્ગત વોટ્સએપ યુઝર એક સ્પેશિયલ કોલ લિંક જનરેટ કરીને એવા વ્યક્તિને મોકલી શકશે જે વોટ્સએપ નથી વાપરતા. તે વ્યક્તિ એ લિંક પર ક્લિક કરીને સીધા જ કોલમાં જોડાઈ શકશે અને તેના માટે તેણે એપ ડાઉનલોડ કરવાની કોઈ જરૂર રહેશે નહીં. યુઝર્સની સુરક્ષા અને પ્રાઈવસીને ધ્યાનમાં રાખીને કંપનીએ એપ્રૂવલ (મંજૂરી)ની ખાસ પ્રક્રિયા ઉમેરી છે. એટલે કે, જે યુઝરે લિંક જનરેટ કરી હશે તેણે દરેક ગેસ્ટને કોલમાં જોડવા માટે દર વખતે મેન્યુઅલી મંજૂરી આપવી પડશે. જો સામે વાળી વ્યક્તિ ઈચ્છે તો જ કોલમાં જોડાઈ શકશે, અન્યથા તે લિંક મેસેજને ઈગ્નોર પણ કરી શકે છે. વોટ્સએપે તેના બ્લોગપોસ્ટ દ્વારા માહિતી આપતાં જણાવ્યું છે કે ગેસ્ટ કોલિંગ ફીચર વાપરવા માટે કોઈ જ સમયમર્યાદા રાખવામાં આવી નથી. યુઝર્સ ગમે તેટલો સમય ફ્રીમાં વાત કરી શકશે.

## થેસ્પિસ નેશનલ માઈક્રો-ડ્રામા ફેસ્ટિવલ ૨૦૨૭: સ્ક્રિપ્ટ (નાટ્ય-સંહિતા) માટે આમંત્રણ

નવી દિલ્હી: 'માનવતા માટે કળા' (Art for Humanity) ના મુખ્ય સૂત્ર સાથે કાર્યરત સંસ્થા 'વૃક્ષ ધ થિયેટર' (Vriksh The Theatre) દ્વારા 'થેસ્પિસ નેશનલ માઈક્રો-ડ્રામા ફેસ્ટિવલ'ની છઠ્ઠી આવૃત્તિ માટે મૌલિક અને રૂપાંતરિત સ્ક્રિપ્ટો (નાટ્ય-સંહિતાઓ) આમંત્રિત કરવામાં આવી છે. આ મહોત્સવ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ નવી દિલ્હીના કોપરનિકસ માર્ગ પર આવેલા એલટીજી (LTG) ઓડિટોરિયમ ખાતે યોજાશે. આ મહોત્સવમાં ૩૦ પસંદગીના માઈક્રો-ડ્રામા એક જ દિવસમાં રજૂ કરવામાં આવશે. દરેક પ્રસ્તુતિની મહત્તમ સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે. આ વિશિષ્ટ સ્વરૂપનો ઉદ્દેશ્ય થિયેટર કલાકારો, લેખકો અને દિગ્દર્શકોને એક મજબૂત મંચ પૂરો પાડવાનો છે, જ્યાં તેઓ મર્યાદિત સમયમાં પોતાના નવીન વિચારો, પ્રભાવશાળી કથાનકો અને સર્જનાત્મક નાટ્ય-અભિવ્યક્તિઓ રજૂ કરી શકે. સ્ક્રિપ્ટો ૧ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે. મૌલિક નાટકો તેમજ અગાઉની કૃતિઓ પર આધારિત રૂપાંતરિત નાટકો - બંને આ માટે પાત્ર ગણાશે. પસંદગી પ્રક્રિયા બાદ, મહોત્સવમાં મંચસ્થ કરવા માટે ૩૦ સ્ક્રિપ્ટો પસંદ કરવામાં આવશે. નાટ્યલેખકો, થિયેટર સાથે સંકળાયેલા કલાકારો અને સર્જનાત્મક લેખકોને પોતાની કૃતિઓ મોકલવા અને રાષ્ટ્રીય મંચ પર પોતાની પ્રતિભા દર્શાવવાની આ તકનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.વર્ષોથી, 'થેસ્પિસ નેશનલ માઈક્રો-ડ્રામા ફેસ્ટિવલ'એ વિવિધ ભાષાકીય અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા થિયેટર કલાકારો અને પ્રેક્ષકોને એક મંચ પર લાવીને પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. તેની લઘુ-સ્વરૂપની પ્રસ્તુતિ શૈલી પ્રયોગશીલતા, નવીન કથનશૈલી અને નાટ્ય પ્રસ્તુતિમાં નવા આયામોની શોધને

**એલટીજી ઓડિટોરિયમ, નવી દિલ્હીમાં તે જ દિવસે 30 પસંદગીના સૂક્ષ્મ નાટકોનું મંચન કરવામાં આવશે; પ્રવેશો 1 ઓક્ટોબરથી 30 નવેમ્બર 2026 સુધી સ્વીકારવામાં આવશે**

પ્રોત્સાહન આપે છે. દરેક પ્રસ્તુતિને ૧૦ મિનિટ સુધી મર્યાદિત રાખીને, આ મહોત્સવ લેખકો, દિગ્દર્શકો અને કલાકારોને તેમના વિચારો સ્પષ્ટતા, કલ્પનાશીલતા અને નાટકીય પ્રભાવ સાથે રજૂ કરવા માટે પડકારે છે. આ મહોત્સવની યાત્રામાં ૨૦૨૫ અને ૨૦૨૬માં 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા' (NSD), નવી દિલ્હી સાથેનું જોડાણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહ્યું. આ બે વર્ષ દરમિયાન, 'ભારત રંગ મહોત્સવ' (જે 'ભરંગમ' તરીકે પણ જાણીતો છે) ના ભાગરૂપે, નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના સહયોગથી 'થેસ્પિસ નેશનલ માઈક્રો-ડ્રામા ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત છે. આ ભાગીદારીએ મહોત્સવને રાષ્ટ્રીય સ્તરે એક વિશિષ્ટ મંચ પૂરો પાડ્યો અને દેશભરના વિશાળ નાટ્ય સમુદાય સાથેના તેના સંબંધોને વધુ મજબૂત બનાવ્યા. ૨૦૨૭માં યોજાનારી છઠ્ઠી આવૃત્તિ આ યાત્રાને આગળ વધારવા માટે સજ્જ છે. તેનો ઉદ્દેશ્ય 'માઈક્રો-ડ્રામા' (લઘુ-નાટક) સ્વરૂપમાં મૌલિક અને રૂપાંતરિત નાટ્ય કૃતિઓને રજૂ કરવાની તક પૂરી પાડવાનો છે. એક જ દિવસમાં ૩૦ પ્રસ્તુતિઓ ધરાવતો આ મહોત્સવ, નાટ્યકલામાં જોવા મળતા વિવિધ અવાજો, ભાષાઓ, વિષયો અને અભિનય શૈલીઓના એક સઘન ઉત્સવ સમાન બની રહેશે. 'માનવતા માટે કલા' (Art for Humanity) ના સિદ્ધાંતને અનુસરીને, *વૃક્ષ ધ થિયેટર* (Vriksh The Theatre) નાટ્યકલાને સર્જનાત્મક અભિવ્યક્તિ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને સમાજ સાથેના અર્થપૂર્ણ સંવાદના માધ્યમ તરીકે વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે. 'થેસ્પિસ ફેસ્ટિવલ' આ દ્રષ્ટિકોણને આગળ વધારે છે; તે નાટ્યકર્મીઓને લઘુ-નાટકોની ક્ષમતાઓને તપાસવા અને સંક્ષિપ્ત છતાં પ્રભાવશાળી નાટ્ય પ્રસ્તુતિઓ દ્વારા પ્રેક્ષકો સુધી શક્તિશાળી વિચારો પહોંચાડવા માટે પ્રોત્સાહિત કરે છે. રસ ધરાવતા સહભાગીઓ સ્ક્રિપ્ટ (નાટક) જમા કરાવવાની પ્રક્રિયા અને અન્ય સંબંધિત માહિતી માટે મહોત્સવની અધિકૃત વેબસાઈટ www.vrikshthetheatre.org ની મુલાકાત લઈ શકે છે.

## NFR દ્વારા 'સ્વચ્છતા પખવાડા' ૨૦૨૬ દરમિયાન ૩૫ 'સ્વચ્છતા દૂતો'નું સન્માન પર્યાવરણ-અનુકૂળ પહેલોને પ્રોત્સાહન

માલીગાંવ | 'સ્વચ્છતા પખવાડા' ૨૦૨૬ના ભાગરૂપે, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે (NFR) એ ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગુવાહાટીના માલીગાંવ સ્થિત પોતાના મુખ્ય મથક સંકુલમાં ૩૫ 'સ્વચ્છતા દૂતો'નું સન્માન કર્યું. આ પહેલનો ઉદ્દેશ્ય સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણને પ્રોત્સાહન આપવામાં તેમના યોગદાનને



બિરદાવવાનો હતો, સાથે જ રોજિંદા જીવનમાં પર્યાવરણ-અનુકૂળ (ઈકો-ફ્રેન્ડલી) પદ્ધતિઓ અપનાવવા માટે તેમને પ્રોત્સાહિત કરવાનો હતો.આ સન્માન સમારોહનું નેતૃત્વ NFRના પ્રિન્સિપલ ચીફ મિકેનિકલ એન્જિનિયર શ્રી ઉત્તમ પ્રકાશે કર્યું હતું. તેમણે 'સ્વચ્છતા દૂતો'ના કાર્યની પ્રશંસા અને પ્રોત્સાહન રૂપે તેમને કાપડની થેલીઓનું વિતરણ કર્યું. આ પહેલ દ્વારા પ્લાસ્ટિક કચરો ઘટાડવા અને સ્વચ્છ તથા હરિયાળું પર્યાવરણ બનાવવા માટે પોલિથીન (પ્લાસ્ટિક) થેલીઓને બદલે ફરીથી વાપરી શકાય તેવી કાપડની થેલીઓના ઉપયોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. વધુમાં, 'સ્વચ્છતા દૂતો'ને તેમની ફરજો બજાવતી વખતે પોતાના સ્વાસ્થ્ય અને સુખાકારીને પણ પ્રાધાન્ય આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.આ કાર્યક્રમમાં અન્ય ઘણા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ચીફ વર્કશોપ એન્જિનિયર શ્રી પાર્થ પ્રતિમ રોય; ચીફ રોલિંગ સ્ટોક એન્જિનિયર (કોચિંગ) શ્રી એસ. સી. પ્રસાદ; ચીફ રોલિંગ સ્ટોક એન્જિનિયર (ફ્રેઈટ) શ્રી ભાબેન નાથ; ચીફ મિકેનિકલ એન્જિનિયર (પ્લાનિંગ) શ્રી કપિલ જાંભુલકર; ચીફ મિકેનિકલ એન્જિનિયર (ENHM) શ્રી એમ. કલીમુથુ; અને ચીફ મોટિવ પાવર એન્જિનિયર (ડીઝલ) શ્રી શિવાજી એન. કદમનો સમાવેશ થાય છે. 'સ્વચ્છતા પખવાડા' ૨૦૨૬ દરમિયાન, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે (NFR) સ્વચ્છતા પદ્ધતિઓને વધુ મજબૂત બનાવવા, પર્યાવરણીય જાગૃતિ લાવવા અને રેલવે પરિસરને સ્વચ્છ તથા આરોગ્યપ્રદ રાખવા માટે રેલવે કર્મચારીઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવા વિવિધ પહેલો હાથ ધરી રહ્યું છે. આ પ્રયાસો દ્વારા, NFR તેના કર્મચારીઓમાં વધુ સારી આદતો, અસરકારક કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છ તથા હરિયાળા રેલવે વાતાવરણના નિર્માણ પ્રત્યે સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન આપી રહ્યું છે.

### મેરઠના ચકચારી સૌરભ હત્યાકાંડમાં મુસ્કાન અને સાહિલને સજા

# પતિની હત્યા બાદ મૃતદેહના ટુકડા કરી બ્લૂ ડ્રમમાં છૂપાવનારી પત્ની, પ્રેમીને ફાંસી

મેરઠ : મેરઠમાં પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરનારી મુસ્કાન રસ્તોગીને કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. મુસ્કાનની સાથે તેના નશેડી પ્રેમી સાહિલ શુકલાને કોર્ટે ફાંસીની સજા આપી છે. બન્નેએ મળીને મર્ચન્ટ નેવી ઓફિસર સૌરભ રાજપુતની હત્યા કરી હતી, બાદમાં તેના મૃતદેહના ટુકડા કરીને એક બ્લૂ રંગના ડ્રમમાં ભરીને સિમાન્ટથી તેના પર પ્લાસ્ટર કરી નાખ્યું હતું. માર્ચ ૨૦૨૫ની આ ઘટનામાં હવે મેરઠની ટ્રાયલ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો છે. ૨૦૧૬માં સૌરભ અને મુસ્કાન બન્નેએ પ્રેમ લગ્ન કર્યા હતા, બન્ને બ્રહ્મપુરીમાં મકાન ભાડે રાખીને રહેતા હતા, ૨૦૧૯માં બન્ને વચ્ચે એક બાળકીનો જન્મ પણ થયો હતો. તે સમયે સૌરભ મર્ચન્ટ નેવીમાં કામ કરતો હતો, આ નોકરી છોડીને બાદમાં લંડનમાં એક મોલમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરવા લાગ્યો. આ દરમિયાન જ સૌરભની પત્ની મુસ્કાનની મેરઠમાં તેના સ્કૂલ સમયના મિત્ર સાહિલ સાથે મુલાકાત થઇ હતી. બન્ને મુલાકાત બાદ સંબંધમાં બંધાયા. આ દરમિયાન સૌરભ ખાસ પત્ની મુસ્કાન અને પુત્રીનો જન્મ દિવસ ઉજવવા માટે લંડનથી ઘરે આવ્યો હતો. ૩ માર્ચ ૨૦૨૫ની રાત્રે મુસ્કાને સૌરભના ભોજનમાં ઝેરી દવા નાખી જેને કારણે સૌરભ બેભાન થઇ ગયો. આ દરમિયાન જ મુસ્કાને પોતાના પ્રેમી સાહિલને બોલાવીને સૌરભની ચાકુ મારીને હત્યા કરી નાખી. બાદમાં સૌરભના શરીરના ટુકડા કરીને વાદળી રંગના ડ્રમમાં નાખીને ઉપર સિમેન્ટથી ધરબી દીધું. બાદમાં બન્ને હિમાચલમાં ફરવા માટે ગયા હતા. જોકે મૃતદેહની દુર્ગંધ આવતા મામલો બહાર આવ્યો હતો. ગયા વર્ષે ૧૯મી માર્ચે ધરપકડ કરાયેલા મુસ્કાન રસ્તોગી અને સાહિલ શુકલા બન્નેની ધરપકડ કરી લેવાઇ હતી. સાહિલ શુકલા મુસ્કાન સાથે મળીને ડ્રગ્સનો નશો પણ કરતો હતો. આ મામલે મેરઠની કોર્ટમાં ટ્રાયલ શરૂ કરવામાં આવી હતી, જેનો અંતે ચુકાદો આપવામાં આવ્યો છે. ૧૫ દિવસ પહેલા બન્નેને આઈપીસીની કલમ ૩૦૨ (હત્યા), ૨૩૮ (એ) પુરાવાનો નાશ કરવા બદલ ફાંસીની સજા આપી છે. સજા આપતી વખતે મેરઠની જિલ્લા અને સેશન્સ કોર્ટના જજ અરવિંદ કુમાર મિશ્રાએ મહાભારતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ગુનેગારને તેના ગુનાની સજા આપવી પણ ધર્મ છે. કોર્ટે બન્નેને ૭૦ હજાર રૂપિયાનો દંડ પણ કર્યો છે.

## જર્મનીથી દિલ્હીની ફ્લાઇટ હાઇજેક અંગે એલર્ટ બાદ ડાયવર્ટ કરવી પડી

નવી દિલ્હી : જર્મનીથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઇટમાં હાઈજેકિંગની એલર્ટ આપવામાં આવી હતી, જેને પગલે બાદમાં આ ફ્લાઇટને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. જોકે તપાસ કરતા આ એલર્ટ જુઠી હોવાનું સામે આવ્યું હતું.જર્મનીના ફ્રેન્કફર્ટથી દિલ્હી આવતી એર ઈન્ડિયાની ફ્લાઇટ બોઇંગ ૭૮૭-૯માં આશરે ૨૯૩ મુસાફરો અને ૧૩ ક્રૂ સવાર હતા. સવારે ૯.૩૫ કલાકે જયપુર એરપોર્ટ પર ઉતરી હતી. જે બાદ તમામ મુસાફરોને ટર્મિનલ બિલ્ડિંગમાં લઇ જવાયા હતા અને તપાસ કરવામાં આવી હતી. જોકે હાઈજેક અંગેની જે એલર્ટ મળી હતી તે જુઠી નીકળી હતી.તપાસમાં કઇ જ જોખમકારક ના મળતા અંતે ફ્લાઇટને દિલ્હી તરફ રવાના કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ ફ્લાઇટના પાયલટે કોડ ૭૫૦૦નો સંદેશો મોકલ્યો હતો જે સામાન્ય રીતે ગેરકાયદે પ્રવૃત્તિ માટે જાણીતો છે. આ એલર્ટ આપવામાં આવી ત્યારે ફ્લાઇટ મુંબઇ ફ્લાઇટ ઈન્ફોર્મેશન રિજનમાં હતી.

### 9 અને 10 ઓક્ટોબરે 24 કલાક માટે ઇન્ટરનેટ સેવા બંધ કરાયું

## દિલ્હીમાં CJP ના દેખાવો વચ્ચે સુપ્રીમ કોર્ટના આદેશોની અવમાનના બદલ કેન્દ્ર સરકારે માફી માગી

(એજન્સી) નવી દિલ્હી | તા 15

દિલ્હીમાં દેખાવો દરમિયાન મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયનો સુપ્રીમ કોર્ટમાં બચાવ કરાયો છે. સરકારે સોગંદનામામાં જણાવ્યું કે, 9 અને 10 ઓક્ટોબર, 2026ના રોજ CJPના વિરોધ પ્રદર્શનને કારણે જાહેર વ્યવસ્થા જાળવવા રાયસીના હિલ નજીકના 4 કિલોમીટર વિસ્તારમાં 24 કલાક માટે સેવા બંધ કરાઈ હતી. સરકારે કોર્ટના આદેશનો ભંગ કરવાનો ઈનકાર કરી બિનશરતી માફી માંગી, અને ગૃહ સચિવ ગોવિંદ મોહનને અપાયેલી અવમાનના નોટિસ પાછી ખેંચવા વિનંતી કરી. દિસરકારે કોર્ટમાં સોગંદનામું રજૂ કરીને જણાવ્યું છે કે જાહેર વ્યવસ્થા જાળવવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ બગડતી અટકાવવા માટે આ પગલું ભરવું જરૂરી હતું. જોકે, સરકારે કોર્ટના નિર્દેશોનું જાણીજોઈને ઉલ્લંઘન કર્યું હોવાનો ઈનકાર કરીને બિનશરતી માફી પણ માગી છે. કેન્દ્રએ આ સાથે કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહનને આપવામાં આવેલી અવમાનનાની નોટિસ પાછી ખેંચવાની વિનંતી કરી છે.કેન્દ્ર સરકારના સોગંદનામા અનુસાર, દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે 10 ઑક્ટોબરે રાત્રે 10 વાગ્યા સુધી મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાની મંજૂરી માગી હતી. આ વિનંતી પર વિચાર કર્યા બાદ સરકારે મંજૂરી આપી હતી. આ નિર્ણયને પગલે રાયસીના હિલની આસપાસના ચાર કિલોમીટરના વિસ્તારમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ રહી હતી. સોગંદનામા મુજબ, આ પ્રતિબંધ 9 ઑક્ટોબર, 2026ના રોજ રાત્રે 10 વાગ્યાથી 10 ઑક્ટોબર, 2026ના રોજ રાત્રે 10 વાગ્યા સુધી અમલમાં રહ્યો હતો. આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. તેના જવાબમાં કેન્દ્રએ જણાવ્યું કે પ્રદર્શનને કારણે જાહેર શાંતિ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે મર્યાદિત સમયગાળા દરમિયાન આ પગલું ભરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે સોગંદનામામાં સ્પષ્ટતા કરી છે કે માત્ર મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ જ બંધ કરવામાં આવી હતી. વાઈ-ફાઈ, બ્રોડબૅન્ડ અને અન્ય બિનમોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો નહોતો. સરકારના જણાવ્યા અનુસાર, એક સંગઠને જરૂરી મંજૂરી મેળવ્યા વિના વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી હતી. મંજૂરી ન મળવા છતાં પ્રદર્શન કરવાનો પ્રયાસ કરવામાં આવતાં સ્થિતિ વણસે નહીં તે માટે ઈન્ટરનેટ બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્રએ પોતાના બચાવમાં સુપ્રીમ કોર્ટના 2018ના મજદૂર કિસાન શક્તિ સંગઠન વિરુદ્ધ ભારત સંઘ કેસના ચુકાદાનો પણ ઉલ્લેખ કર્યો છે.

### કુલ 2009.61 કરોડ રૂપિયાનું બોનસ તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ આપવામાં આવી રહ્યું છે

# રેલવેનાં 11,40,770 કર્મચારીઓને 78 દિવસનું બોનસ જાહેર, દશેરા પહેલા ચૂકવણી કરાશે

(એજન્સી) નવી દિલ્હી | તા 15

કેન્દ્રીય કેબિનેટે 11,40,770 રેલવે કર્મચારીઓ માટે 78 દિવસનાં પ્રોડક્ટિવિટી લિંક્ડ





બોનસ (પીએલબી)ની ચુકવણીને મંજૂરી આપી છે તેમ સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે. આ કુલ 2009.61 કરોડ રૂપિયાનું બોનસ તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ આપવામાં આવી રહ્યું છે. પાત્રતા ધરાવતા રેલવે કર્મચારીઓને પીએલબીની ચુકવણી દર વર્ષે દશેરાની રજા અગાઉ કરવામાં આવે છે.સરકારે જણાવ્યું છે કે ચાલુ વર્ષે પણ લગભગ 11.40 લાખ નોન ગેઝેટેડ રેલવે કર્મચારીઓને 78 દિવસનાં પગારની બરાબર પીએલબીની રકમ ચુકવવામાં આવશે. પીએલબીની ચુકવણી રેલવે કર્મચારીઓને રેલવેનાં કામકાજમાં સુધાર માટે પ્રેરિત કરવા માટેનું કાર્ય કરે છે. સરકારે વધુમાં જણાવ્યું છે કે દરેક પાત્રતા ધરાવતા રેલવે કર્મચારીને 78 દિવસ માટે વધુમાં વધુ 17,591 રૂપિયાની ચુકવણી કરવામાં આવશે. આ રકમ રેલવેનાં અલગ અલગ કેટેગરીનાં કર્મચારીઓને આપવામાં આવશે. જેમાં ટ્રેક મેન્ટેનર, લોકો પાયલોટ, ટ્રેન મેનેજર (ગાર્ડ), સ્ટેશન માસ્ટર, સુપરવાઈઝર, ટેકનિશિયન, ટેક્નિશિયન હેલ્પર, પોઈન્ટ્સમેન, મિનિસ્ટ્રિયલ સ્ટાફ અને અન્ય ગુરૂપનાં સી સ્ટાફનો સમાવેશ થાય છે.સરકારે જણાવ્યું છે કે વર્ષ 2025-26માં રેલવેની કામગીરી ખૂબ જ સારી રહી છે. રેલવેએ વિક્રમજનક 167 કરોડ ટન કાર્ગોનું વહન કર્યુ છે અને લગભગ 7.41 અબજ યાત્રીઓને યાત્રા કરાવી છે. કેન્દ્રીય કેબિનેટે 11,40,770 રેલવે કર્મચારીઓને 78 દિવસના પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસની ચુકવણીને મંજૂરી આપી છે.

**પાણી/પૂરથી અસરગ્રસ્ત ફિલ્મો, કાગળ અને શાહીનું ઇ-બિડિંગ**

જેએસઆર બોલીઓ (મેસર્સ વર્ચ્યુઅલ પેકેજિંગ, સાણંદ, અમદાવાદ, ગુજરાત વતી) પાણી/પૂરથી અસરગ્રસ્ત ફિલ્મ્સ (પોલિએસ્ટર ફિલ્મ - 14.7 MT, ફિલ્મ - 1.6 MT અને મેટાલાઇઝ્ડ ફિલ્મ - 3.65 MT), કોટેડ પેપર - 7.67 MT અને ઇંક - 460 કિગ્રાના વેચાણ માટે તેમના વેબ પોર્ટલ www.jsrbids.com દ્વારા 27/10/2026ના રોજ સવારે 11:00 વાગ્યાથી ઈ-બિડિંગ No. GR-53 યોજશે. સાલ્વેજ (ક્ષતિગ્રસ્ત માલ) ની તપાસ અને પ્રી-બિડ EMD જમા કરાવવાની છેલ્લી તારીખ 26/10/2026 છે.

ભાગ લેવા માટે મુલાકાત લો:
www.jsrbids.com

અથવા વધુ વિગતો માટે સંપર્ક કરો -
9555342169 (વિમલેશ કુમાર)
9313227701 (યશ અગ્રવાલ)

## ધ્વનિ પ્રદૂષણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ

અમદાવાદ | નવરાત્રિ દરમિયાન સાયલન્ટ ઝોનમાં ડીજે વગાડી જાહેરનામાનો ભંગ કરવા અંગેની અરજી પર ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને સરપ્રાઈઝ ચેકિંગ કરવા અને ધ્વનિ પ્રદૂષણ રોકવાના નિયમોનું કડક પાલન કરાવવા સૂચન કર્યું છે. હાઈકોર્ટની ખંડપીઠે સરકારને તમામ ઓથોરિટી પાસેથી માહિતી મેળવીને શું પગલાં ભરવામાં આવ્યા છે તે અંગે વિગતવાર જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે, આ મામલો માત્ર વેરાવળ પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર રાજ્યનો પ્રશ્ન છે અને નવરાત્રિના નવ દિવસ દરમિયાન આ સમસ્યા વધુ ગંભીર બને છે.

## બહેરામપુરામાં 2000 કિલો નકલી ટોમેટો સોસ ઝડપાયો

અમદાવાદ | AMCના ફૂડ વિભાગ દ્વારા શહેરના દાણીલીમડા-પીરાણા રોડ પર આવેલા કારખાનામાં દરોડો પાડવામાં આવ્યા હતા. જ્યા લાયસન્સ વગર અનહાઈજિનિક કન્ડિશનમાં ચાલતા બનાવટી અને હલકી ગુણવત્તાના ટોમેટો સોસ બનાવવાના કારખાનાનો પર્દાફાશ થયો હતો. ફૂડ વિભાગે સ્થળ પરથી 2000 કિલો જેટલો રો મટીરીયલ અને તૈયાર સોસનો જથ્થો જપ્ત કરી સમગ્ર જગ્યાને સીલ કરી દીધી છે. આ દરમિયાન સોસ બનાવવા માટે ટામેટાંના બદલે બટાકાનો પાવડર અને હાનિકારક એસિડિક કલર સહિતની કેમિકલયુક્ત ચીજવસ્તુઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હતો.

### વસ્ત્રાપુરની ચિપ ડિઝાઇન કંપનીમાંથી 47 લેપટોપની ચોરી, IT ક્ષેત્રમાં ચકચાર...

# ઓફિસનો દરવાજો ખુલ્લો રહી જતાં ચોરે સર્વર રૂમમાં જઇ CCTVની સ્વિચ બંધ કરી 15 લાખના લેપટોપ ચોરી લીધા

અમદાવાદ : અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી એક જાણીતી ચિપ ડિઝાઈન કંપનીની ઓફિસમાંથી 47 લેપટોપની ચોરીની ઘટના સામે આવી છે. અંદાજે 15 લાખની કિંમતના લેપટોપની ચોરી થતાં IT ક્ષેત્રમાં ચકચાર મચી ગઈ છે. કંપનીના કર્મચારીઓ નવરાત્રિ નિમિત્તે આયોજિત ગરબા મહોત્સવમાં ભાગ લેવા માટે ઓફિસની બહાર ગયા હતા. આ દરમિયાન ઓફિસનો મુખ્ય દરવાજો લોક કર્યા વિના ખુલ્લો રહી ગયો હતો, જેનો લાભ ઉઠાવી અજાણ્યો શખસ ઓફિસમાં પ્રવેશ્યો હતો. ચોરે સૌપ્રથમ સર્વર રૂમમાં જઈને CCTV કેમેરાની મુખ્ય સ્વિચ બંધ કરી હતી અને ત્યારબાદ ઓફિસમાં રાખેલા લેપટોપની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.



પ્રાપ્ત વિગતો અનુસાર, વસ્ત્રાપુર વિસ્તારમાં ITC નર્મદા હોટલ નજીક આવેલા 'ધ ફર્સ્ટ' બિલ્ડિંગમાં આ ચિપ ડિઝાઈન કંપનીની ઓફિસ આવેલી છે. કંપનીમાં આશરે 55 કર્મચારીઓ કામ કરે છે. ગત 13 ઓક્ટોબરની રાત્રે કંપની દ્વારા નવરાત્રિ નિમિત્તે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઓફિસનો સ્ટાફ બહાર ગયો હતો. આ દરમિયાન ઓફિસનો મુખ્ય દરવાજો ખુલ્લો રહી ગયો હતો. ઓફિસમાં કોઈ હાજર ન હોવાની તકનો લાભ લઈને અજાણ્યો શખસ અંદર ઘૂસ્યો હતો.

ઓફિસમાં પ્રવેશ્યા બાદ આરોપીએ સૌપ્રથમ સર્વર રૂમમાં જઈને CCTV કેમેરાની મુખ્ય સ્વિચ બંધ કરી દીધી હતી. ત્યારબાદ તેણે ઓફિસમાં અલગ-અલગ જગ્યાએ રાખેલા અંદાજે 47 મોંઘા લેપટોપ એકત્રિત કર્યા હતા. તમામ લેપટોપની કિંમત આશરે 15 લાખ હોવાનું જાણવા મળ્યું છે. ચોરી કર્યા બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઓફિસમાં સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં મુખ્ય દરવાજો ખુલ્લો રહી જતાં અને CCTVની સ્વિચ બંધ કરી દેવામાં આવતાં ચોરીની આ ઘટના બની હોવાનું પ્રાથમિક વિગતો પરથી સામે આવ્યું છે.

ગરબા મહોત્સવ પૂર્ણ થયા બાદ એક કર્મચારી પોતાનાં કપડાં લેવા માટે ઓફિસે પરત ફર્યો હતો. તે સમયે ટેબલ પર રાખેલા લેપટોપ ગાયબ જોવા મળતાં કર્મચારી ચોંકી ઊઠ્યો હતો. તેણે તાત્કાલિક કંપનીના જવાબદાર હોદ્દેદારોને આ અંગે જાણ કરી હતી. ત્યારબાદ ઓફિસમાં તપાસ કરવામાં આવતાં મોટી સંખ્યામાં લેપટોપની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસ દરમિયાન CCTV ફૂટેજની ચકાસણી કરતાં એક અજાણ્યા શખસની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. જોકે, CCTVની મુખ્ય સ્વિચ બંધ કરી દેવામાં આવી હોવાથી તપાસમાં અન્ય ફૂટેજ અને ટેક્નિકલ વિગતો મહત્ત્વપૂર્ણ બની શકે છે.

આશરે 15 લાખની કિંમતના 47 લેપટોપ ચોરાયા હોવાની જાણ થતાં કંપનીના સંચાલકોએ વસ્ત્રાપુર પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. આરોપીની ઓળખ અને તેને ઝડપી પાડવા માટે બિલ્ડિંગમાં લાગેલા અન્ય CCTV કેમેરાનાં ફૂટેજ તથા ટેક્નિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવી રહી છે. ઓફિસનો દરવાજો ખુલ્લો રહી જવાની બેદરકારીનો લાભ લઈને ચોરી કરવામાં આવી હોવાની ઘટનાએ ઓફિસોની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ સવાલો ઊભા કર્યા છે. હાલ પોલીસ દ્વારા આરોપીને શોધવા અને ચોરી થયેલા લેપટોપનો પત્તો મેળવવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## કઠવાડામાં 16 વર્ષીય સગીરા પર કારમાં દુષ્કર્મ : આરોપી અંગત પળોના ફોટો વાઇરલ કરી સગાઇ તોડાવવાની ધમકી આપી બ્લેકમેલ કરતો

(એજન્સી) અમદાવાદ | તા.16



અમદાવાદના નિકોલ-કઠવાડા વિસ્તારમાં રહેતી 16 વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી કારમાં દુષ્કર્મ આચરવાનો અને અંગત પળોના ફોટા પાડી મંગેતરને મોકલી બ્લેકમેલ કરવાનો કિસ્સો સામે આવ્યો છે. સગીરાની સગાઈ તોડાવવાની ધમકી આપી વારંવાર શારીરિક સંબંધ બાંધવા દબાણ કરનાર આરોપી સામે સગીરાના પરિવારે નિકોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

કઠવાડા રોડ પર પરિવાર સાથે રહેતી સગીરાનો 2022માં એક લગ્નપ્રસંગ દરમિયાન નવરંગપુરાના રાજેશ અમરતભાઈ રાઠોડ સાથે પરિચય થયો હતો. ત્યારબાદ ઈન્સ્ટાગ્રામ અને ફોન પર વાતચીત શરૂ થતાં આરોપીએ લગ્નની લાલચ આપી હતી. ગત 22 એપ્રિલ, 2024ના રોજ આરોપી સગીરાને કઠવાડા ઈસ્કોન મંદિર પાછળ અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને ત્યાં શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ 13 સપ્ટેમ્બર, 2026ના રોજ કારમાં લઈ જઈ તેની સાથે શારીરિક સંબંધ બાંધી મોબાઈલમાં અંગત પળોના ફોટા પાડી લીધા હતા.

દરમિયાન સગીરાની અન્ય જગ્યાએ સગાઈ નક્કી થતાં આરોપી રાજેશે સગીરાના મંગેતરને અંગત ફોટા મોકલી આપી સગાઈ તોડાવી નાખવાની ધમકી આપી હતી. આરોપી કઠવાડા ગામના તળાવ પાસે આવ્યો હોવાની જાણ થતાં સગીરાના પિતા અને દાદા ત્યાં પહોંચ્યા ત્યારે આરોપીએ તેમની સાથે પણ ઝઘડો કરી ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ મામલે સગીરાની માતાની ફરિયાદના આધારે નિકોલ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## 2027 પહેલાં ભાજપ આદિવાસી મતદારોને રીઝવવા મેદાને

ગાંધીનગર | ગુજરાત વિધાનસભાની 2027ની ચૂંટણીને હજુ સમય છે, પરંતુ ભાજપે અત્યારથી જ ચૂંટણીલક્ષી તૈયારીઓ તેજ કરી દીધી છે. ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રભારી તરુણ ચુગના માર્ગદર્શન હેઠળ પાર્ટીએ અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આદિવાસી વિસ્તારોની 27 બેઠકો પર સંગઠન મજબૂત કરવા અને સરકારી યોજનાઓની પહોંચ વધારવા માટે ભાજપે મંત્રીઓને વિશેષ જવાબદારી સોંપી છે. આ જ રણનીતિના ભાગરૂપે નર્મદામાં ભાજપ આદિજાતિ મોરચાની મહત્વની બેઠક યોજાઈ હતી. બીજી તરફ, ભાજપના મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલ પટેલે દાવો કર્યો છે કે આદિવાસી સમાજને ભાજપનું સમર્થન મળી રહ્યું છે અને સરકારની યોજનાઓથી સમાજ મુખ્ય પ્રવાહમાં જોડાયો છે. ભાજપે મિશન 2027 અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં જનસંપર્ક વધારવા અને સ્થાનિક સંગઠનની કામગીરીની સમીક્ષા કરવા માટે મંત્રી પ્રવીણ માળી, નરેશ પટેલ, ડૉ. પ્રદ્યુમ્ન વાજા અને પી. સી. બરંડા સહિતના નેતાઓને જવાબદારી સોંપી છે. આ નેતાઓએ માત્ર બેઠક કે કાર્યક્રમો સુધી મર્યાદિત રહેવાને બદલે સીધા ગામડાંમાં જઈને લોકો સાથે સંવાદ કરવાનો રહેશે. ભાજપની યોજના મુજબ, મંત્રીઓએ આદિવાસી વિસ્તારોમાં 3 દિવસ અને 4 રાત રોકાણ કરવાનું રહેશે. આ દરમિયાન સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે છે કે નહીં, સ્થાનિક સ્તરે સંગઠન કેટલું સક્રિય છે અને લોકોના મુખ્ય પ્રશ્નો શું છે તેની માહિતી મેળવવામાં આવશે.

## નરેશ દેસાઈને ગુજરાત ભાજપ યુવા મોરચાની કમાન સોંપાઈ : બે ટર્મથી મહામંત્રી રહી ચૂક્યાં

(એજન્સી) ગાંધીનગર | તા.15

ગુજરાત ભાજપના સંગઠનમાં મહત્વપૂર્ણ નિમણૂક કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ડૉ. નરેશ દેસાઈને ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ તરીકે જવાબદારી સોંપી છે. 15 ઓક્ટોબર, 2026ના રોજ જાહેર કરાયેલા સત્તાવાર નિમણૂકપત્રમાં આ જાહેરાત કરવામાં આવી છે. તેમની નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે. યુવા મોરચામાં બે ટર્મથી મહામંત્રી તરીકે કાર્યરત નરેશ દેસાઈને હવે પ્રમુખપદની જવાબદારી સોંપવામાં આવી છે. નરેશ દેસાઈ અગાઉ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)માં સક્રિય હતા. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થી સંગઠનના નેતા તરીકે તેમણે કામગીરી કરી હતી. વિદ્યાર્થીલક્ષી અનેક મુદ્દાઓને લઈને તેમણે પોતાની ટીમ સાથે આંદોલનો પણ કર્યા હતા. વિદ્યાર્થીકાળથી જ સંગઠનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહેલા નરેશ દેસાઈએ ત્યારબાદ ભાજપના યુવા મોરચામાં જવાબદારી સંભાળી હતી. નરેશ દેસાઈ છેલ્લા બે ટર્મથી ગુજરાત ભાજપ યુવા મોરચામાં મહામંત્રી તરીકે કાર્યરત હતા. સંગઠનમાં મહામંત્રી



તરીકેની જવાબદારી નિભાવ્યા બાદ હવે તેમને પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. યુવા મોરચાના અગાઉના પ્રમુખ ડૉ. હેમાંગ જોષી રાષ્ટ્રીય સ્તરે જવાબદારી સંભાળવા ગયા બાદ ખાલી પડેલી જગ્યા પર નરેશ દેસાઈની નિમણૂક કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પ્રદેશના આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ આ નિમણૂક કરી છે. આ નિમણૂક સાથે હવે ગુજરાત ભાજપના યુવા સંગઠનની જવાબદારી નરેશ દેસાઈ સંભાળશે. આગામી સમયમાં યુવાનોને સંગઠન સાથે જોડવા, વિદ્યાર્થીલક્ષી પ્રશ્નો અને પક્ષના કાર્યક્રમોમાં યુવા મોરચાની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે.

## દાણીલીમડા-પીરાણા રોડ પર હલકી ગુણવત્તાનો ટોમેટો સોસ બનાવતું યુનિટ સીલ : 2000 કિલો રો-મટિરિયલનો જથ્થો જપ્ત

### મનપાના ફૂડ વિભાગની કાર્યવાહી

(એજન્સી) અમદાવાદ | તા.14

શહેરના બહેરામપુરા વોર્ડમાં દાણીલીમડા- પીરાણા રોડ પર આવેલા એસ્ટેટની જગ્યામાં લાયસન્સ વિના અનહાઈજેનિક કન્ડિશનમાં અને યોગ્ય માત્રામાં પદાર્થોનો ઉપયોગ કર્યા વિના ખૂબ જ હલકી ગુણવત્તાનો ટોમેટો સોસનો જથ્થો મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે. સેન્ડવીચ અને બર્ગરમાં ઉપયોગમાં લેવામાં આવતો આ જથ્થો બટાકાના પાવડર અને યોગ્ય ગુણવત્તા વિનાના પદાર્થોનો ઉપયોગ કરીને બનાવવામાં આવતો હોવાના પગલે હાલમાં જગ્યાને સીલ કરવામાં આવી છે. કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા 2000 કિલો રો મટીરીયલ સહિતનો ટોમેટા સોસનો જથ્થો જપ્ત કરી લેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના



ફૂડ વિભાગના અધિકારી ડો. તેજસ શાહે જણાવ્યું હતું કે બહેરામપુરા વિસ્તારમાં સેન્ડવીચ અને બર્ગરમાં ટેસ્ટી સ્નેક્સ ટચઅપ તરીકે વપરાતા ટોમેટો સોસના યુનિટ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. સ્થળ ઉપર જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે તેની પાસે કોઈ લાઈસન્સ ન હતું. જે જગ્યાના નામ ઉપર લાયસન્સ લઈને વેચાણ કરવામાં આવતું હતું તેનું સરનામું ખોટું હતું. જેથી કોઈપણ લાયસન્સ વિના આ જગ્યા ઉપર ટોમેટા સોસનું ઉત્પાદન કરવામાં આવતું હતું.

સોસ બનાવવા બટાકાનો પાવડર અને એસિડિક કલર સહિતની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. વધારે પડતા પ્રમાણમાં કલરનો ઉપયોગ કરવામાં આવતો હતો. સ્થળ ઉપર જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે ખૂબ જ અનહાઈજનિક કન્ડિશન મળી આવેલી હતી. જે ટચઅપના નામે વેચાણ કરતા હતા. જથ્થાને માત્રાના જે બીલો માંગવામાં આવ્યા હતા તે પણ રજૂ કરવામાં આવ્યા નહોતા. સ્થળ પરથી ફૂડ વિભાગની ટીમને રો મટીરીયલ અને તૈયાર કરવામાં આવેલો સોસનો જથ્થો મળી આવ્યો તો. અંદાજિત 2000 કિલો જેટલો સોસ નો જથ્થો મળી આવ્યો છે. આ સોસનો જથ્થો અલગ અલગ જગ્યાએ દુકાને વેચવામાં આવતો હતો. હાલમાં યુનિટ સીલ કરી દેવાયું છે.

## સનાથલ રેલવે બ્રિજ પાસે કન્ટેનરમાં બાઈક ઘુસતા બે મિત્રના મોત થયાં...

(એજન્સી) અમદાવાદ | તા.15

સનાથલ રેલવે બ્રિજ નજીક એક કન્ટેનર ટ્રક ચાલકની બેદરકારીના કારણે સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં બે યુવાનોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમાં રોડ પર કોઈપણ પ્રકારની પાર્કિંગ લાઈટ કે રિફ્લેક્ટર વગર જોખમી રીતે પાર્ક કરવામાં આવેલા કન્ટેનર પાછળ બાઈક ધડાકાભેર અથડાતા મોત થયું હતું. આ અંગે ટ્રાફિક પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. મોરૈયાગામા રહેતા 24 વર્ષીય હર્ષદકુમાર મઢવી ગત 13 ઓક્ટોમ્બરે રાત્રે તેના 20 વર્ષીય મિત્ર શનિ બળદેવભાઈ રાવળ સાથે બાઈકની પાછળ બેસીને સનાથલથી ઉજાલા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સનાથલ રેલવે બ્રિજ ઉતરતા પોલારિસ શોરૂમ પાસે જાહેર રોડ પર એક કન્ટેનર ટ્રક સેફ્ટી, પાર્કિંગ લાઈટ કે રેડિયમ રિફ્લેક્ટર વગર અત્યંત બેદરકારીપૂર્વક પાર્ક કરવામાં આવી હતી. કોઈ નિશાની કે લાઈટ ન હોવાના કારણે તેમનું બાઈક કન્ટેનર ટ્રકની પાછળ જોરથી અથડાયું હતું. આ અકસ્માતમાં હર્ષદકુમાર અને શનિ બંનેને માથા તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકોએ બંનેને 108ને જાણ કરતા આવી હતી. જેના ડૉક્ટરે બંને યુવાનોને સ્થળ પર જ મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતક હર્ષદકુમારના નાના ભાઈ નિલેષકુમારે બેદરકારીથી ટ્રક પાર્ક કરનાર કન્ટેનર ટ્રકના ચાલક વિરુદ્ધ એસજી હાઈવે ટ્રાફિક સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## 'કોઈ લઘુમતી સમાજના હોય તો બહાર નીકળી જજો' : અમદાવાદમાં આદિત્ય ગઢવીના ગરબામાં સ્ટેજ પરથી જાહેરાત સાથે VHPના હેલ્પલાઈન નંબર જાહેર

(એજન્સી) અમદાવાદ | તા.15

નવરાત્રિમાં ખેલૈયાઓનો ઉત્સાહ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબા રમી રહ્યા છે. અમદાવાદમાં ચોથા નોરતે અલગ અલગ પાર્ટી પ્લોટ અને ગરબા સ્થળો પર ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા હતા. આદિત્ય ગઢવી, કિર્તીદાન ગઢવી, જીગર દાન ગઢવી તેમજ ઐશ્વર્યા મજમુદાર સહિતના કલાકારોના સુરે ખેલૈયાઓને મોજ પડી ગઈ હતી.



શહેરમાં ગરબા સ્થળોમાં કેટલાક લઘુમતી સમાજના લોકો આવતા હોવાના પગલે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ સ્થળ પર પહોંચી અને આવા લોકોને ગરબામાંથી બહાર કાઢતા હોય છે. ત્યારે એસપી રિંગ રોડ પર આવેલા આદિત્ય ગઢવીના રંગ મોરલા ગરબામાં બ્રેકના સમય દરમિયાન સ્ટેજ પરથી RJ આકાશ દ્વારા જાહેરાત કરાઈ હતી કે, કોઈપણ વિધર્મી ગરબામાં હોય તો તેઓ બહાર નીકળી જાય. વિશ્વ હિન્દુ પરિષદની ટીમ ત્યાં કાર્યરત છે. કોઈપણ આવા વ્યક્તિ જણાય તો તેમનો હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો હતો, જેથી તેમનો સંપર્ક કરી શકે. આદિત્ય ગઢવીના ગરબામાં લોકો મન મૂકીને નાચ્યા હતા અને આખું ગ્રાઉન્ડ ખેલૈયાઓથી ભરાઈ ગયું હતું. ચોથા નોરતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા અમદાવાદમાં અલગ-અલગ ગરબા સ્થળો પર હાજરી આપવામાં આવી હતી. એસજી હાઈવે પર ઐશ્વર્યા મજમુદારના સ્વર્ણિમ નગરી ગરબામાં હર્ષ સંઘવીએ કહ્યું કે, ગુજરાત પોલીસનો આભાર પણ માનજો. સૌ લોકો ગરબા રમી શકે અને તમારી સુરક્ષા માટે પોલીસ આખી રાત પરિવાર અને નવરાત્રિનો ત્યાગ કરે છે, જેથી સૌ લોકો પોલીસનો આભાર માનજો. આખી રાત જાગીને કિર્તીદાન ગઢવી અને જીગર દાન ગઢવીના ગરબામાં પણ તેઓ દ્વારા હાજરી આપવામાં આવી હતી. અમદાવાદના એસ.પી. રિંગ રોડ પર આવેલા મંડપમ ગરબામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ અને ગોતાના પૂર્વ કોર્પોરેટર અજય દેસાઈ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા અને આરતી કરી હતી. ગરબા આયોજક વ્રજ ઘોડાએ જણાવ્યું કે, રાત્રે 9 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી ઢોલ અને શરણાઈ પર ગરબા રમાય છે. ખુબ સુંદર ડેકોરેશન કરવામાં આવેલું છે અને ખાસ કરીને યંગ અને Gen-Z લોકો માટે ગરબાનું સ્પોટ બની ગયું છે. કોઈપણ ઓવર ક્રાઉડ થતું નથી અને પાર્કિંગ સહિતની સુવિધાના કારણે લોકો અહીંયા રમવા આવી રહ્યા છે. હર્ષ દાંડાવાલાએ જણાવ્યું હતું કે, ફોરેસ્ટ થીમ ઉપર આખું મંડપમ ઊભું કરવામાં આવ્યું છે. ગરબા સ્થળ પર પ્રવેશથી લઈ અને અલગ અલગ જગ્યા ઉપર ખૂબ જ સુંદર ડેકોરેશન સાથેનું ગરબા સ્થળ બનાવવામાં આવ્યું છે. લોકો શાંતિથી ગરબા રમી શકે અને અહીંયા જ ફૂડની મજા માણી શકે તેના માટે ફૂડ કોર્ટ પણ તૈયાર કરવામાં આવ્યું છે.

# અમદાવાદ મંડળમાં 'સ્વચ્છતા પખવાડિયું 2026' હેઠળ સર્વગ્રાહી સ્વચ્છતા અભિયાન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છતા પખવાડિયા 2026' હેઠળ રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ, ટ્રેકસાઈડ ક્ષેત્રો, કોચિંગ ડિપો, ખાનપાન એકમો અને અન્ય રેલવે પ્રતિષ્ઠાનોમાં વ્યાપક સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ રેલવે સંકુલોને સ્વચ્છ, સુંદર અને પર્યાવરણ અનુકૂળ બનાવવાનો, નક્કર કચરાના વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો તથા યાત્રીઓ અને રેલવેકર્મચારીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વિકસાવવાનો છે.1 ઓક્ટોબર થી 15 ઓક્ટોબર 2026 સુધી યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓ હેઠળ શ્રમદાન, મશીન દ્વારા સઘન સફાઈ, ટ્રેકસાઈડ કચરાનો નિકાલ, અનધિકૃત પોસ્ટર અને બેનરો હટાવવા, પાન-ગૂટકાના ડાઘ સાફ કરવા તથા નક્કર કચરા વ્યવસ્થાપનના નિયમો પ્રત્યે જાગૃતિ વધારવા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.મુખ્ય સ્ટેશનો અને રેલવે પ્રતિષ્ઠાનોમાં સઘન સફાઈ : અભિયાન હેઠળ 3 થી 5 ઓક્ટોબર 2026 સુધી મુખ્ય અને વધુ યાત્રીઓની અવરજવર વાળા સ્ટેશનો તથા રેલવે પ્રતિષ્ઠાનોમાં વિશેષ મશીન દ્વારા સઘન સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ દરમિયાન 100 થી વધુ સ્ટેશનો અને પ્રતિષ્ઠાનોમાં સફાઈ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. પ્લેટફોર્મ, ફૂટ ઓવર બ્રિજ, કોનકોર્સ, સીડીઓ, પ્રવેશ અને નિકાલના માર્ગો તથા સર્ક્યુલેટિંગ એરિયાની સફાઈની સાથે-સાથે શૌચાલયોની ડીસ્કેલિંગ, પંખા, લાઈટો અને વિદ્યુત ઉપકરણોની સફાઈ તથા ડસ્ટબિનની ધોલાઈ કરવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન 142 સ્ટેશનો પર શૌચાલયોની ડીસ્કેલિંગ, 231 શૌચાલયોની ડીસ્કેલિંગ, 830 વિદ્યુત ઉપકરણોની સફાઈ અને 800 ડસ્ટબિનની સ્ક્રબિંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત ક્ષતિગ્રસ્ત ડસ્ટબિન બદલવામાં આવ્યા અને પ્લેટફોર્મની નજીક 13.6 કિલોમીટર નાળાઓમાંથી કાંપ અને



કચરો હટાવવામાં આવ્યો હતો. ખાનપાન વ્યવસ્થાને સ્વચ્છ જાળવી રાખવા માટે 12 પેન્ટ્રી કાર, 6 બેઝ કિચન અને 77 ખાનપાન એકમોમાં સઘન સફાઈ કરવામાં આવી હતી. ટ્રેકસાઈડ ક્ષેત્રો અને રેલવે કોલોનીઓમાં સ્વચ્છતા : 6 થી 8 ઓક્ટોબર 2026 સુધી ટ્રેકસાઈડ અને યાર્ડ ક્ષેત્રોમાં જમા થયેલ કચરા, પ્લાસ્ટિક અને સ્ક્રેપને હટાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. સ્ટેશનની સીમાની અંદર 54 સ્થાનો પર સફાઈ કરવામાં આવી હતી તથા ટ્રેકસાઈડ ક્ષેત્રોમાં 60 કિલોમીટર સુધીની બીનજરૂરી વનસ્પતિ હટાવવામાં આવી હતી. આ ઉપરાંત, 16 લેવલ ક્રોસિંગ્સ, ગેટ લોજ અને કેબિનોની આસપાસથી કચરો હટાવવામાં આવ્યો હતો અને 22 ચિહ્નિત કચરા સ્થળોનું સુધારણા અને રૂપાંતરણ કરવામાં આવ્યું હતું. 9 અને 10 ઓક્ટોબર ના રોજ અનધિકૃત પોસ્ટર, બેનર, સ્ટિકરો તથા દીવાલો પર લખેલા સંદેશાઓને હટાવવા અને પાન-ગૂટકાના ડાઘ સાફ કરવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ દરમિયાન સ્ટેશનો અને રેલવે કોલોનીઓમાંથી 48 સ્થાનો પરથી અનધિકૃત પોસ્ટર, બેનર અને સ્ટિકરો હટાવવામાં આવ્યા હતા. સાથે જ 22 સ્ટેશનો પર સફેદી અને પેઈન્ટ સંબંધિત કામો કરવામાં આવ્યા હતા તથા 8 સ્થાનો પર થૂંકવા અને કચરો ફેલાવવા વિરૂદ્ધ જાગૃતિ સંદેશાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. સ્વચ્છ રેલવે સંબંધીત સંદેશાઓને પ્રોત્સાહન આપવા માટે 12 સ્થાનો પર સાઈનબોર્ડ પણ લગાવવામાં આવ્યા હતા. નક્કર કચરા વ્યવસ્થાપન અને જન-જાગૃતિ પર વિશેષ ભાર: 11 થી 15 ઓક્ટોબર 2026 સુધી નક્કર કચરા વ્યવસ્થાપન નિયમ 2026 ના અનુપાલનના સંબંધમાં જાગૃતિ અને પ્રશિક્ષણ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. આ દરમિયાન ઓન-બોર્ડ હાઉસકીપિંગ (OBHS) કર્મચારીઓ, સ્ટેશન સફાઈ કર્મચારીઓ તથા પેન્ટ્રી સ્ટાફ સહિત 90 કર્મચારીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, 20 જાગૃતિ સત્રો અને બ્રીફિંગના મારફતે સફાઈ કર્મચારીઓ, ખાનપાન કર્મચારીઓ, સ્ટેશન વિક્રેતાઓ અને કોન્ટ્રાક્ટરોને કચરાના યોગ્ય વ્યવસ્થાપન અને સ્વચ્છતા સંબંધીત નિયમોની જાણકારી આપવામાં આવી હતી.શ્રમદાન, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક સહભાગિતા : સ્વચ્છતા અભિયાનને જનભાગીદારી સાથે જોડવા માટે 1 ઓક્ટોબરના રોજ 'એક દિન, એક ઘંટા, એક સાથ' પહેલ હેઠળ 162 સ્થાનો પર શ્રમદાન કરવામાં આવ્યું હતું.

### અમદાવાદ મંડળના રાહુલ સંગમા એ વર્ધા ઈન્ટરનેશનલ ફિડે રેપિડ રેટિંગ ચેસ ટૂર્નામેન્ટ 2026 માં પ્રાપ્ત કર્યું પ્રથમ સ્થાન



અમદાવાદ મંડળના રાહુલ સંગમા એ વર્ધા ઈન્ટરનેશનલ ફિડે રેપિડ રેટિંગ ચેસ ટૂર્નામેન્ટ 2026 માં પ્રાપ્ત કર્યું પ્રથમ સ્થાન .9 માંથી 8.5 અંક પ્રાપ્ત કરીને બન્યા વિજેતા; વિશ્વ ચેસ મહાસંઘ (FIDE) દ્વારા પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ માસ્ટર (IM) ની પદવીથી સન્માનિત છે રાહુલ સંગમા.